

પેજ-08
ક્રિતી-કબીરનું બ્રેક અપ? વાઇરલ વિડિયોથી અનેક અટકળો....

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
ફિફા વર્લ્ડ કપમાં મેસી મેજિક! ફરી બનાવ્યો વર્લ્ડરેકોર્ડ....



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 39.00 | 30.00 |
| વડોદરા | 37.00 | 29.00 |
| સુરત | 32.00 | 28.00 |



પેજ 5 — હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખુલવાથી જોખમ ઘટશે છતાં પુરવઠો સામાન્ય....

29 JUNE-2026 MONDAY

યુરોપનું 35 ડિગ્રી તાપમાન ભારતના 45 ડિગ્રી કરતાં પણ વધુ આકરું... — પેજ 10



.....સુવિચાર.....
સમય જ્યારે ન્યાય કરે છે. ત્યારે સાક્ષી ની જરૂર નથી પડતી

વર્ષ-15 । અંક-226 । વિક્રમ સંવત-2082 । જેઠ સુદ - 15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## ટેકનિકલ ખામી કે અન્ય કારણ? બંને દેશોમાં સર્જાયેલી વિમાન દુર્ઘટનાઓની તપાસ તેજ

# ફ્રાન્સ અને સાઉદી અરેબિયામાં બે મોટી વિમાન દુર્ઘટના: કુલ 25 લોકોના મોત

(એજન્સી) ફ્રાન્સ I તા. 28

રવિવારે ફ્રાન્સ અને સાઉદી અરેબિયામાં બે મોટા વિમાન દુર્ઘટના સર્જાયા, જેમાં કુલ 25 થી વધુ લોકોના મોત થયા. ફ્રાન્સમાં સ્કાયડાઈવર્સ લઈ જતું એક નાગરિક વિમાન ક્રેશ થયું, જેમાં સવાર તમામ 11 લોકોના મોત થયા. દરમિયાન, સાઉદી અરેબિયાના રાસ તનુરામાં સાઉદી અરામકોનું હેલિકોપ્ટર ક્રેશ થયું, જેમાં ઓછામાં ઓછા 14 લોકોના મોત થયા. બંને ઘટનાઓની તપાસ ચાલુ છે.રવિવારે ફ્રાન્સ અને સાઉદી અરેબિયામાં બે મોટા વિમાન દુર્ઘટના સર્જાયા, જેમાં આશરે 25 લોકોના મોત થયા. રોઈટર્સના જણાવ્યા અનુસાર, રવિવારે સ્થાનિક સમય મુજબ સવારે 11 વાગ્યે નેન્સી નજીક ફ્રાન્સના ટોમ્બલેનમાં સ્કાયડાઈવર્સ લઈ જતું એક નાગરિક વિમાન ક્રેશ થયું, જેમાં સવાર તમામ 11 લોકોના મોત થયા. સાઉદી અરેબિયાના રાસ તનુરામાં હેલિકોપ્ટર દુર્ઘટના સર્જાઈ, જેમાં સવાર તમામ 14 લોકોના મોત થયા. રોઈટર્સના જણાવ્યા અનુસાર, વિમાન સ્થાનિક સમય મુજબ સવારે 11 વાગ્યે નેન્સી નજીક ફ્રેન્ચ શહેર ટોમ્બ્લેનમાં સ્કાયડાઈવર્સ નજીક ક્રેશ થયું, જેમાં સવાર તમામ 11 લોકોના મોત થયા. મૃતકોમાં પાઈલટ અને 10 મુસાફરોનો સમાવેશ થાય છે, જેમાં પાંચ વિદ્યાર્થી સ્કાયડાઈવર અને પાંચ પ્રશિક્ષકોનો સમાવેશ થાય છે. અધિકારીઓએ પ્રતિભાવ કામગીરી શરૂ કરી, અને કટોકટી સેવાઓ ક્રેશ સ્થળ પર પહોંચી. ફ્રેન્ચ દૈનિક લેસ્ટ રિપબ્લિકેનએ અગાઉ અહેવાલ આપ્યો હતો કે ક્રેશ સમયે વિમાનમાં સ્કાયડાઈવરનું એક જૂથ સવાર હતું.



### ફ્રેન્ચ અખબાર લેસ્ટ રિપબ્લિકેનનો અહેવાલ

ફ્રેન્ચ અખબાર લેસ્ટ રિપબ્લિકેનએ અહેવાલ આપ્યો હતો કે જ્યારે વિમાન ક્રેશ થયું ત્યારે સ્કાયડાઈવરનું એક જૂથ સવાર હતું. અહેવાલમાં જણાવાયું છે કે અગ્નિશામકો, પોલીસ અને તબીબી ટીમો સહિત મોટી સંખ્યામાં કટોકટી સેવાઓને ક્રેશ સ્થળ પર તૈનાત કરવામાં આવી હતી. અધિકારીઓએ હજુ સુધી સત્તાવાર રીતે વિમાનમાં સવાર લોકોની ઓળખની પુષ્ટિ કરી નથી.પોલીસે લોકોને એરપોર્ટની આસપાસના રસ્તાઓ ટાળવા વિનંતી કરી હતી જેથી કટોકટી વાહનો સ્થળ પર પહોંચી શકે. અધિકારીઓએ ક્રેશ પછી તરત જ વિસ્ફોટ થવાની ચેતવણી પણ આપી હતી, જોકે વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી. ક્રેશની પરિસ્થિતિઓ હજુ તપાસ હેઠળ છે. અધિકારીઓએ હજુ સુધી જણાવ્યું નથી કે વિમાન ક્રેશ થવાનું કારણ શું હતું અથવા હવામાન કે ટેકનિકલ સમસ્યાઓએ ભૂમિકા ભજવી હશે કે નહીં. આ ક્રેશ તાજેતરના વર્ષોમાં ફ્રાન્સમાં થયેલા સૌથી ભયંકર નાગરિક ઉડ્ડયન અકસ્માતોમાંનો એક છે.

**ફ્રાન્સમાં વિમાન દુર્ઘટનામાં 11 લોકોના મોત** પ્રાદેશિક પ્રસારણકર્તા ફ્રાન્સ 3 ગ્રાન્ડ એસ્ટે અગાઉ ક્રેશ પછી વિમાનમાં વિસ્ફોટ થવાના ઉચ્ચ જોખમની ચેતવણી આપી હતી. પોલીસે સાલ્વાડોર એલેન્ડે સ્ટ્રીટની આસપાસના વિસ્તારને ઘેરી લીધો હતો અને લોકોને દૂર રહેવા વિનંતી કરી હતી જેથી કટોકટી પ્રતિસાદકર્તાઓ અને તપાસકર્તાઓ મુક્તપણે ફરવા માટે સક્ષમ બને.

### સાઉદી અરેબિયામાં હેલિકોપ્ટર ક્રેશમાં 14 લોકોના મોત

સાઉદી અરેબિયાના રાસ તનુરા શહેરમાં સાઉદી અરામકો હેલિકોપ્ટર ક્રેશ થતાં ઓછામાં ઓછા 14 લોકો માર્યા ગયા હતા. સાઉદી પ્રેસ એજન્સી અનુસાર, સત્તાવાર સૂત્રોને ટાંકીને, ક્રેશમાં માર્યા ગયેલા બધા સાઉદી નાગરિકો હતા. સાઉદી પ્રેસ એજન્સી અનુસાર, રાસ તનુરામાં હેલિકોપ્ટર ક્રેશ થવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, અને તપાસ ચાલી રહી છે. એક નિવેદનમાં, સાઉદી અરેબિયાના ઉર્જા મંત્રાલયે જણાવ્યું હતું કે સંબંધિત અધિકારીઓએ ક્રેશનું કારણ નક્કી કરવા માટે તપાસ શરૂ કરી છે.

# વડાપ્રધાન મોદીને સેશેલ્સનું સર્વોચ્ચ સન્માન

## 'ગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઇઝન' એવોર્ડથી નવાજાયા, વૈશ્વિક સન્માનોની શ્રેણીમાં એક નવું નામ

(એજન્સી) સેશેલ્સ I તા. 28

સેશેલ્સે પર્યાવરણીય સંરક્ષણમાં તેમના નેતૃત્વ માટે પ્રધાનમંત્રી મોદીને 'ગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઈઝન' એવોર્ડ એનાયત કર્યો છે. આ તેમના 'ગ્રીન વિઝન' અને ટકાઉ વિકાસ તરફના પ્રયાસોની વૈશ્વિક માન્યતા છે. પીએમ મોદીએ કહ્યું કે આ સન્માન મેળવવું તેમના અને ભારતના 1.4 અબજ લોકો માટે ખૂબ ગર્વ અને આનંદની વાત છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પર્યાવરણીય સંરક્ષણ અને ટકાઉ વિકાસમાં તેમના નેતૃત્વ માટે સેશેલ્સનું સર્વોચ્ચ સન્માન 'ગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઈઝન' એનાયત કરવામાં આવ્યું છે. આ સન્માન પીએમ મોદીના ટકાઉ વિકાસ અને તેમના 'ગ્રીન વિઝન' તરફના લાંબા સમયથી ચાલતા પ્રયાસોને માન્યતા આપે છે. આ સન્માન પીએમ મોદીના આબોહવા પરિવર્તન, ટકાઉ વિકાસ અને લીલા વિકાસને પહોંચી વળવા માટેના કાર્યને માન્યતા આપતા વૈશ્વિક સન્માનોની શ્રેણીમાં બીજું એક છે.



▪ ભારત-સેશેલ્સ સંબંધોની 50મી વર્ષગાંઠ: મિત્રતા, વિશ્વાસ અને સહયોગની ઉજવણી

### "ભારતના 1.4 અબજ લોકો માટે એક મહાન ગર્વ"

સેશેલ્સના રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિની સાથે એક પ્રેસ નિવેદન દરમિયાન, પીએમ મોદીએ કહ્યું, 'મારા અને ભારતના 1.4 અબજ લોકો માટે 'ગાર્ડિયન ઓફ ધ બ્લુ હોરાઈઝન'નું સન્માન મેળવવું ખૂબ જ ગર્વ અને આનંદની વાત છે. હું આ સન્માનને નમ્રતાપૂર્વક સ્વીકારું છું અને તેને આબોહવા પરિવર્તનના પડકારનો સામનો કરી રહેલા તમામ દેશોને સમર્પિત કરું છું. પીએમ મોદીએ કહ્યું કે પર્યાવરણીય સંરક્ષણ એ ભવિષ્યની પેઢીઓ પ્રત્યેની આપણી જવાબદારી છે.'પીએમ મોદીએ કહ્યું કે મારી મુલાકાત એક ઐતિહાસિક સમયે આવી રહી છે, કારણ કે સેશેલ્સ તેની સ્વતંત્રતાના 50 વર્ષની ઉજવણી કરી રહ્યું છે. અમે ભારત અને સેશેલ્સ વચ્ચે રાજદ્વારી સંબંધોની 50મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છીએ.

## રિયાસી જિલ્લાના તારાકોટ નજીક CISF જવાનોની બસ ખીણમાં ખાબકી

### 9 ઘાયલ, 3ની હાલત ગંભીર

(એજન્સી) જમ્મુ અને કાશ્મીર I તા. 28

જમ્મુ અને કાશ્મીરના કટરામાં CISF બસ અકસ્માતમાં આઠ સૈનિકો અને એક ડ્રાઈવર સહિત નવ લોકો ઘાયલ થયા છે. રિયાસી જિલ્લાના તારાકોટ નજીક બસે કાબૂ ગુમાતા તે ખીણમાં ખાબકી હતી. ઘાયલોને પ્રાથમિક સારવાર બાદ GMC જમ્મુ રિફર કરવામાં આવ્યા હતા. જ્યારે ત્રણ ગંભીર રીતે ઘાયલ સૈનિકોને નારાયણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ત્રણ સૈનિકોની હાલત ગંભીર હોવાથી તેમને વિશેષ સારવાર માટે જમ્મુ રિફર કરવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર બપોરે આ અકસ્માત ત્યારે થયો જ્યારે CISF બસ, નોંધણી નંબર JK08D-5992, સુરક્ષા કર્મચારીઓને તેના ગંતવ્ય સ્થાન પર લઈ જઈ રહી હતી. તારાકોટ નજીક ડ્રાઈવરે અચાનક વાહન પરનો કાબુ ગુમાવ્યો, જેના કારણે બસ રસ્તા પરથી લપસી ગઈ. અકસ્માતને કારણે ઘટનાસ્થળે અફડાતફડી મચી હતી.

## ઈરાનને ટ્રમ્પની સીધી ચેતવણી

# 'હુમલા બંધ નહીં કરો તો અસ્તિત્વ ખતમ થઈ જશે'

(એજન્સી) અમેરિકા I તા. 28

અમેરિકાએ સતત બીજા દિવસે ઈરાની લશ્કરી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા. આ પછી, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ઈરાન યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખશે, તો તેનું અસ્તિત્વ ખતમ થઈ શકે છે. જે.ડી. વાન્સે એમ પણ કહ્યું છે કે હિંસાનો સામનો હિંસાથી કરવામાં આવશે. અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર તણાવ વધ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને કડક ચેતવણી આપતા કહ્યું છે કે જો ઈરાન યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખશે અને અમેરિકાને લશ્કરી કાર્યવાહી શરૂ કરવાની ફરજ પાડવામાં આવશે, તો ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનનું અસ્તિત્વ ખતમ થઈ જશે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકાએ સતત બીજા દિવસે અનેક ઈરાની લશ્કરી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા છે. ઈરાને બહેરીન અને કુવૈત પર હુમલો કરીને બદલો લીધો છે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રુથ સોશિયલ પર જણાવ્યું હતું કે



યુએસ ફાઈટર જેટ્સે ઈરાની મિસાઈલ અને ડ્રોન સ્થાપનો અને દરિયાકાંઠાના રડાર સિસ્ટમોને નિશાન બનાવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે ઈરાને ફરી એકવાર યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કર્યું છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકા અત્યાર સુધી સંયમ રાખી રહ્યું છે, પરંતુ જો ઈરાન તેના હુમલા બંધ નહીં કરે, તો અમેરિકા તેના લશ્કરી અભિયાનને સંપૂર્ણપણે સમાપ્ત કરશે અને ગંભીર પરિણામોનો સામનો કરશે. યુએસ લશ્કરના સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિના આદેશ પર કાર્યવાહી કરવામાં આવી હતી.




# ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં યોજનાર જનસભા મુદ્દે ડેડીયાપાડામાં યોજાઇ બેઠક

## 2 જુલાઈના રોજ દેડીયાપાડાના પીઠા ગ્રાઉન્ડ ખાતે સવારે 11 કલાકે "સામાજિક જનસમર્થન સભા" યોજાશે

અમદાવાદ : ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આજે ડેડીયાપાડાના એપીએમસી માર્કેટમાં (હાટ બજાર) ખાતે આદિવાસી સમાજના સંગઠનોના પ્રતિનિધિઓ, સમાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા દરેક સમાજના પ્રતિનિધિઓની એક મીટીંગ યોજાઇ હતી. આ મિટિંગમાં જાહેરાત કરવામાં આવી હતી કે આગામી 2 જુલાઈના રોજ ડેડીયાપાડાના પીઠા ગ્રાઉન્ડ ખાતે સવારે 11 કલાકે ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આદિવાસી સમાજ નર્મદા દ્વારા "સામાજિક જનસમર્થન સભા" આયોજન કરવામાં આવશે. આ "સામાજિક જનસમર્થન સભા"માં અંબાજીથી ઉમરગામ અને ગુજરાત સહિત રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના આદિવાસી સમાજના સામાજિક આગેવાનો, ધારાસભ્યો, સાંસદો સહિત તમામ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં પોતાના કાર્યકર્તાઓ અને લોકોને સાથે રાખીને ઉપસ્થિત રહેશે. તારીખ 2 જુલાઈના રોજ શાંતિપૂર્ણ રીતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે અને ધારાસભ્ય ચૈતર વસાવા સહિત તમામ નવ લોકોને ન્યાય મળે એ માટે અવાજ ઉલંદ કરવામાં આવશે.આ મિટિંગમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મપત્ની વર્ષાબેન વસાવાએ જણાવ્યું હતું કે બે દિવસ પહેલા જ્યારે અમે સાહેબ સાથે મુલાકાત કરવા



ગયા હતા, તેમણે અમને કહ્યું હતું કે "સામાજિક રીતે તમે જે પ્રોગ્રામ કરી રહ્યા છો એમાં આપણા મોટા નેતાઓ જેઓ આપણને સાથ સહકાર આપી રહ્યા છે એવા તમામ લોકોને આમંત્રણ આપશો." ત્યારબાદ વર્ષાબેન વસાવાએ ભીની આંખ સાથે ભાવુક થઈને કહ્યું કે, "અમે ત્યાં જોયું અને સૌથી દુઃખદ બાબત એ છે કે જે 17-18 દિવસનું બાળક હતું, એ આખી રાત જેલમાં રડી રહ્યું છે. વારંવાર પરિવારને આ રીતે પરેશાન કરવામાં આવે છે એટલે ઘણી વખત મારું પણ મનોબળ તૂટી જાય છે. હાલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં લોકોને લઈને કાર્યક્રમમાં પધારશે એવી હું આશા રાખું છું. મારું મનોબળ મજબૂત કરવા માટે મને તમારા તમામનો સાથ સહકાર જોઈએ છે."વધુમાં વર્ષાબેન વસાવાએ જણાવ્યું હતું કે, તમામ સંગઠનોના તથા સામાજિક કાર્યકરોને ખાસ અપીલ કરવા માગું છું કે ધારાસભ્ય સાહેબ નથી તો અમારે નથી જવું એમ ન વિચારતા, આપ તમામ લોકોએ ધારાસભ્યની જરૂરિયાતને પૂરી કરવાની છે, હું બાળકો માટે હોસ્ટેલમાં પણ જાઉં છું, જેલમાં પણ જાઉં છું અને દરેક જગ્યાએ મારી દોડધામ વધી ગઈ છે, માટે હવે તમામ કાર્યકર્તાઓની અપીલ છે કે જ્યાં પણ જરૂરિયાત પડે ત્યાં તમે પોતે જાઓ. આપણે શાંતિપૂર્વક કાર્યક્રમ કરવાનો છે આપણે કોઈની સાથે લડાઈ ઝઘડો કરવાનો નથી. શાંતિપૂર્ણ રીતે કાર્યક્રમ કરીને આપણા તમામ લોકોને ન્યાય મળે એ આપણું લક્ષ છે અને જે બાળક છે, એને જેલમાંથી બહાર લાવવાનું છે. નાનું બાળક નિર્દોષ છે પરંતુ ખોટી રીતે કેસ કરીને જેમાં મોકલવામાં આવ્યા છે તો એનો તો આપણે જડબાતોડ જવાબ આપીશું. આપ તમામ લોકો મારા અને મારા પરિવારને તમે સાથ સહકાર આપશો એવી આશા રાખું છું.

## ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આદિવાસી સમાજ નર્મદા દ્વારા "સામાજિક જનસમર્થન સભા"નું એલાન

અમદાવાદ : ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આજે ડેડીયાપાડા ખાતે આદિવાસી સમાજના સંગઠનોના પ્રતિનિધિઓ, સમાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા દરેક સમાજના પ્રતિનિધિઓની એક મીટીંગ યોજાઇ હતી. આ મિટિંગમાં જાહેરાત કરવામાં આવી હતી કે આગામી 2 જુલાઈના રોજ ડેડીયાપાડાના પીઠા ગ્રાઉન્ડ ખાતે સવારે 11 કલાકે ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આદિવાસી સમાજ નર્મદા દ્વારા "સામાજિક જનસમર્થન સભા" આયોજન કરવામાં આવશે. આ "સામાજિક જનસમર્થન સભા"માં અંબાજીથી ઉમરગામ અને ગુજરાત સહિત રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના આદિવાસી સમાજના સામાજિક આગેવાનો, ધારાસભ્યો, સાંસદો સહિત તમામ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં પોતાના કાર્યકર્તાઓ અને લોકોને સાથે રાખીને ઉપસ્થિત રહેશે. તારીખ 2 જુલાઈના રોજ શાંતિપૂર્ણ રીતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે અને ધારાસભ્ય ચૈતર વસાવા સહિત તમામ નવ લોકોને ન્યાય મળે એ માટે અવાજ ઉલંદ કરવામાં આવશે.આ મીટીંગ બાદ આદિવાસી સમાજના યુવા નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોથી રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાંથી અનેક લોકોના સતત ફોન આવી રહ્યા છે કે નર્મદા જિલ્લામાં ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં ક્યારે અને શું આયોજન થઈ રહ્યું છે? હું તમામ જનતા, સામાજિક આગેવાનો, રાજકીય નેતાઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને જણાવવા માંગું છું કે, આગામી તારીખ 02 જુલાઈ 2026, ગુરુવારના રોજ સવારે 11:00 વાગ્યે, ડેડિયાપાડાના પીઠા ગ્રાઉન્ડ ખાતે એક વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આપ સૌને પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે. ચૈતરભાઈ વસાવા પર જે ખોટા કેસો અને ખોટી એફ.આઈ.આર. (FIR) કરવામાં આવી છે, તેમજ કોર્ટના ચુકાદા બાદ પ્રશાસન દ્વારા જે પ્રકારનું વલણ અપનાવવામાં આવ્યું છે, તેનાથી આજે સમગ્ર આદિવાસી સમાજ અને સર્વ સમાજમાં ભારે રોષ છે. આ અન્યાય સામે લડવા માટે લોકો આપમેળે ચૈતરભાઈના સમર્થનમાં આગળ આવી રહ્યા છે. તેથી જ, તમામ સામાજિક આગેવાનો વતી હું આપ સૌને નમ્ર અપીલ કરું છું કે આગામી ગુરુવારે, બીજી તારીખે સવારે 11:00 વાગ્યે ડેડિયાપાડા ખાતે ખૂબ મોટી સંખ્યામાં પધારીને આ લડતને મજબૂત બનાવો.

## ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં તમામ વિધાનસભાઓમાં યોજાઈ "સપોર્ટ માર્ચ"

અમદાવાદ : આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતર વસાવા સામે ષડયંત્રના ભાગરૂપે એક કેસ કરવામાં આવ્યો અને તેમાં ધારાસભ્ય ચૈતર વસાવા સહિત કુલ નવ લોકોને સાત વર્ષની સજા સંભળાવવામાં આવી. જેથી આમ આદમી પાર્ટીએ આજે આ સજાના વિરોધમાં અને ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં ગુજરાતની તમામ વિધાનસભાઓમાં "સપોર્ટ માર્ચ" પદયાત્રાનું આયોજન કર્યું હતું. આ અગાઉ આમ આદમી પાર્ટીએ ગુજરાતના તમામ જિલ્લાઓમાં સપોર્ટ માર્ચનું આયોજન કર્યું હતું અને આજે બીજા તબક્કામાં સપોર્ટ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ વિધાનસભાઓમાં આમ આદમી પાર્ટીના પ્રદેશના પદાધિકારીઓ સ્થાનિક હોદ્દેદારો સહિત ખૂબ જ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં પદયાત્રા યોજી હતી અને નારા લગાવ્યા હતા.ઉલ્લેખનીય છે કે, આદિવાસી સમાજ માટે લડત લડનારા, જળ, જંગલ જમીનની રક્ષા કરવા માટે લડત લડનારા તથા ગુજરાતના યુવાનો માટે અવાજ ઉઠાવનાર આદિવાસી સમાજના લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવાને ષડયંત્રના ભાગરૂપે કાયદાનો દુરુપયોગ કરીને જેલમાં મોકલવામાં આવ્યા છે. ભાજપ સરકારે તંત્રનો દુરુપયોગ કરીને વારંવાર ધારાસભ્ય ચૈતર વસાવા પર કેસ કરી ચૂકી છે અને ચૈતર વસાવાને અનેક વાર જેલમાં મોકલવામાં આવ્યા છે. કારણ કે ચૈતર વસાવા સડકથી લઈને વિધાનસભા સુધી આદિવાસી સમાજ સહિત સમગ્ર ગુજરાતના લોકો માટે અવાજ ઉઠાવે છે અને ભાજપનો અસલી ચહેરો લોકો સમક્ષ લાવે છે. ગુજરાતમાં ભાજપના અનેક નેતાઓ પર વર્ષોથી કેસો ચાલી રહ્યા છે પરંતુ તેમને સજા કરવામાં આવતી નથી, ભૂમાફિયાઓ, ભ્રષ્ટાચારીઓ, ખરાબ રોડ - બ્રિજ બનાવનારા કોન્ટ્રાક્ટરો, દારૂ-ડ્રગ્સ વેચનારા માફિયાઓ સહિત અનેક લોકો ખોટા કામ કરીને પણ આજે ખુલ્લેઆમ ફરી રહ્યા છે, જ્યારે જનતાનો અવાજ ઉઠાવનાર ચૈતર વસાવાને જેલમાં મોકલવામાં આવ્યા છે, તો ધારાસભ્ય ચૈતર વસાવાને ન્યાય ન મળે ત્યાં સુધી આમ આદમી પાર્ટી પોતાની લડત ચાલુ રાખશે.

# વટવા GIDCમાં કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ

## કાચું ઓઈલ-કેમિકલ હોવાથી વધારે પ્રસરી, ફાયર વિભાગે 22 ગાડીઓ દોડાવી 4 કલાકે કાબૂમાં લીધી

(એજન્સી) અમદાવાદ | તા.28

અમદાવાદ શહેરના વટવા જીઆઈડીસી વિસ્તારમાં ફેઝ 2માં મોડી રાતે કેમિકલની ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત 22 ગાડીઓ સ્થળ પર પહોંચી હતી અને પાણી તેમજ ફોમનો મારો ચલાવી આગને ચાર કલાકે કાબૂમાં લીધી હતી. ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી, કાચું ઓઈલ અને અન્ય કેમિકલ હોવાના કારણે આગ વધારે પ્રસરી ગઈ હતી. આખી ફેક્ટરી આગમાં સપડાઈ હતી. જોકે ફાયરની ટીમે સમગ્ર આગને કાબૂમાં લઈ લીધી હતી.

ફાયરબ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ શહેરના વટવા જીઆઈડીસી વિસ્તારમાં ફેઝ 2માં અર્પણ એરોનોટિકલ કેમિકલ નામની કંપનીમાં આગ લાગી હોવા અંગેનો રાત્રે 1:30



વાગ્યાની આસપાસ મેસેજ મળ્યો હતો. જેના પગલે ફાયરબ્રિગેડની ગાડીઓ સ્થળ ઉપર દોડાવવામાં આવી હતી. કેમિકલ અને કાચું ઓઈલ હોવાને લઈ આગ ખૂબ જ વધારે પ્રસરી ગઈ હતી. આખી ફેક્ટરી આગની ઝપેટમાં આવી હતી જેથી ફાયરબ્રિગેડ દ્વારા વધારે ગાડીઓ બોલાવવામાં આવી હતી. ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે સહિતના ફાયરના અધિકારીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા.

રાત્રે 1:30 વાગ્યે લાગેલી આગને કાબૂમાં લેતા ફાયરબ્રિગેડના અધિકારીઓને કર્મચારીઓને સવારે સાડા પાંચ વાગ્યા હતા અને ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે કાબુમાં લઈ લેવામાં આવી હતી. કોઈપણ પ્રકારની જાનહાનિ આ ઘટનામાં થઈ નથી. જીઆઈડીસીમાં લાગેલી આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી ગઈ છે. જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ હજી જાણવા મળ્યું નથી.

ઉલ્લેખનીય છે કે હવે જીઆઈડીસી વિસ્તારમાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે. નરોડા જીઆઈડીસી બાદ ઓઢવ જીઆઈડીસી અને હવે વટવા જીઆઈડીસીમાં પણ આગ લાગવાના બનાવો વધી રહ્યા છે ત્યારે જીઆઈડીસી વિસ્તારમાં ફાયર સેફ્ટીને લઈને અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. ફાયર સેફ્ટીના નિયમોનું પાલન થઈ રહ્યું છે કે કેમ તે અંગે કોઈ પણ ચકાસણી કરવામાં આવતી નથી. જીઆઈડીસી વિસ્તાર હોવાથી ફાયર બ્રિગેડ ત્યાં તપાસ કરી શકતી નથી, પરંતુ ફેક્ટરી ઈન્સ્પેક્ટરો અને જીઆઈડીસીના હોદ્દેદારો આ બાબતે ગંભીર ન હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

# કોસ્ટ ગાર્ડે રાઈફલથી પોતાની જાત પર ગોળી ચલાવી

## સ્થિતિ નાજુક હોવાથી જવાન કે.ડી હોસ્પિટલ રીફર, પત્ની બેભાન હાલતમાં

(એજન્સી) ગાંધીનગર | તા.28

ગાંધીનગરના સેક્ટર-1માં આવેલા ગાયત્રી મંદિર પાસે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ ઓફિસર્સ મેસમાં રવિવારે(28 જૂન) સવારે 43 વર્ષીય કોસ્ટ ગાર્ડે અગમ્ય કારણોસર રાઈફલ વડે પોતાને ગોળી મારી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. ગોળીબારનો અવાજ સાંભળીને આસપાસના સ્ટાફ અને સુરક્ષાકર્મીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. લોહીલુહાણ હાલતમાં જવાનને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે તેમને અમદાવાદની કે.ડી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર આત્મહત્યાનો પ્રયાસ કરનાર જવાનની ઓળખ 43 વર્ષીય હસમુખભાઈ ચતુરભાઈ પ્રજાપતિ તરીકે થઈ છે, જેઓ ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા ગામના વતની છે. હસમુખભાઈ સેક્ટર-1 ગાયત્રી મંદિર પાસે આવેલી કોસ્ટ ગાર્ડની ઓફિસ ખાતે સુરક્ષા વ્યવસ્થામાં તહેનાત હતા. રવિવારે સવારે તેઓ પોતાની ફરજ પર હાજર હતા, તે દરમિયાન આ ઘટના ઘટી છે. તેમનું પોસ્ટિંગ લેકાવાડા કોસ્ટ ગાર્ડ ખાતે હતું અને મેસમાં નાસ્તો કરવા આવ્યા હતા.

# નોબલ યુનિવર્સિટીના વિદ્યાર્થી રાજદીપસિંહ ગોહિલે CA_ ઈન્ટરમીડિયેટમાં ઓલ ઈન્ડિયા 22મો રેન્ક મેળવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

નોબલ યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ અંતર્ગત CA with B.Com. સેમેસ્ટર-5માં અભ્યાસ કરતા વિદ્યાર્થી રાજદીપસિંહ નરેન્દ્રસિંહ ગોહિલે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા મે-2026માં યોજાયેલી CA Intermediate Examinationમાં ઉત્કૃષ્ટ સફળતા મેળવી સમગ્ર દેશમાં ઓલ ઈન્ડિયા 22મો રેન્ક (AIR-22) પ્રાપ્ત કરીને નોબલ યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. રાજદીપસિંહે પરીક્ષામાં 600માંથી 466 ગુણ મેળવી 'Successful with Distinction' પરિણામ પ્રાપ્ત કર્યું છે. સમગ્ર દેશની મેરિટ યાદીમાં 22મો ક્રમ મેળવવો તેમની સતત મહેનત, શિસ્ત, સમર્પણ અને યોગ્ય આયોજનનું પરિણામ છે.હાલમાં રાજદીપસિંહ નોબલ યુનિવર્સિટીના CA with B .COM સેમેસ્ટર-5માં અભ્યાસ કરી રહ્યા છે. CA Foundation સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ તેમણે નિયમિત કોલેજના અભ્યાસની સાથે CA Intermediateની તૈયારી કરી હતી. કોલેજના અભ્યાસ અને CAની તૈયારી વચ્ચે સંતુલન જાળવી, સમયનું યોગ્ય આયોજન અને સતત પરિશ્રમના બળે તેમણે આ ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.રાજદીપસિંહ મધ્યમવર્ગીય પરિવારમાંથી આવે છે. તેમના પિતા શ્રી નરેન્દ્રસિંહ ગોહિલ છેલ્લા 14 વર્ષથી KBC Classesમાં ફરજ



બજાવી રહ્યા છે, જ્યારે તેમના માતા શ્રીમતી સોનલબેન ગોહિલ ગૃહિણી હોવાની સાથે સીવણકામ સહિતના ઘરઆધારિત કાર્યમાં પણ સક્રિય છે. સામાન્ય પારિવારિક પરિસ્થિતિ છતાં માતા-પિતાના સતત પ્રોત્સાહન, સારા સંસ્કાર અને પોતાના દૃઢ સંકલ્પના આધારે રાજદીપે આ રાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે.પોતાની સફળતા અંગે રાજદીપસિંહે જણાવ્યું હતું કે, બી.કોમ.ના અભ્યાસની સાથે CAની તૈયારી કરવી પડકારજનક હતી, પરંતુ યોગ્ય આયોજન, નિયમિત અભ્યાસ તેમજ પરિવાર અને શિક્ષકોના સતત માર્ગદર્શનને કારણે તેઓ આ સફળતા પ્રાપ્ત કરી શક્યા. તેમણે પોતાની આ સિદ્ધિનો શ્રેય માતા-પિતા, શિક્ષકો અને નોબલ યુનિવર્સિટીને આપ્યો હતો. ભવિષ્યમાં CA Final પરીક્ષામાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને ઓલ ઈન્ડિયા રેન્ક પ્રાપ્ત કરવાનો તેમનો સંકલ્પ છે. સફળ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે વ્યાવસાયિક ક્ષેત્રમાં આગવી ઓળખ ઉભી કરી સમાજ અને દેશના વિકાસમાં યોગદાન આપવાની તેમની અભિલાષા છે. આ સિદ્ધિ બદલ નોબલ યુનિવર્સિટીનાં પ્રમુખ શ્રી ડૉ. નિલેશભાઈ ધૂલેશિયા, ઉપપ્રમુખ શ્રી ગિરીશભાઈ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી વી.પી. ત્રિવેદી, સંસ્થાના કો-મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કે.ડી. પંડ્યા તેમજ સંસ્થાના કુલપતિ ડૉ. એચ.એન. ખેર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે તેમ સંસ્થાના રજિસ્ટ્રાર અને ડીન ડૉ. જય તલાટી દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગર હાઈવે પર અકસ્માત પછીનો રૂંવાડા ઊભા કરતો

(એજન્સી) ગાંધીનગર | તા.28

ગાંધીનગરના એસ.જી. હાઈવે પર સરગાસણ બ્રિજની શરૂઆતમાં સ્વાગત મોલની બિલકુલ સામે ગુરુવારે મધરાતે ટ્રીપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં એક પછી એક ચાર કાર એકબીજાને ટકરાઈ જતાં ક્રેટા ગાડી આગમાં ભસ્મીભૂત થઈ ગઈ હતી. આ ભયાનક અકસ્માત બાદ કાર સળગતી રહી અને નબીરો અંદર મોબાઈલ શોધતો રહ્યો હોવાનો રૂંવાડા ઊભા કરતો લાઈવ વીડિયો પણ સામે આવ્યો છે. જ્યારે આ ચાર વાહનો પૈકી મહિન્દ્રા EV કારમાં બીજું કોઈ નહીં પણ મહેસાણા ભાજપના કોર્પોરેટર ધીરજકુમાર કરમચંદાણી ઉર્ફે રાકુભાઈના ભત્રીજા ભત્રીજી હોવાનો સેક્ટર 7 પોલીસની તપાસમાં ખુલાસો થયો છે.

ગાંધીનગરના માર્ગો પર મોડી રાત્રે નશાના જોરે બેફામ ઝડપે દોડતા નબીરાઓ નિર્દોષ નાગરિકો માટે કાળ સાબિત થઈ રહ્યા છે. ગુરુવારે મધરાતે અમદાવાદ તરફથી પૂરપાટ ઝડપે ધસી આવતી એક લક્ઝુરિયસ હ્યુન્ડાઈ ક્રેટા કારના ચાલકે સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવતા આગળ જઈ રહેલી મહિન્દ્રા EV કારને પાછળથી એટલી પ્રચંડ ટક્કર મારી હતી કે, તે આગળ જતી ઈનોવા કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં એકસાથે ચાર લક્ઝુરિયસ કારોનો કુરચો બોલી ગયો હતો.

આ ભયાનક અકસ્માત પછીનો એક અત્યંત ચોંકાવનારો વીડિયો પણ હવે સામે આવ્યો છે. ક્રેટા કારમાં અમદાવાદના ત્રણ નબીરાઓ સવાર હતા.જેઓ નશાની હાલતમાં ધૂમ સ્ટાઈલમાં ગાડી ચલાવી રહ્યા હોવાની બુમરાણ છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ટક્કર એટલી ભયાનક હતી કે અકસ્માત થતાંની સાથે જ હ્યુન્ડાઈ ક્રેટા કારમાં આગ ફાટી નીકળી હતી.

## SMCમાંથી ગ્રાન્ટેડ શાળાઓને મુક્તિ આપવા શાળા સંચાલક મહામંડળની માંગ

# શાળાઓમાં ફરજિયાત સ્કૂલ મેનેજમેન્ટ કમિટી બનાવવાની ગાઈડલાઈન

(એજન્સી) અમદાવાદ | તા.28

દેશભરની શાળાઓમાં હવે મેનેજમેન્ટ કમિટી ફરજિયાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ સરકારી ખાનગી શાળાઓમાં કમિટી બનાવવામાં આવશે. આ કમિટીમાં શાળાના વાલીઓ અને શિક્ષકો સહિતના લોકોને સામેલ કરવામાં આવશે. શાળાના સુચારુ આયોજન માટે સ્કૂલ મેનેજમેન્ટ કમિટી પણ બનાવવામાં આવશે.

પરંતુ રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટેડ શાળાઓમાં પણ આ પ્રકારની કમિટી બનાવવાની ગાઈડલાઈન કરવામાં આવતા રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો છે. ગ્રાન્ટેડ શાળાઓમાં નિયમ મુજબ ટ્રસ્ટીઓ અને સભ્યો હોય ત્યારે કમિટી બનાવીને દ્વિમુખી રાજ્ય પધ્ધતિ કોઈ સંજોગોમાં ચાલી શકે નહીં. જેથી ગ્રાન્ટેડ શાળાઓને મુક્તિ આપવા માટે માંગ કરી છે.

કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ શાળાઓમાં વાલીઓ, શિક્ષકો સહિતના લોકોની એક કમિટી બનાવવા સૂચના આપવામાં આવી છે. જેમાં 100 વિદ્યાર્થી ધરાવતી શાળામાં 12થી 15 સભ્ય તો 500 વિદ્યાર્થીઓ સુધીમાં 15થી 20 સભ્યો રાખવામાં આવશે. 500થી વધુ વિદ્યાર્થી ધરાવતી શાળામાં 20થી 25 સભ્યો હશે. આ કમિટીમાં 70 ટકા વાલીઓ હશે તો 50 ટકા મહિલાઓ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે.

કમિટીના હેડ વાલીઓ દ્વારા નિમણૂક કરેલી હોવાનું પણ કહેવામાં આવ્યું છે. અગાઉ ધોરણ 1થી 8 અને 9થી 12માં અલગ અલગ કમિટી હતી. સરકારની ગાઈડ લાઈન મુજબ હવે ધોરણ 1થી 12માં કોમન એક જ કમિટી હશે.

આ કમિટી બનાવવાનો ઉદ્દેશ એ છે કે શાળાઓમાં જે પણ ગ્રાન્ટ આવે છે તેનું સ્વતંત્ર રીતે કોઈ કામ ન કરી શકે અને ઓરડા બાંધવાની, શૈક્ષણિક સાધનો ખરીદવાની ગ્રાન્ટ આવે તે બધી ગ્રાન્ટ પર કંટ્રોલ રહે અને કોઈ મોનીટરીંગ કરી શકે તે માટે કમિટી બનાવવામાં કહેવાયું છે. જો કે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટેડ શાળાઓને પણ કમિટી બનાવવામાં આવરી લેતા રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો છે.

કારણ કે ગ્રાન્ટેડ શાળાઓમાં નિયમ મુજબ ટ્રસ્ટીઓ હોય અને સભ્યો હોય છે જે શાળાનું મેનેજમેન્ટ કરતા હોય છે. જેથી જો બીજી કમિટી બને તો દ્વિમુખી રાજ્ય પધ્ધતિ એક શાળામાં ચાલી શકે જ નહીં તેવું રાજ્ય શાળા સંચાલક મહામંડળનું માનવું છે.

# અમદાવાદમાં 154 હોટેલ, 62 ટ્યુશન ક્લાસમાં ફાયર સેફ્ટીની ગંભીર ખામી

દિલ્હીની હોટેલ અને લખનઊના કોચિંગ ક્લાસની આગની ઘટનાઓ બાદ જાગેલા અમદાવાદ મ્યુનિ.ના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગ દ્વારા શહેરમાં હોટેલ અને ટ્યુશન ક્લાસમાં ફાયર સેફ્ટીની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં 154 હોટેલ અને 62 ટ્યુશન ક્લાસ કે શિક્ષણ સંસ્થાઓમાં ફાયર સેફ્ટી મામલે ગંભીર ખામી સામે આવી હતી. જે બદલ તમામનને નોટિસ ફટકારવામાં આવી છે. અમદાવાદ શહેરમાં કહેવાતા કડક પગલાંઓ વચ્ચે પણ ફાયર સેફ્ટીની વ્યવસ્થાઓ આગના મોટાભાગના બનાવો વખતે ખાસ કંઈ ઉપયોગી સાબિત થઈ રહી નથી. દરરોજ મોટી સંખ્યામાં લોકોની અવર-જવર હોય તેવા એકમો લાંબા સમયથી ફાયર સેફ્ટીની પૂરતી વ્યવસ્થા વગર ધમધમી રહ્યા છે. મ્યુનિ.એ જે 154 હોટેલ અને 62 ટ્યુશન ક્લાસને નોટિસ ફટકારી છે, તે કંઈ રાતોરાત શરૂ થયા નથી. કેટલાક એકમો તો વર્ષોથી ચાલી રહ્યા છે. છતાં છેક હવે ફાયર વિભાગને અહીં સલામતીમાં ખામી હોવાનું ધ્યાને આવ્યું છે. જોકે જાગ્યા ત્યારથી સવાર એ મુજબ આ એકમોમાં તપાસ બાદ ફાયર સેફ્ટીની ખામી નહીં સુધારવા બદલ 13 હોટેલ અને એક શિક્ષણ સંસ્થા સીલ પણ કરી દેવામાં આવી છે. વારે-તહેવારે જેતે ક્ષેત્ર પૂરતી આવી કાર્યવાહી થાય છે. ભૂતકાળમાં હોસ્પિટલો અને ગેમઝોન સહિતના સ્થળો તેના પુરાવા છે. હવે કોઈ હોસ્પિટલ કે ગેમઝોનમાં કેવી સ્થિતિ છે? તેની નજર સુદ્ધા કરવાની તસ્દી ફાયર વિભાગ દ્વારા લેવાતી નથી. તાજેતરમાં હાથ ધરાયેલી કાર્યવાહીમાં પશ્ચિમ ઝોનમાં સૌથી વધુ હોટેલ અને પૂર્વ ઝોનમાં સૌથી વધુ ટ્યુશન ક્લાસને નોટિસ ફટકારવામાં આવી છે.

# ધોળા દિવસે જાહેર રોડ પર યુવતીની છેડતી

## ગોમતીપુરમાં મોપેડ સવાર 3 યુવકોએ બિભત્સ કોમેન્ટ કરી, છરી બતાવી 'તેરે કો માર ડાલુંગા' કહી ધમકી આપી

(એજન્સી) અમદાવાદ | તા.28

શહેરના ગોમતીપુર વિસ્તારમાં ધોળા દિવસે જાહેરમાં ત્રણ યુવકોએ યુવતીની છેડતી કરી હોવાની ઘટના બની હતી. યુવતી ચાલતા ચાલતા જતી હતી ત્યારે એકટીવા પર આવેલા ત્રણ શખસોએ બિભત્સ કોમેન્ટ પાસ કરી હતી. યુવતીએ એકટીવા ચાલકને લાફો મારી દેતા ત્રણેય પડી ગયા હતા અને ત્યારબાદ થોડા દૂર જઈને ફરીથી છરી બતાવીને તેરે કો માર ડાલુંગા એમ કહીને ધમકી આપી હતી.

જો કે યુવતીએ બુમા બુમ કરતા આસપાસના લોકો ભેગા થતા ત્રણેય ફરાર થઈ ગયા હતા. આ અંગે ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં યુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે



ગુનો નોંધી એકટીવા નંબરના આધારે ત્રણેયની શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના ગોમતીપુર વિસ્તારમાં 21 વર્ષીય યુવતી તેના પરિવાર સાથે રહે છે. યુવતી સવારના સમયે ચાલતા ચાલતા તેના મામાના ઘર તરફ જઈ રહી હતી તે દરમિયાનમાં ખાંડની શેરી પાસે સફેદ કલરની એકટીવા પર ત્રણ શખસો પાછળથી આવ્યા હતા અને યુવતી પર ખરાબ કોમેન્ટ કરી હતી. એટલું જ નહીં હાથની કોણી અડાડી દીધી હતી. જેથી યુવતી ગુસ્સે ભરાઈ હતી અને એકટીવા ચાલકને લાફો માર્યો હતો. એકટીવા પર રહેલા ત્રણેય યુવકો નીચે પડી ગયા હતા. બાદમાં ત્રણેય ઊભા થઈને થોડા આગળ જતા રહ્યા હતા.

યુવતી જ્યારે ચાલતા ચાલતા થોડા આગળ ગઈ ત્યારે ત્રણેય યુવકો ત્યાં ઊભા હતા. જેમાંથી એક યુવકે છરી કાઢી હતી અને બીજો ગાળો બોલતો હતો. અને છરી બતાવી તેરે કો માર ડાલુંગા એમ કહીને બોલાચાલી કરતા હતા. દરમિયાનમાં યુવતીના બનેવી અને તેના મિત્ર તેમજ આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. જેથી ત્રણેય યુવકો ત્યાંથી એકટીવા લઈને ફરાર થઈ ગયા હતા. જો કે યુવતી એકટીવાનો નંબર નોંધી લીધો હતો. યુવતીએ આ મામલે ત્રણેય યુવકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે એકટીવાના નંબરના આધારે ત્રણેય યુવકોની શોધખોળ શરૂ કરી છે.




## પોલિયો રવિવાર અભિયાન: ઘડુલી આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે બાળકોને પોલિયોના ટીપા પીવડાવાયા

## 3 દિવસ રાજ્યના 19 જિલ્લાઓમાં ધમધોકાર વરસાદ

ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ચોમાસું સંપૂર્ણપણે સક્રિય થઈ ગયું છે, ત્યારે આગામી 3 દિવસ રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘમહેર જોવા મળી શકે છે. હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ એટલે કે 28 જૂનથી 30 જૂન સુધી રાજ્યના વિવિધ જિલ્લાઓ માટે વરસાદનું પૂર્વાનુમાન જાહેર કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં સાર્વત્રિક વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, 28 જૂનના રોજ ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં વરસાદી માહોલ જામશે. જેમાં વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીનો સમાવેશ થાય છે.

### છતનું પતરું કાપી તસ્કરો દુકાનમાં પ્રવેશ્યા, 15 કિલો દાગીના લઈ રફુચક્કર

# પાંડેસરામાં જ્વેલર્સની દુકાનમાંથી ₹30 લાખની ચોરી

### આ જ દુકાનને ચાર વર્ષમાં ચોથી વખત નિશાન બનાવાઈ, ઘટના સ્થળે પોલીસનો કાફલો દોડી ગયો

(એજન્સી) સુરત | તા.28

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી રહી હોય તેમ તસ્કરો દિન-પ્રતિદિન બેફામ બની રહ્યા છે. રાત્રિના સમયે બંધ દુકાનો અને મકાનોને ટાર્ગેટ કરતી ગેંગે આ વખતે પાંડેસરા વિસ્તારમાં તરખાટ મચાવ્યો છે. પાંડેસરાના ગીતા નગર ખાતે આવેલી ક્રિષ્ના જ્વેલર્સ નામની દુકાનને નિશાન બનાવી તસ્કરો સોના-ચાંદીના દાગીના મળી અંદાજે 30 લાખથી વધુની ચોરી કરી રફુચક્કર થઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.





**મધરાતે છતનું પતરું કાપી દુકાનમાં પ્રવેશ્યા**

મળતી માહિતી મુજબ, આ ચોરીની ઘટના રાત્રિના આશરે 2 વાગ્યાના અરસામાં બની હતી. તસ્કરોએ ચોરી કરવા માટે અનોખો કીમિયો અપનાવ્યો હતો. અવાજ ન થાય તે રીતે તસ્કરોએ જ્વેલર્સની દુકાનની ઉપરની છતનું પતરું કાપ્યું હતું અને ત્યાંથી દુકાનની અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ દુકાનમાં રાખેલા કિંમતી સોના-ચાંદીના દાગીના પર હાથફેરો કર્યો હતો અને 30 લાખથી વધુનો મુદ્દામાલ ચોરીને આસાનીથી ફરાર થઈ ગયા હતા.

**ઘટના સ્થળે પોલીસનો કાફલો દોડી ગયો**

ચોરીની આ મોટી ઘટના અંગે વહેલી સવારે જાણ થતાં જ પાંડેસરા પોલીસનો ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી પ્રાથમિક તપાસ હાથ ધરી છે. તસ્કરોનું પગેરું મેળવવા માટે પોલીસે દુકાન તેમજ આસપાસના વિસ્તારના અલગ-અલગ સીસીટીવી ફૂટેજ મેળવીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

**છ મહિના પહેલાં પણ ચોરીનો પ્રયાસ થયો હતો**

સભોગ બનનારના જણાવ્યા અનુસાર, આ જ્વેલર્સની દુકાનમાં અગાઉ છ મહિના પહેલાં પણ તસ્કરો દ્વારા ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે, તે સમયે માલિક કે જાગૃત નાગરિકો સમયસર ત્યાં પહોંચી જતાં તસ્કરો પોતાનો મનસૂબો પાર પાડી શક્યા ન હતા અને નાસી છૂટ્યા હતા. પરંતુ આ વખતે તસ્કરો પોતાનો પ્લાન પાર પાડવામાં સફળ રહ્યા હતા.

**સાત મહિનામાં 7 થી 8 મોટી ચોરીઓ થતાં સ્થાનિકોમાં ફફડાટ**

પાંડેસરા અને તેની આસપાસના વિસ્તારોમાં ગુનેગારોનો ગ્રાફ સતત વધી રહ્યો છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, છેલ્લા સાડા છ થી સાત મહિનાના ટૂંકા ગાળામાં જ આ વિસ્તારમાં 7થી 8 જેટલી મોટી ચોરીની ઘટનાઓ સામે આવી ચૂકી છે. વારંવાર બનતી ચોરીની ઘટનાઓને પગલે વેપારીઓ અને સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે પોલીસ નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવે તેવી લોક માંગ ઉઠી છે.

**કિંમતી સામાન તોડીને ચોરી કરી ગયા**

મનોજ ભગવાનદાસ સોની (દુકાનદાર) એ જણાવ્યું હતું કે પાંડેસરા વિસ્તારમાં મેઈન રોડ પર આવેલી દુકાન ધરાવું છું. મારી દુકાનમાં ચોરી થઈ છે, અજાણ્યા ચોરો દ્વારા મારી દુકાનની ઉપરના ભાગે આવેલા પતરાં કાપીને અંદર પ્રવેશ કરવામાં આવ્યો હતો. ચોરો દુકાનમાંથી ચાંદીના દાગીના, વાસણો તેમજ ગ્રાહકો દ્વારા ગીરવે મૂકવામાં આવેલો કિંમતી સામાન ચોરી કરી ગયા છે.

**અંદાજે 15 કિલો જેટલો સામાન ચોરી**

દુકાનમાંથી જેન્ટ્સ અને લેડીઝ બ્રેસલેટ, ચાંદીના વાસણો, ગ્લાસ, મૂર્તિઓ, કંદોરો તેમજ '925 સિલ્વર' ની વિવિધ આઈટમો સહિત અંદાજે 15 કિલો જેટલો સામાન ચોરી થયો છે. આ ઉપરાંત અઢી કિલો જેટલો જૂનો ભંગાર સામાન પણ ચોરો લઈ ગયા છે. આ તમામ ચોરી થયેલા સામાનની અંદાજિત કિંમત આશરે 30 લાખ જેટલી થાય છે.

**આ દુકાનને ત્રણથી વધુ વખત નિશાન બનાવાઈ**

મારી દુકાનને અગાઉ પણ અવારનવાર નિશાન બનાવવામાં આવી છે. આશરે ૬ મહિના પહેલાં પણ ચોરીનો પ્રયાસ થયો હતો. તે પૂર્વે વર્ષ 2023 કે 2024માં ચોમાસા દરમિયાન દુકાનનું શટર ઊંચું કરીને ચોરી કરવાની કોશિશ કરવામાં આવી હતી. ત્યારબાદ ડિસેમ્બર 2025માં શિયાળાની ઋતુમાં પણ ચોરોએ હાથફેરો કરવાનો પ્રયત્ન કર્યો હતો. આમ, મારી દુકાનમાં ચોરી કરવાનો આ ચોથો પ્રયાસ હતો, જેમાં આ વખતે ચોરો સફળ રહ્યા છે.

**અગાઉ પોલીસે ફરિયાદ ન લીધી હોવાનો આરોપ**

આ પૂર્વે જ્યારે દુકાનમાં ચોરીના અસફળ પ્રયાસો થયા હતા, ત્યારે મેં પોલીસનો સંપર્ક કરીને ફરિયાદ આપવાની તજવીજ હાથ ધરી હતી, પરંતુ પતરાંની દુકાન હોવાનું કહીને પોલીસે તે સમયે મારી ફરિયાદ નોંધી ન હતી. હાલમાં બનેલી આ મોટી ચોરીની ઘટના અંગે મેં પોલીસ મથકનો સંપર્ક કર્યો છે અને પોલીસે મારી પાસે ચોરી થયેલા સામાનના બિલ માંગ્યા છે, જે હું ટૂંક સમયમાં રજૂ કરીશ.

**યોગ્ય તપાસ કરીને મને ન્યાય આપવામાં માંગ**

આ જે મેઈન રોડ પર ચોરી થઈ છે ત્યાં ૨૪ કલાક વાહનોની અવરજવર રહે છે. જો કે, ત્યાં પોલીસ પેટ્રોલિંગ થાય છે કે નહીં તે અંગે મને ચોક્કસ માહિતી નથી કારણ કે હું રાત્રે ત્યાં હાજર હોતો નથી. પાંડેસરા વિસ્તારની આ જ લાઈનમાં અગાઉ પણ અન્ય ત્રણ વેપારીઓની દુકાનોમાં આ પ્રકારે ચોરીની ઘટનાઓ બની ચૂકી છે. વારંવાર બનતી આવી ઘટનાઓથી વેપારીઓ અસુરક્ષિત છે, તેથી મારી નમ્ર માંગ છે કે આ બાબતે યોગ્ય તપાસ કરીને મને ન્યાય આપવામાં આવે.

# NEET પેપર લીક મામલે સુરતમાં ઘમસાણ

### કેન્દ્રીય શિક્ષણમંત્રીના પૂતળા દહન સાથે સુરત યુવક કોંગ્રેસ દ્વારા ભારે વિરોધ પ્રદર્શન

(એજન્સી) સુરત | તા.28

દેશભરમાં તબીબી શિક્ષણ માટે લેવાતી NEET પરીક્ષામાં થયેલા કથિત પેપર લીક અને ગેરરીતિના મામલે સમગ્ર દેશમાં આક્રોશનો માહોલ છે, જેની સીધી અસર હવે ગુજરાતના રાજકારણ પર પણ જોવા મળી રહી છે. આ કૌભાંડના વિરોધમાં સુરત શહેર યુવક કોંગ્રેસ દ્વારા રસ્તા પર ઉતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સુરત શહેર યુવક કોંગ્રેસના પ્રમુખ મેહુલ રાયકાની આગેવાની હેઠળ યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં કાર્યકરોએ કેન્દ્ર સરકાર વિરૂદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા અને કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના પૂતળાનું દહન કરીને પોતાનો રોષ પ્રગટ કર્યો હતો.




**કાર્યકરોએ બેનરો અને પ્લેકાર્ડ્સ સાથે વિરોધ નોંધાવ્યો હતો**

વિરોધ પ્રદર્શન દરમિયાન સુરત યુવક કોંગ્રેસના પ્રમુખ મેહુલ રાયકા અને અન્ય પદાધિકારીઓએ કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ પર ભાર મૂક્યો હતો. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે લાખો વિદ્યાર્થીઓના ભવિષ્યને અંધકારમાં ધકેલનારા આટલા મોટા કૌભાંડની નૈતિક જવાબદારી સ્વીકારીને શિક્ષણમંત્રીએ તાત્કાલિક પોતાના પદ પરથી હટી જવું જોઈએ. વિરોધ કરી રહેલા કાર્યકરોએ 'શિક્ષણમંત્રી રાજીનામું આપો' અને 'વિદ્યાર્થીઓ સાથે ન્યાય કરો' જેવા બેનરો અને પ્લેકાર્ડ્સ સાથે વિરોધ નોંધાવ્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે વિરોધ સ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો.

**ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે ત્યાં સુધી આ આંદોલન**

સુરત શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ મેહુલ રાયકાએ જણાવ્યું હતું કે, આજ રોજ સુરત શહેર યુવક કોંગ્રેસ દ્વારા શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સાથે પૂતળા દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પૂતળા દહનનો કાર્યક્રમ ફક્ત અને ફક્ત આ દેશના યુવાઓ સાથે જે અન્યાય થયો છે. વિદ્યાર્થી સાથે જે અન્યાય થયો છે, એ અન્યાય બાદ પણ આજે આ સરકારના પેટમાંથી પાણી નથી હલ્યું. 21-21 વિદ્યાર્થીઓ, યુવાઓ પોતાનો જીવ જોખમમાં નાખી દીધો, પોતે આત્મહત્યા કરી લીધી છે, એ પીડિત પરિવારના ન્યાય માટેનો આજનો આ કાર્યક્રમ હતો. સરકારને એક જ સંદેશો આપવા માંગે છે, સુરત શહેર યુવક કોંગ્રેસ નહીં પણ સમગ્ર દેશના યુવક કોંગ્રેસના યોદ્ધાઓ આ રોડ ઉપર ઉતરશે. જ્યારે, જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે ત્યાં સુધી આ આંદોલન બંધ નહીં રહેશે

**લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ**

યુવક કોંગ્રેસે જણાવ્યું હતું કે, NEET પરીક્ષાનું પેપર લીક થવાના કારણે દેશભરના 22 લાખથી વધુ અને એકલા ગુજરાતના 85 હજારથી વધુ વિદ્યાર્થીઓના ભવિષ્ય અને કારકિર્દી પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થઈ ગયો છે. વિદ્યાર્થીઓ વર્ષો સુધી તનતોડ મહેનત કરીને પરીક્ષાની તૈયારી કરતા હોય છે, પરંતુ અંતે પરીક્ષા કૌભાંડોની ભેટ ચડી જાય છે. આનાથી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં ભારે નિરાશા અને માનસિક તણાવનો માહોલ છે.

**પૂતળા દહન સાથે ઉગ્ર દેખાવો**

કાર્યક્રમના અંતમાં યુવક કોંગ્રેસના કાર્યકરોએ કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના પ્રતીકાત્મક પૂતળાનું દહન કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ભારે ખેંચતાણ અને ઘર્ષણના દ્રશ્યો પણ સર્જાયા હતા. યુવક કોંગ્રેસે ચીમકી ઉચ્ચારી છે કે, જો આ મામલે તટસ્થ તપાસ કરીને દોષિતો સામે કડક પગલાં લેવામાં નહીં આવે અને વિદ્યાર્થીઓને ન્યાય નહીં મળે, તો આગામી દિવસોમાં આનાથી પણ વધુ આક્રમક આંદોલન આખા રાજ્યમાં કરવામાં આવશે.

# ફેસબુક-વ્હોટ્સએપમાં વજન ઘટાડવાની દવા ખરીદવી યુવકને મોંઘી પડી

### આરોપીઓએ 'ક્યોરેસ્ટ સાયન્સ કંપની'ના ડોક્ટર, એજન્ટ અને કુરિયર બોય તરીકે ઓળખ આપી 1.77 કરોડ પડાવ્યાં

સુરત : સુરતના પોશ વિસ્તાર અડાજણમાં રહેતા એક યુવકને સોશિયલ મીડિયા પર વજન ઘટાડવાની પ્રોડક્ટ્સ ખરીદવી ખૂબ જ મોંઘી પડી છે. ગત 26 જાન્યુઆરી, 2026ના રોજ આ યુવકે ફેસબુક અને વોટ્સએપના માધ્યમથી 'ક્યોરેસ્ટ સાયન્સ ડોટ ઈન' નામની વેબસાઈટ પર સંપર્ક કર્યો હતો. ડિજિટલ માધ્યમો પર વજન ઘટાડવાના મોટા-મોટા દાવાઓ કરીને સાયબર માફિયાઓએ આ યુવકને પોતાની જાળમાં ફસાવવાની શરૂઆત કરી હતી. યુવકે સંપર્ક કર્યા બાદ અલગ-અલગ મોબાઈલ નંબર પરથી ફોન આવવાના શરૂ થયા હતા, જેમાં આરોપીઓએ પોતાની નકલી ઓળખ આપી હતી. કોઈકે પોતાને કંપનીના ડોક્ટર, તો કોઈકે એજન્ટ અને કુરિયર બોય તરીકે ઓળખાવીને યુવકનો વિશ્વાસ જીતી લીધો હતો. વજન ઉતારવાની અલગ-અલગ મોંઘી દવાઓ અને ટ્રીટમેન્ટના નામે આરોપીઓએ કુરિયર મારફતે તેમજ વ્યક્તિઓને સીધા યુવકના ઘરે મોકલીને કુલ રૂ. 1,77,40,500ની માતબર રકમ પડાવી લીધી હતી. કરોડો રૂપિયાની છેતરપિંડી આચર્યા બાદ પણ ઠગ ટોળકીની લાલચ અટકી નહોતી અને તેઓએ યુવક પાસે વધુ રૂ. 81,50,000ની માંગણી કરી હતી. જ્યારે યુવકે વધુ પૈસા આપવાનો ઈનકાર કર્યો, ત્યારે આરોપીઓએ ધમકી આપવાનું શરૂ કર્યું હતું. તેઓએ ડરાવ્યો કે જો રૂપિયા નહીં મળે તો અગાઉ આપેલી કરોડોની રકમ ડૂબી જશે, ફાઈલ બંધ થઈ જશે અને યુવક તેમજ તેના પરિવારને શારીરિક-માનસિક રીતે હેરાન કરવામાં આવશે. વારંવાર મળતી ધમકીઓ અને બ્લેકમેઈલિંગથી કંટાળીને અંતે ભોગ બનનાર યુવકને પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.

# સુરતથી કોકેઈન સાથે પકડાયેલો આરોપી બાંગ્લાદેશ-અફઘાનિસ્તાન પણ જઈ આવ્યો

### ટ્રોલી બેગનું રેગ્ઝીન ફાડીને સ્પેશિયલ ખાનામાં સંતાડ્યું હતું ડ્રગ્સ, તપાસમાં ઈન્ટરનેશનલ કનેક્શન ખુલ્યું

(એજન્સી) સુરત | તા.28

સુરત રેલવે સ્ટેશન પરથી તેજસ રાજધાની એક્સપ્રેસ ટ્રેનમાંથી કરોડો રૂપિયાના હાઈ-ક્વોલિટી કોકેઈન સાથે ઝડપાયેલા આરોપી ફઝલ સય્યદની પૂછપરછમાં એક ચોંકાવનારો આંતરરાષ્ટ્રીય ખુલાસો સામે આવ્યો છે. DRI દ્વારા કરાયેલી પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલો ડ્રગ્સ કેરિયર અગાઉ બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન સહિતના અન્ય દેશોની મુલાકાત લઈ ચૂક્યો છે. આ હકીકત સામે આવતા જ કેન્દ્રીય તપાસ એજન્સીઓ સતર્ક બની છે અને આ સમગ્ર ડ્રગ્સ કેસમાં આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટ સામેલ હોવાના પુરાવા વધુ મજબૂત બન્યા છે.



**10 કરોડનું શુદ્ધ કોકેઈન અને મુંબઈ ડિલિવરીનું નેટવર્ક**

મળતી વિગતો અનુસાર, નવી મુંબઈના નેરુળ વિસ્તારમાં આવેલા સાઈદીપ એપાર્ટમેન્ટમાં રહેતો 39 વર્ષીય ફઝલ સય્યદ દિલ્હીથી પ્યોર ફોર્મમાં રહેલું 2 કિલોગ્રામ ડ્રગ્સ લઈને મુંબઈ તરફ જઈ રહ્યો હતો. આ હાઈ-ક્વોલિટી કોકેઈનની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત કિંમત આશરે 10 કરોડ રૂપિયા જેટલી આંકવામાં આવી રહી છે. આરોપી આ માલ મુંબઈના કોઈ મોટા ડ્રગ લોર્ડને સપ્લાય કરવાનો હતો તે પૂર્વે જ તે સુરત ખાતે ઝડપાઈ ગયો હતો.

તેની વિદેશ યાત્રાઓના ઈતિહાસને જોતા DRIના અધિકારીઓ હવે એ દિશામાં તપાસ કરી રહ્યા છે કે આ ડ્રગ્સ સરહદ પારથી ગેરકાયદેસર રીતે ભારતમાં ઘુસાડવામાં આવ્યું હતું કે કેમ.

**ગુપ્ત બાતમીના આધારે પ્લેટફોર્મ નંબર 2 પર મેગા ઓપરેશન**

આ સફળ ઓપરેશનની વિગત એવી છે કે, DRIના બેંગલુરુ હેડક્વાર્ટર તરફથી સુરત DRIની ટીમને ગુપ્ત બાતમી મળી હતી.આ બાતમીમાં જણાવવામાં આવ્યું હતું કે દિલ્હીથી મુંબઈ સેન્ટ્રલ જઈ રહેલી ગાડી સંખ્યા 12952 રાજધાની એક્સપ્રેસ ટ્રેનમાં ડ્રગ્સનો એક મોટો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ ચોક્કસ માહિતીના આધારે સુરત ડીઆરઆઈના સિનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ના ઈન્સ્પેક્ટર સહિતના સ્ટાફે વહેલી સવારે 5:20 વાગ્યે ટ્રેન જેવા જ સુરત સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2 પર આવીને ઊભી રહી, તુરંત જ સંયુક્ત દરોડો પાડ્યો હતો.

**થર્ડ એસી કોચની સીટ નંબર 33 પરથી પકડાયો પેડલર**

તપાસ ટીમે રાજધાની ટ્રેનના થર્ડ એસી કોચ (B/5)માં પ્રવેશ કર્યો હતો અને સીટ નંબર 33 પર સવાર મુસાફર ફઝલ સય્યદ પર નજર રાખી તેને કોર્ડન કરી લીધો હતો. શંકાસ્પદ હલચલ અને પૂછપરછ દરમિયાન યોગ્ય જવાબ ન આપી શકતા અધિકારીઓએ તેને તાત્કાલિક ટ્રેનમાંથી નીચે ઉતાર્યો હતો.

ત્યારબાદ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની ટીમને સ્થળ પર બોલાવવામાં આવી હતી. એફએસએલના નિષ્ણાતોની હાજરીમાં જ્યારે આરોપી પાસે રહેલી કાળા રંગની ટ્રોલી બેગની ઝીણવટભરી તપાસ કરવામાં આવી ત્યારે અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા.

# વડોદરાના આદિત શાહે થાઈલેન્ડમાં ડંકો વગાડ્યો

### ઈન્ટરનેશનલ સુપરબાઈક ચેમ્પિયનશિપમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું, કહ્યું-'દર વર્ષે રેસિંગમાં 6થી 7 હાડકા તૂટી જાય છે'

(એજન્સી) વડોદરા | તા.28

મોતના કૂવા સમાન ગતિ અને જોખમોથી ભરેલી બાઈક રેસિંગની દુનિયામાં વડોદરાના એક યુવાને વૈશ્વિક ફલક પર ભારતનું નામ રોશન કર્યું છે. વડોદરા શહેરના 24 વર્ષીય આંતરરાષ્ટ્રીય બાઈક રેસર આદિત શાહે ગત 21 જૂનના રોજ થાઈલેન્ડના બુરીરામ શહેરના ચાંગ ઈન્ટરનેશનલ સર્કિટ ખાતે યોજાયેલી પ્રતિષ્ઠિત 'નેક્સ્ટર BRIC સુપરબાઈક ચેમ્પિયનશિપ 2026' ના રાઉન્ડ વનમાં બીજું સ્થાન મેળવીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. શક્તિશાળી 600 cc યામાહા સુપરબાઈક પર સવાર થઈને આદિતે વિશ્વભરના દિગ્ગજ રેસરો સામે અસાધારણ ગતિ, અદભુત ચોકસાઈ અને રેસક્રાફ્ટનું પ્રદર્શન કરી દેશને ગૌરવ અપાવ્યું છે.



વિજેતા બન્યા બાદ બાઈક રેસર આદિત શાહે ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે, 'આ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે થાઈલેન્ડ, મલેશિયા, જાપાન, યુએસ (US), જર્મની અને સ્પેન સહિતના વિશ્વના અગ્રણી દેશોમાંથી પ્રોફેશનલ રાઈડર્સ આવ્યા હતા, જેમાંથી મેં બીજો નંબર મેળવ્યો છે. વાસ્તવમાં ટ્રેક પર રેસ કરવી એ મુશ્કેલ નથી, રેસ તો માત્ર આપણી મહેનતનું રિઝલ્ટ છે, પરંતુ તેની પાછળના મહિનાઓની મહેનત સૌથી મહત્વપૂર્ણ છે. આ ગેમમાં તમારી ફિઝિકલ ફિટનેસ, બોડી બેલેન્સ અને માનસિક એકાગ્રતાની આકરી કસોટી થતી હોય છે.

# મહિલા PSI વતી 10 હજારની લાંચ લેતા ASI ઝડપાયો

### માંજલપુર પોલીસ સ્ટેશન નજીક ACBની સફળ ટ્રેપ, ફરિયાદીને હેરાન નહીં કરવા બદલ લાંચ માગી હતી

(એજન્સી) વડોદરા | તા.28

વડોદરાના માંજલપુર પોલીસ સ્ટેશન સાથે સંકળાયેલા ભ્રષ્ટાચારના કેસમાં એન્ટી કરપ્શન બ્યુરોને મોટી સફળતા મળી છે. વિશ્વામિત્રી પોલીસ ચોકીના PSI મલ્લિકાબેન ખીમજીભાઈ પરમાર વતી માંજલપુર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ક્વોડના ASI જયકિશન સોમાજી ગામેતીને રૂ.10 હજારની લાંચ સ્વીકારવાના ગુનામાં ACBએ શનિવારે ટ્રેપ ગોઠવી રંગેહાથ ઝડપી પાડ્યો છે.



**ગુનાની તપાસમાં હેરાનગતિ નહીં કરવા બદલ લાંચ માગી હતી**

ACBના જણાવ્યા મુજબ, જાગૃત નાગરિકે ફરિયાદ કરી હતી કે તેમના વિરુદ્ધ માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન PSI મલ્લિકાબેન પરમારે તેમને હેરાનગતિ ન કરવા તેમજ જામીનની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા માટે શરૂઆતમાં રૂ.25 હજારની લાંચ માંગી હતી. બાદમાં રકઝક થતાં રૂ.10 હજાર લેવાનું નક્કી થયું હતું.

**માંજલપુર પોલીસ સ્ટેશન નજીક ACBએ છટકું ગોઠવી ASIને ઝડપી પાડ્યો**

આરોપી PSIએ લાંચની રકમ ASI જયકિશન ગામેતીને આપવાનું જણાવ્યુ હતું. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે ACBનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ. તલાટીના માર્ગદર્શન હેઠળ ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ટ્રેપ દરમિયાન ફરિયાદીએ માંજલપુર પોલીસ સ્ટેશનની બાજુમાં ભાવના ઝેરોક્ષ સામે મુખ્ય માર્ગ પર ઉભેલી ASI જયકિશન ગામેતીની મારુતિ સ્વિફ્ટ કારમાં ડેશબોર્ડ પર રૂ.10 હજાર મૂક્યા હતા. લાંચની રકમ સ્વીકારતા જ ACBની ટીમે બંને આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વડોદરામાં સોમવારથી 30 ઈ-બસ દોડતી થશે

(એજન્સી) વડોદરા | તા.28

વડોદરા મહાનગરપાલિકા દ્વારા આગામી સોમવાર, તારીખ 29થી શહેરીજનો માટે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ઈ-બસ સેવાનો વિધિવત પ્રારંભ કરવામાં આવશે. કોર્પોરેશન દ્વારા પ્રથમ તબક્કામાં 30 ઈ-બસો દોડાવવા માટેની તમામ વહીવટી અને ટેકનિકલ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે, જેના ભાગરૂપે આજે શહેરના ચારેય ઝોન અને મધ્ય સીટી વિસ્તારના મુખ્ય માર્ગો ઉપર બસોનો સફળ ટ્રાયલ રન પણ લેવામાં આવ્યો હતો. વડોદરા શહેરમાં આમ તો પ્રથમ તબક્કામાં 100 જેટલી નવી ઈ બસ આવવાની હતી. પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓ પહેલા 30 બસ આવી ગઈ હતી ત્યાર બાદ તે ધૂળ જ ખાઈ રહી હતી. આ બસ આવી ત્યારે પણ મોટી જાહેરાત કરવામાં આવી હતી કે આગામી 15 દિવસમાં અન્ય 100 બસ આવી જશે પરંતુ હાલ સુધી તે બસ આવી નથી. શહેરમાં મહાનગરપાલિકા તેમજ વુડાના વિસ્તારમાં આ બસ સેવા દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે હવે આગામી સમયમાં આ બસ સેવાનો આરંભ કરવામાં આવશે. આ નવી પરિવહન સેવાથી વડોદરાના સ્થાનિક મુસાફરોને આધુનિક, આરામદાયક અને સસ્તી મુસાફરીનો લાભ મળશે. આ પ્રોજેક્ટ માટે કોર્પોરેશન દ્વારા ગોત્રી ખાતે ખાસ 50 ઈ-બસો રહી શકે તે ક્ષમતા ધરાવતો સુવિધા સજ્જ ડેપો તૈયાર કરવામાં આવ્યો છે, જ્યાં એક સાથે 13 બસો ચાર્જ થઈ શકે તેવું આયોજન કરાયું છે. આ ઉપરાંત મુસાફરોની સુવિધા માટે શહેરના રૂટો ઉપર તમામ સુવિધાઓ સાથેના નવા બસ સ્ટેન્ડ પણ આગામી સમયમાં બનાવવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા બસોના સુચારૂ સંચાલન અને ચાર્જિંગ વ્યવસ્થા માટે વ્યાપક માળખું ઊભું કરવામાં આવી રહ્યું છે.

# અમરનાથ યાત્રા માટે 90 સેવાદાર રવાના

### વડોદરા સ્ટેશન 'બમ બમ ભોલે'ના નાદથી ગુંજી ઉઠ્યું, અલગ અલગ ત્રણ સ્થળો પર સેવા આપશે

(એજન્સી) વડોદરા | તા.28

સંસ્કારીનગરી વડોદરાની સેવાભાવનાની સુવાસને અમરનાથ યાત્રા દરમિયાન સમગ્ર કાશ્મીરમાં રેલાવતા 'માં શિવાની રંગ અમરનાથ ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા આ વર્ષે પણ યાત્રાળુઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા ત્રીસ વર્ષથી ચાલતી આ અવિરત સેવા માટે આજે વડોદરા છાયાપુરી રેલવે સ્ટેશનથી સ્વરાજ એક્સપ્રેસમાં 90 જેટલા સેવાદારો સાથે આજે આ સેવા આપવા માટે આજે રવાના થયા હતા.



વડોદરા અને ગુજરાતની એકમાત્ર આ ગ્રુપ અમરનાથ યાત્રા દરમ્યાન છેલ્લા 29 વર્ષથી નિઃશુલ્ક ભંડારાનું આયોજન કરે છે અને આ 30 વર્ષે પણ ભવ્ય આયોજન કર્યું છે. જમ્મુ કાશ્મીરના ચંદનવાડી, બબલટોપ અને બાલટાલ પર ત્રણ કેમ્પ દ્વારા સત્તત સેવા આપવામાં આવી રહી છે. આજે વાજતે ગાજતે અને ઢોલ નગારા સાથે આ ટ્રસ્ટના આગેવાનો અને પૂર્વ સાંસદ રંજન ભટ્ટની ઉપસ્થિતિમાં આખી સેવાદારોની ટીમ રવાના થઈ હતી.

જમ્મુ કાશ્મીરના અમરનાથ યાત્રાના રૂટ પર છેલ્લા 29 વર્ષોથી સતત ચાલી આવતી આ સેવાકીય પરંપરાને વધુ ભવ્ય બનાવવા માટે, આ વર્ષે ટ્રસ્ટ 30માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે. આ નિમિત્તે ટ્રસ્ટ દ્વારા યાત્રાની શરૂઆતથી લઈને અંત સુધીની તમામ પ્રકારની સુવિધાઓ યાત્રાળુઓને પૂરી પાડવામાં આવી રહી છે.


### અદાણી ગ્રૂપ પરમાણુ ઊર્જા ક્ષેત્રે 10 ગીગાવોટ ક્ષમતા વિકસાવશે

# સાગર અદાણીની લંડનમાં ક્લિન એનર્જી માટે મોટી જાહેરાત

(એજન્સી) લંડન | તા 28

લંડનના સાયન્સ મ્યુઝિયમ ખાતે આયોજિત વૈશ્વિક ઊર્જા સંવાદમાં અદાણી ગ્રીન એનર્જીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાગર અદાણીએ ભારતની ભવિષ્યની ઊર્જા સુરક્ષાને લઈ એક અત્યંત મહત્વપૂર્ણ અને દૂરગામી જાહેરાત કરી છે. લંડન આબોહવા કાર્યવાહી સપ્તાહના ઉદ્ઘાટન પ્રસંગે આયોજિત આ વૈશ્વિક સ્તરના કાર્યક્રમમાં સાગર અદાણીએ ભારતની ઊર્જા ક્ષેત્રે વધતી જતી આત્મનિર્ભરતા અને પર્યાવરણને અનુકૂળ એવી ક્લિન એનર્જી અંગેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

વૈશ્વિક સ્તરે ઊર્જા સુરક્ષા અને ટકાઉપણું એ મુખ્ય પડકારો છે, જેનો સૌથી અસરકારક ઉકેલ વીજળીકરણ છે. મીડિયા અહેવાલ મુજબ, સાગર અદાણીએ જણાવ્યું હતું કે, રિન્યુએબલ એનર્જીને જ્યારે બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ અને પમ્પ્ડ સ્ટોરેજ જેવી અદ્યતન ટેકનોલોજી સાથે જોડવામાં આવે, ત્યારે જ તે ચોવીસ કલાક અવિરત અને સસ્તી સ્વચ્છ ઊર્જા પૂરી પાડી શકે છે. અદાણી ગ્રૂપ ઊર્જા સંક્રમણ માટે 100 અબજ ડોલરથી વધુનું વિશાળ રોકાણ કરી રહ્યું છે, જે ટ્રાન્સમિશન, ગ્રીન હાઈડ્રોજન અને નવી પેઢીના ઈકોસિસ્ટમ માટે મહત્વનું સાબિત થશે.સાગર અદાણીએ ગુજરાતના ખાવડા ખાતે વિકસી રહેલા વિશ્વના સૌથી મોટા નવીનીકરણીય ઊર્જા પ્લાન્ટનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. આ પ્રોજેક્ટ દ્વારા અદાણી ગ્રીન વર્ષ 2030 સુધીમાં 50 ગીગાવોટની ક્ષમતા હાંસલ કરવા તરફ ઝડપથી આગળ વધી રહી છે. સ્વચ્છ ઊર્જાને મોટા પાયે સ્ટોરેજ સાથે સંકલિત કરીને આ ક્ષમતા પ્રાપ્ત કરવામાં આવશે, જે ભારતની ઊર્જા ક્ષમતાને વૈશ્વિક સ્તરે એક નવી ઊંચાઈ પર લઈ જશે.




સમૂહના ચેરમેન ગૌતમ અદાણીની પ્રતિબદ્ધતાને આગળ વધારતા, સાગર અદાણીએ ક્લિન એનર્જી પોર્ટફોલિયોમાં વધુ એક મોટી જાહેરાત કરી છે. અદાણી ગ્રૂપ હવે 10 ગીગાવોટની પરમાણુ ઊર્જા ક્ષમતા વિકસાવવાની યોજના ધરાવે છે. આ પગલું સ્વચ્છ અને ઓછા કાર્બનવાળી વીજળી પૂરી પાડવામાં અત્યંત પૂરક બનશે. પરમાણુ ઊર્જાનું ઉત્પાદન ગ્રીડને વધુ સ્થિરતા પ્રદાન કરશે અને ભારતના ઝડપી ઔદ્યોગિકીકરણ માટે જરૂરી પાવર સપ્લાયમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

આ કાર્યક્રમમાં ઊર્જા સંક્રમણ કમિશનના લોર્ડ એડેર ટર્નર અને યુકે ક્લાઈમેટ ચેન્જ કમિટીના નિગેલ ટોપિંગ જેવા અનેક વૈશ્વિક દિગ્ગજોએ ભાગ લીધો હતો. નિષ્ણાતોએ પણ સ્વીકાર્યું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડેટા સેન્ટરોના કારણે વીજળીની માંગ ઝડપથી વધી રહી છે, જેને પહોંચી વળવા માટે લાંબા ગાળાની નીતિઓ અને ટેકનોલોજીકલ પ્રગતિ અનિવાર્ય છે. ગ્રીડ પ્રણાલીમાં સુગમતા લાવવાથી અને આધુનિક ટેકનોલોજીનો ખર્ચ ઘટાડવાથી આ ક્ષેત્રમાં વધુ રોકાણ આકર્ષી શકાશે. લંડનમાં મળેલી આ સફળતા અને ચર્ચાઓ ભારતને ઊર્જા સંક્રમણના વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરી રહી છે. કાર્યક્રમના અંતે સહભાગીઓએ સાયન્સ મ્યુઝિયમની ઊર્જા ગેલેરીની પણ મુલાકાત લીધી હતી.

## ભારતીય હોસ્પિટલ ક્ષેત્રે વિકાસની મોટી તકો, માંગ વધવાની ધારણા



નવી દિલ્હી: ભારતના હેલ્થકેર ક્ષેત્ર માટે આગામી પાંચ વર્ષ અત્યંત આશાસ્પદ સાબિત થવાના છે. મીડિયા અહેવાલ મુજબ, હોસ્પિટલ ક્ષેત્ર સતત વિકાસની રાહ પર છે. બેડની ક્ષમતામાં વધારો અને હેલ્થકેરમાં ખાનગી ક્ષેત્રનું વધતું પ્રભુત્વ આગામી સમયમાં ભારતીય સ્વાસ્થ્ય સેવા બજારને નવી ઊંચાઈએ લઈ જશે. એક અગ્રણી બ્રોકરેજ હાઉસના રિપોર્ટમાં અંદાજ લગાવવામાં આવ્યો છે કે, હેલ્થકેર ડિલિવરી માર્કેટ નાણાકીય વર્ષ 2025 થી 2030 દરમિયાન 10-12% ના દરે વધીને 12 લાખ કરોડ સુધી પહોંચી શકે છે. આગામી વર્ષોમાં હોસ્પિટલો તેમની ક્ષમતામાં સામૂહિક રીતે 54% નો વધારો કરશે, જેનાથી કુલ બેડની સંખ્યા 1,08,000 થી વધુ થઈ જશે. અત્યાર સુધીમાં નમૂના તરીકે લેવામાં આવેલી 15 હોસ્પિટલોએ નાણાકીય વર્ષ 2023 પછી 19,000 થી વધુ બેડ ઉમેરીને 70,000 નો આંકડો પાર કરી લીધો છે. ક્ષેત્રના વિકાસને વેગ આપવામાં બેડની સંખ્યા ઉપરાંત 'એવરેજ રેવન્યુ પર ઓક્યુપાઈડ બેડ' (ARPOB) માં પણ 45% વૃદ્ધિ થવાની ધારણા છે. બજારમાં હોસ્પિટલોના વધતા જથ્થાને લઈને જે 'ઓવરસપ્લાય'ની ચિંતા વ્યક્ત કરવામાં આવે છે, તે રિપોર્ટ મુજબ પાયાવિહોણી છે.

# News Brief

## ભારતીય આઈટી ક્ષેત્ર સામે અનિશ્ચિતતાનો માહોલ, વૃદ્ધિ દર ઘટશે

નવી દિલ્હી: ભારતીય આઈટી (IT) ક્ષેત્ર હાલમાં એક પડકારજનક સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. જેપી મોર્ગનના તાજેતરના સંશોધન અહેવાલ મુજબ, આ ક્ષેત્ર ટેકનોલોજી અને વ્યવસાયિક ચક્રના અનેક વિપરીત પ્રવાહોનો સામનો કરી રહ્યું છે. જનરેટિવ એઆઈ (GenAI) દ્વારા સર્જાતી ડિફ્લેશનરી અસરો અને વૈશ્વિક સ્તરે ભૂ-રાજકીય તણાવને કારણે ઉદ્યોગની માંગ પર સીધી અસર પડી છે, જેનાથી આગામી સમયમાં વૃદ્ધિની ગતિ ધીમી રહેવાની ભીતિ સેવાઈ રહી છે.રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે આઈટી સેવા ઉદ્યોગ છેલ્લા ત્રણ વર્ષથી 2-3% ના નજીવા વૃદ્ધિ દર પર સ્થિર છે. જનરેટિવ એઆઈના કારણે થતા ફેરફારો હજુ તેના બીજા વર્ષમાં જ છે, જેના લીધે આગામી બે વર્ષ સુધી વૃદ્ધિમાં વધુ અવરોધો આવી શકે છે. જેપી મોર્ગને હવે તેમના મધ્યમથી લાંબા ગાળાના અંદાજોમાં ફેરફાર કર્યો છે અને એવી આશકા વ્યક્ત કરી છે કે મોટી આઈટી કંપનીઓ પણ 5% થી વધુ વૃદ્ધિ દર પ્રાપ્ત કરી શકશે નહીં. હવે મોટાભાગની કંપનીઓનો વૃદ્ધિ દર 3-4% ની આસપાસ રહેવાની સંભાવના છે. વૈશ્વિક કંપનીઓ ટેકનોલોજીના બદલાતા સ્વરૂપ અને ભૂ-રાજકીય સ્થિતિને કારણે ડર, અનિશ્ચિતતા અને મૂંઝવણ (FUD) નો સામનો કરી રહી છે. આઈટી કંપનીઓના બજેટનો મોટો હિસ્સો હવે ક્લાઉડ અને એઆઈ ટોકન્સ પાછળ ખર્ચાઈ રહ્યો છે, જેના કારણે અન્ય આઈટી સેવાઓની માંગમાં સુધારો અનિશ્ચિત બન્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ક્લાયન્ટ્સ દ્વારા નિર્ણયો લેવામાં થઈ રહેલો વિલંબ અને નવા સોદાઓમાં પડતી મુશ્કેલીઓની અસર નાણાકીય વર્ષ 2027 ના બીજા ક્વાર્ટર સુધી જોવા મળી શકે છે.

## ભારતીય ડેટ માર્કેટ વિકાસ માટે સક્ષમ નથી, સુધારાની જરૂર: ડેલોઇટ

નવી દિલ્હી: ભારતનુ ડેટ માર્કેટ (દેવું બજાર) દેશના આર્થિક વિકાસના આગામી તબક્કાને નાણાકીય સહાય પૂરી પાડવા માટે સક્ષમ નથી. ડેલૉઈટના "સ્ટેટ ઓફ ફાઈનાન્શિયલ સર્વિસીસ ઈન ઈન્ડિયા" રિપોર્ટમાં આ બાબત પર ભાર મૂકતા જણાવવામાં આવ્યુ છે કે, બજારમાં તરલતા (લિક્વિડિટી), ભાવ નિર્ધારણ અને રોકાણકારોની ભાગીદારી વધારવા માટે માળખાકીય સુધારાઓ અત્યંત જરૂરી છે. ભારતનું અર્થતંત્ર એક એવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે જ્યાં લાંબા ગાળાના મૂડી રોકાણની જરૂરિયાત નોંધપાત્ર રીતે વધશે. જોકે, વર્તમાન ડેટ માર્કેટ આ નાણાકીય જરૂરિયાતોને અસરકારક રીતે પૂરી કરવા સક્ષમ નથી. બદલાતી જતી ઘરગથ્થુ બચત અને વપરાશની આદતોને કારણે હવે વધતી જતી લોનની માંગને પૂરી કરવા માટે માત્ર બેંક ડિપોઝિટ પર નિર્ભર રહી શકાય તેમ નથી. જો ભારતને 2030 સુધીમાં 7.3 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવું હોય, તો ડેટ માર્કેટે આ નાણાકીય અંતરને અસરકારક રીતે દૂર કરવું પડશે.ડેલૉઈટના મતે, યીલ્ડ કર્વ (વ્યાજ દરનો વળાંક) પર ભાવના સંકેતો મર્યાદિત છે અને વિવિધ પ્રકારના દેવાદારો કે નાણાકીય સાધનો વચ્ચે જોખમનું યોગ્ય રીતે વર્ગીકરણ કરવામાં આવતું નથી. આ ઉપરાંત, રૂપિયાનું મોટા પાયે ઓફશોર (દેશની બહાર) ટ્રેડિંગ ઘરેલું બજારની કામગીરી સાથે મેળ ખાતું નથી. વૈશ્વિક સ્થિતિ વધુ જટિલ બનતા આ મુદ્દાઓ આર્થિક વિકાસમાં અવરોધ બની શકે છે. રોકાણકારોની ભાગીદારી વધારવી, તરલતામાં સુધારો કરવો અને મની, બોન્ડ અને ડેરિવેટિઝ માર્કેટનું સંકલન કરવું જેથી ટૂંકા ગાળાની ભંડોળ અને લાંબા ગાળાની મૂડી એકબીજાને ટેકો આપી શકે.

## સરકારી કર અને નીતિગત ફેરફારોથી ઈક્વિટી રોકાણ બન્યું વધુ આકર્ષક

નવી દિલ્હી: ભારતીય મૂડી બજારમાં રોકાણના માહોલને લઈને એક આશાસ્પદ અહેવાલ સામે આવ્યો છે. જેપી મોર્ગન દ્વારા પ્રકાશિત તાજેતરના ઈક્વિટી રિસર્ચ રિપોર્ટ અનુસાર, સરકારની વિવિધ નીતિગત પ્રોત્સાહનો અને નાણાકીય ઉત્પાદનો પરના કર માળખામાં કરવામાં આવેલા ફેરફારોએ ઈક્વિટી રોકાણને અન્ય રોકાણ વિકલ્પોની તુલનામાં વધુ આકર્ષક બનાવ્યું છે. આ બદલાવને કારણે ભારતીય બજારમાં સતત રોકાણનો પ્રવાહ ચાલુ રહેવાની ધારણા છે. છેલ્લા બે વર્ષમાં બજારના વળતર મર્યાદિત હોવા છતાં, કરવેરાના નવા નિયમોએ ઈક્વિટી તરફ રોકાણકારોનું ધ્યાન ખેંચ્યું છે. રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, 12.5% એલટીસીજી (LTCG) ટેક્સ, ઈન્ડેક્સેશન નાબૂદ કરવું, વીમા પોલિસીની આવક પર કર અને ડેટ મ્યુચ્યુઅલ ફંડ્સ માટે સ્લેબ-રેટ ટેક્સેશન જેવા ફેરફારોએ ઈક્વિટીની સરખામણીમાં ડેટ-ઓરિએન્ટેડ ઉત્પાદનોની ચમક ઘટાડી છે. આ માળખાકીય સુધારાઓને કારણે લાંબા ગાળાના રોકાણકારો હવે ઈક્વિટી તરફ વધુ ઝુકાવ ધરાવે છે. નાણાકીય વર્ષ 2025 અને 2026 દરમિયાન વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા મોટા પાયે વેચવાલી જોવા મળી હોવા છતાં, સ્થાનિક રોકાણકારોએ સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા મ્યુચ્યુઅલ ફંડ્સમાં નાણાં રોકવાનું ચાલુ રાખ્યું છે. આ દર્શાવે છે કે ભારતીય પરિવારોની બચત હવે ભૌતિક સંપત્તિમાંથી નાણાકીય સંપત્તિ તરફ વળી રહી છે. SIP હવે ઈક્વિટી ફંડમાં આવતા રોકાણનો મુખ્ય સ્ત્રોત બની ગયો છે, જે વૈશ્વિક અસ્થિરતા સામે સ્થાનિક બજારને સુરક્ષા કવચ પૂરું પાડે છે.જેપી મોર્ગન માને છે કે ભારતીય મૂડી બજારને ઘરગથ્થુ બચતના નાણાકીયકરણનો સતત લાભ મળતો રહેશે. નીતિગત પગલાં અને છૂટક રોકાણકારોની વધતી ભાગીદારી આ પ્રવાહને વધુ મજબૂત બનાવશે.

## ટેક ફંડિંગમાં ૧૨%નો વધારો, પરંતુ સોદાની સંખ્યા ઘટી

અમદાવાદ : ભારતના ટેકનોલોજી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમે કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ૭.૨ બિલિયન ડોલર એકત્ર કર્યા છે. જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૨ ટકાનો સાધારણ વધારો દર્શાવે છે. માર્કેટ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ ટ્રેક્સનના અહેવાલ મુજબ, ભંડોળ વધ્યું હોવા છતાં, સોદાઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો નોંધાયો છે.અહેવાલ દર્શાવે છે કે ૧ જાન્યુઆરીથી ૨૪ જૂન દરમિયાન, કુલ સોદાઓની સંખ્યામાં ૪૩ ટકાનો ઘટાડો થયો છે, જેમાં રાઉન્ડની સંખ્યા ઘટીને ૬૫૨ થઈ ગઈ છે. આના કારણે ભંડોળ ઊભું કરવાના પ્રયાસો સતત સંકુચિત થયા છે, જે પસંદગીની કેટલીક કંપનીઓ સુધી મર્યાદિત છે.૨૦૨૨ થી, ઓછા, મોટા ભંડોળ ઊભું કરવાના વલણને વેગ મળ્યો છે. આનું કારણ એ છે કે રોકાણકારોએ વધુ શિસ્તબદ્ધ નાણાકીય વાતાવરણ વચ્ચે વધુ આત્મવિશ્વાસપૂર્ણ દાવ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું છે.નોંધનીય છે કે, આ સમયગાળા દરમિયાન એકત્ર કરાયેલી મૂડીનો મોટો હિસ્સો કેટલીક કંપનીઓમાં કેન્દ્રિત હતો. ટોચના ત્રણ ભંડોળ ઊભું કરવાના રાઉન્ડમાં ક્રેડિટ, ૯૦૦ મિલિયન ડોલર, નક્ષત્ર, ૭૧૦ મિલિયન ડોલર અને નેસા, ૬૦૦ મિલિયન ડોલરનો સમાવેશ થાય છે. આ ત્રણ રાઉન્ડમાં ૨.૨ બિલિયન ડોલર, અથવા આ સમયગાળા દરમિયાન એકત્ર કરાયેલી કુલ મૂડીના આશરે ૩૧ ટકાનો હિસ્સો હતો.આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) એક મજબૂત થીમ તરીકે ઉભરી આવ્યું છે, કારણ કે એઆઈ-કેન્દ્રિત સ્ટાર્ટઅપ્સે અન્ય ક્ષેત્રો કરતાં વધુ ઝડપથી યુનિકોર્ન સ્ટેટસ પ્રાપ્ત કર્યું હતું. ૨૦૨૬ના પ્રથમ અર્ધવાર્ષિકમાં ૧ બિલિયન ડોલર મૂલ્યાંકનને પાર કરનાર પાંચ કંપનીઓમાંથી, એઆઈ સ્ટાર્ટઅપ્સ નેસા અને સર્વમે ત્રણ વર્ષથી ઓછા સમયમાં યુનિકોર્ન સ્ટેટસ પ્રાપ્ત કર્યું હતું.

### ૨૦૨૫-૨૬માં રેકોર્ડ ૧૨૦.૬૬ મિલિયન ટન સુધી પહોંચે તેવી શક્યતા

## સરકારી ઘઉંની ખરીદી રેકોર્ડ સ્તરે, ૩૫ મિલિયન ટનથી વધુ

અમદાવાદ : આ વર્ષે, દેશમાં સરકારી ઘઉંની ખરીદીએ એક નવો રેકોર્ડ બનાવ્યો છે. કેન્દ્ર સરકારે ૩૫.૫૪ મિલિયન ટન ઘઉંની ખરીદીનો લક્ષ્યાંક નક્કી કર્યા હતો, પરંતુ ૨૧ જૂન સુધીમાં, ખરીદી વધીને ૩૫.૭૬ મિલિયન ટન થઈ ગઈ હતી, જે લક્ષ્યાંક કરતાં વધુ છે. ગયા વર્ષના સમાન સમયગાળામાં ખરીદાયેલા ૨૯.૯૫ મિલિયન ટન કરતાં આ લગભગ ૧૯ ટકા વધુ છે.સુધારેલ ઉત્પાદન અને વ્યાપક ખરીદી પ્રણાલીને કારણે આ વખતે ખેડૂતો પાસેથી મોટી માત્રામાં ઘઉં ખરીદવાનું શક્ય બન્યું હતું. આ મુખ્યત્વે ઘઉંના ઉત્પાદનમાં વધારો થવાને કારણે છે.કૃષિ મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશનું ઘઉંનું ઉત્પાદન ૨૦૨૫-૨૬માં રેકોર્ડ ૧૨૦.૬૬ મિલિયન ટન સુધી પહોંચી શકે છે, જે ગયા વર્ષની સરખામણીમાં આશરે ૨.૩ ટકાનો વધારો છે. ઉત્પાદનમાં વધારો થવાના પ્રતિભાવમાં, સરકારે ધીમે ધીમે ખરીદી લક્ષ્યાંક વધાર્યો હતો. શરૂઆતમાં તે ૩૦.૩ મિલિયન ટનથી વધારીને ૩૪.૫ મિલિયન ટન કરવામાં આવ્યો હતો, અને પછીથી, રાજ્યની માંગના આધારે, તે ૩૫.૫૪ મિલિયન ટન કરવામાં આવ્યો હતો. રાજસ્થાનમાં રેકોર્ડ ૨.૭૧ મિલિયન ટન ઘઉંની ખરીદી કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશમાં સરકારી ખરીદી ૨.૧૬ મિલિયન ટન સુધી પહોંચી, જે પાછલા વર્ષના કુલ ખરીદી કરતા બમણાથી વધુ છે. બિહારમાં ખરીદી પણ વધીને ૪૦,૩૬૪ ટન થઈ, જે પાછલા વર્ષના કુલ ખરીદી કરતા બમણાથી વધુ છે.પંજાબ અને મધ્ય પ્રદેશે આમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. પંજાબે ૧૨.૧૬ મિલિયન ટન ઘઉંની ખરીદી કરી હતી, જ્યારે મધ્ય પ્રદેશે ૧૦.૪૪ મિલિયન ટન ઘઉંની ખરીદી કરી હતી.

### કંપનીની આ સ્થિતિ પાછળ અનેક વૈશ્વિક કારણો જવાબદાર છે

## ફોક્સવેગનમાં 89 વર્ષના ઈતિહાસની સૌથી મોટી છટણીની તૈયારી

વોલ્ફ્સબર્ગ: વિશ્વની અગ્રણી ઓટોમોબાઈલ કંપની ફોક્સવેગન હાલમાં તેના 89 વર્ષના ઈતિહાસના સૌથી મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી છે. તાજેતરના અહેવાલો અનુસાર, કંપની મોટા પાયે 'જોબ કટ' એટલે કે છટણીની તૈયારી કરી રહી છે, જેની સીધી અસર લગભગ 1 લાખ કર્મચારીઓની નોકરી પર પડી શકે છે. આ નિર્ણય પાછળ યુરોપમાં ઘટતી માંગ અને આંતરરાષ્ટ્રીય સ્તરે વધતી જતી સ્પર્ધા મુખ્ય કારણો માનવામાં આવે છે. કંપનીએ તેના વ્યવસાયિક મોડેલને ટકાવી રાખવા માટે આ આકરો નિર્ણય લીધો છે. કંપનીની યોજના હેઠળ હેનોવર, ઝ્વિકૌ, એમ્ડેન અને ઓડીના નેકાર્સુલ્મ સ્થિત પ્લાન્ટ બંધ કરવાની વિચારણા કરવામાં આવી રહી છે. આ અંગેનો અંતિમ નિર્ણય આગામી દિવસોમાં યોજાનારી બોર્ડ મિટિંગમાં લેવામાં આવે તેવી શક્યતા છે. આ પગલાં દ્વારા કંપની તેના ખર્ચમાં ઘટાડો કરવા અને બદલાતા વૈશ્વિક બજારમાં ફરીથી પગ જમાવવાનો પ્રયાસ કરી રહી છે. ફોક્સવેગન માત્ર કર્મચારીઓની સંખ્યામાં જ નહીં, પરંતુ તેના કુલ રોકાણમાં પણ મોટો કાપ મૂકી રહી છે. અહેવાલ મુજબ, આગામી પાંચ વર્ષમાં કંપની તેના કુલ રોકાણમાં આશરે 15% ઘટાડો કરશે, જેના પગલે કુલ રોકાણ ઘટીને 130 અબજ યુરો પર આવી જશે. આ રણનીતિનો મુખ્ય ઉદ્દેશ્ય કંપનીની આર્થિક સ્થિતિને સુધારવાનો અને કાર્યક્ષમતા વધારવાનો છે.કંપનીની આ સ્થિતિ પાછળ અનેક વૈશ્વિક કારણો જવાબદાર છે. ચીની ઓટોમેકર્સ જેવી કે BYD, Chery, અને SAIC દ્વારા આપવામાં આવી રહેલી સખત સ્પર્ધા ફોક્સવેગન માટે માથાનો દુખાવો બની ગઈ છે. ચીની કંપનીઓ ઓછી કિંમતે અત્યાધુનિક ટેકનોલોજી અને ઈલેક્ટ્રિક કાર બજારમાં ઉતારી રહી છે, જેના કારણે ચીની બજારમાં બિન-ચીની કંપનીઓનો હિસ્સો 2020ના 57% થી ઘટીને 32% પર આવી ગયો છે.

## વોરી એનર્જીસે ચીની સેલના ઉપયોગના આરોપોને ફગાવ્યા

નવી દિલ્હી: ભારતના સૌથી મોટા સોલર પીવી મોડ્યુલ ઉત્પાદક 'વોરી એનર્જીસ' માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (સીબીપી) એ વિગતવાર તપાસ બાદ પુષ્ટિ કરી છે કે કંપનીએ ચીની મૂળના સોલર સેલનો ઉપયોગ કરીને તૈયાર કરેલા સોલર મોડ્યુલ્સની અમેરિકામાં નિકાસ કરી નથી. કંપનીએ તાજેતરના મીડિયા અહેવાલોના સંદર્ભમાં સ્પષ્ટતા કરી છે કે આ તપાસ એક મર્યાદિત અને ચોક્કસ જૂના આયાત એન્ટ્રીના સેટ પૂરતી જ સીમિત હતી.કંપની દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન મુજબ, સીબીપીએ ભારત સ્થિત વોરી એનર્જીસની ઉત્પાદન સુવિધાની રૂબરૂ મુલાકાત અને વેરિફિકેશન કર્યા પછી આ નિષ્કર્ષ કાઢ્યો છે. સીબીપીએ સ્પષ્ટ કર્યું છે કે વોરી એનર્જીસે સમગ્ર તપાસ દરમિયાન સંપૂર્ણ સહકાર આપ્યો છે. વધુમાં, સીબીપીએ કંપની વિરુદ્ધ કોઈ પ્રતિકૂળ તારણ કાઢ્યું નથી અને અરજદારની એવી માંગને પણ નકારી કાઢી છે કે જેમાં વોરી એનર્જીસની તમામ આયાતને 'ઈવેઝન' (કરચોરી) હેઠળ ગણવામાં આવે.કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે સીબીપીનું આ નિર્ધારણ અંતિમ ચુકાદો નથી. વોરી એનર્જીસ હાલમાં તેના યુએસ ટ્રેડ કાઉન્સેલ સાથે મળીને ઉપલબ્ધ તમામ કાયદાકીય વિકલ્પોનું મૂલ્યાંકન કરી રહી છે. અમેરિકી કાયદા મુજબ, કંપનીને વહીવટી સમીક્ષા (Administrative Review) અને ત્યારબાદ યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડ સમક્ષ ન્યાયિક સમીક્ષા માંગવાનો સંપૂર્ણ અધિકાર છે.વોરી એનર્જીસે ભારપૂર્વક જણાવ્યું છે કે કંપની નિયમનકારી પાલન, પારદર્શિતા અને ગવર્નન્સના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે. કંપનીની અમેરિકી કામગીરી હાલમાં સંપૂર્ણપણે સામાન્ય રીતે ચાલી રહી છે. ઉત્પાદન, ગ્રાહકોને ડિલિવરી અથવા અન્ય વ્યવસાયિક પ્રવૃત્તિઓ પર આ તપાસની કોઈ અસર પડી નથી.

આ સ્પષ્ટતા એવા સમયે આવી છે જ્યારે મીડિયાના કેટલાક વિભાગોમાં એવા અહેવાલો વહેતા થયા હતા કે સીબીપી દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં વોરી એનર્જીસે વિયેતનામ અને મલેશિયા સાથે જોડાયેલા ચોક્કસ સોલર ઈમ્પોર્ટ્સ માટે લાગુ પડતા ડમ્પિંગ વિરોધી અને કાઉન્ટરવેલિંગ ડ્યુટી (AD/CVD) ઓર્ડરનું ઉલ્લંઘન કર્યું છે. જોકે, કંપનીએ હવે આ તમામ અટકળોને સત્તાવાર રીતે ફગાવી દીધી છે અને ભવિષ્યમાં પણ જરૂરિયાત મુજબ સત્તાવાળાઓ સાથે સહકાર આપવાની ખાતરી આપી છે. વોરી એનર્જીસ હાલમાં અમેરિકામાં પણ પોતાની સોલર મોડ્યુલ ઉત્પાદન સુવિધા વિસ્તારી રહી છે.

### મોટર સાઈકલ અને આર્યન અને સ્ટીલ પ્રોડક્ટસ થકી નિકાસમાં મોટી વૃદ્ધિ થઈ

## એન્જિનિયરીંગ ગુડઝ ક્ષેત્રની નિકાસ ૧૨.૩૧ અબજ ડોલરની વિક્રમી સપાટીએ

મુંબઈ : ભારતની એન્જિનિયરીંગ ગુડ્ઝની નિકાસો મે ૨૦૨૬ મહિનામાં રેકોર્ડ ૧૨.૩૧ અબજ ડોલરની નોંધાઈ છે. પશ્ચિમ એશિયામાં જીઓપોલિટીકલ ટેન્શન અને ઘર્ષણથી અવરોધો ઊભા થવા છતાં સૌથી વધુ નિકાસ નોંધાઈ હોવાનું ઈઈપીસી ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા આંકડામાં જણાવાયું છે.એન્જિનિયરીંગ નિકાસો મે ૨૦૨૫ મહિનાના ૯.૮૯ અબજ ડોલરની તુલનાએ આ વખતે ૨૪.૪૮ ટકા વધી છે. આ નિકાસનો હિસ્સો ભારતની કુલ મર્ચન્ડાઈઝ નિકાસોમાં ૨૭.૨ ટકા જેટલો રહ્યો હોવાના સરકારના ત્વિરત અંદાજોના આધાર પર જોવાયું છે. એન્જિનિયરીંગ નિકાસોમાં સૌથી મોટું શિપમેન્ટ ઈલેક્ટ્રિક મશીનરી અને ઈક્વિપમેન્ટ, શિપ અને બોટ્સ, મોટર સાઈકલ અને આર્યન અને સ્ટીલ પ્રોડક્ટસમાં વૃદ્ધિ થકી જોવાયું છે. મહિના દરમિયાન ૩૪ એન્જિનિયરીંગ પ્રોડક્ટસ પેનલો પૈકી ૨૮થી વધુમાં નિકાસ વૃદ્ધિ નોંધાઈ છે.નિકાસ કામગીરી વિશે ઈઈપીસી ઈન્ડિયાના ચેરમેન પંકજ ચઢ્ઢાએ જણાવ્યું હતું કે, ક્ષેત્રની વૃદ્ધિ વૈશ્વિક બજારોમાં તેની સ્થિતિસ્થાપકતા અને વધતી જતી સ્પર્ધાત્મકતાને પ્રતિબિંબિત કરે છે. આ સાથે વૈશ્વિક કંપનીઓ પણ હવે સપ્લાય માટે કોઈ એક દેશ ચીન પર વધુ પડતાં નિર્ભર રહેવાને બદલે અન્ય દેશોનો વિકલ્પ અપનાવતી થઈ છે, જેને પરિણામે ભારતીય એન્જિનિયરીંગ કંપનીઓ માટે નવી તકો ઊભરી રહી છે.

આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે, ભારતીય નિકાસકારોએ આ તકોનો લાભ લેવા માટે સ્કેલ, ઉત્પાદન ગુણવત્તા, લોજિસ્ટિક્સ અને ગંતવ્ય-દેશના ધોરણોનું પાલન સુધારવાની જરૂર પડશે. આ સંદર્ભમાં ઝડપી નીતિ રાહત, સસ્તું વ્યાપારી ધિરાણ અને મજબૂત જોખમ સુરક્ષાના સંદર્ભમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનો ટેકો પણ ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, આ ક્ષેત્ર તેની લાંબાગાળાની નિકાસ મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરી શકશે.

એકંદરે, ભારતની એન્જિનિયરીંગ નિકાસ સ્ટોરી સાવચેત આશાવાદની છે. ઉદ્યોગને ખાતરી છે કે, સરકારના યોગ્ય માર્ગદર્શનથી, ૨૦૩૦ સુધીમાં ૨૫૦ અબજ ડોલરની નિકાસના અપેક્ષિત લક્ષ્યાંકને પ્રાપ્ત કરી શકાશે.નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ બે મહિનામાં એન્જિનિયરીંગ નિકાસ ૨૨.૬૬ અબજ ડોલરની રહી, જે પાછલા નાણાકીય વર્ષના સમાનગાળામાં ૧૯.૪૧ અબજ ડોલરની રહી હતી.

### શિપિંગ અને વીમા ક્ષેત્રે અવરોધોને કારણે પુરવઠામાં વિલંબની શક્યતા

## હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખુલવાથી જોખમ ઘટશે છતાં પુરવઠો સામાન્ય થવાનું ખર્ચાળ બનશે: એસ એન્ડ પી

નવી દિલ્હી: એસ એન્ડ પી ગ્લોબલ રેટિંગ્સે તાજેતરમાં પ્રકાશિત કરેલા એક મહત્વના અહેવાલ મુજબ, હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખુલવાથી એશિયા-પેસેફિક ક્ષેત્ર માટે તાત્કાલિક જોખમોમાં ઘટાડો થયો છે. જોકે, અહેવાલમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે ઊર્જા પુરવઠાની સાંકળ પૂર્વવત થવી અત્યંત અનિશ્ચિત અને ખર્ચાળ સાબિત થઈ શકે છે.ગયા મહિને ૧૭ જૂનના રોજ યુ.એસ. અને ઈરાન વચ્ચે એક સમજૂતી કરાર (એમઓયુ) થયો હતો, જેમાં ૬૦ દિવસની અંદર અંતિમ કરાર પર પહોંચવાની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી છે. આ કરાર હેઠળ હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાનો અને વેપારી જહાજોને કોઈપણ વધારાના ચાર્જ વગર પસાર થવાની છૂટ આપવાનો ઉલ્લેખ છે. એસ એન્ડ પી ના મતે, આ પગલું રચનાત્મક છે, પરંતુ ઈરાનનો પરમાણુ કાર્યક્રમ, પ્રતિબંધોમાં રાહત અને પ્રાદેશિક સુરક્ષા જેવા જટિલ મુદ્દાઓ હજુ પણ વણઉકેલાયેલા છે.ભલે હોર્મુઝ સ્ટ્રેટ ખુલી રહી હોય, પરંતુ શિપિંગ, વીમો, બંદરના નિયમો અને ઓપરેશનલ અવરોધોના કારણે પુરવઠાનો પ્રવાહ




સંઘર્ષ પૂર્વેની સ્થિતિમાં પાછા ફરવામાં વિલંબ કરી શકે છે. એશિયા-પેસેફિકના દેશો હજુ પણ ધીમી, મોંઘી અને વધુ ખંડિત ઓપરેટિંગ પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે.એસ એન્ડ પી એ વર્ષ ૨૦૨૬ના બાકીના સમય માટે બ્રેન્ટ ક્રુડના ભાવ સરેરાશ ૧૧૦ ડોલર પ્રતિ બેરલ રહેવાનો અંદાજ જાળવી રાખ્યો છે. જોકે, એવી ધારણા છે કે ૨૦૨૭ સુધીમાં આ ભાવ ઘટીને ૮૦ ડોલર અને ૨૦૨૮ સુધીમાં ૬૫ ડોલર સુધી પહોંચી શકે છે. એશિયા-પેસેફિક ક્રેડિટ રિસર્ચના વડા યુનિસ ટેને જણાવ્યું હતું કે, આ કરારથી મુખ્ય આંચકો તો ઘટ્યો છે, પરંતુ ફિઝિકલ બજારો હજુ સંપૂર્ણપણે સ્વસ્થ થયા નથી.હોર્મુઝની સામુદ્રધુની માત્ર ક્રુડ ઓઈલ માટે જ નહીં, પરંતુ શુદ્ધ ઈંધણ, નેપ્થા, ખાતર અને ઔદ્યોગિક કાચા માલના વહન માટે પણ અત્યંત મહત્વની છે. આ માર્ગ પરના ધીમા પ્રવાહની અસર સીધી રીતે દક્ષિણ એશિયાના દેશો પર પડી રહી છે. ખાસ કરીને ભારત માટે આ સ્થિતિ પડકારજનક છે, કારણ કે ભારત વિશ્વનો સૌથી મોટો યુરિયા આયાતકાર છે અને ગલ્ફ દેશોના પુરવઠા પર નિર્ભર છે.

તેવી જ રીતે, બાંગ્લાદેશ પણ આયાતી ખાતરો અને ગેસ-લિંક્ડ નાઈટ્રોજન માટે આ જ પુરવઠા સાંકળ પર આધાર રાખે છે.વૈકલ્પિક પુરવઠા તરીકે ઉત્તર આફ્રિકા, રશિયા અથવા ચીન તરફથી સપ્લાય મળી શકે છે, પરંતુ તે પ્રક્રિયા વધુ સમય લેનારી અને ખર્ચાળ હશે. આ સ્થિતિમાં, આ ક્ષેત્રની રિઝર્વ બેંકો માટે મુશ્કેલ સમય છે. ફુગાવા અને ચલણના અવમૂલ્યનને રોકવા માટે કડક આર્થિક નીતિઓ અપનાવવી અનિવાર્ય બની છે. નિષ્ણાતોના મતે, જ્યાં સુધી ફિઝિકલ બજારોમાં સ્થિરતા નહીં આવે ત્યાં સુધી પેટ્રોકેમિકલ્સ અને કૃષિ ક્ષેત્રે ઊર્જા અને નૂરના ખર્ચમાં વધારો થતો રહેશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 15

# વૈશ્વિક જળ સંઘર્ષ : ભવિષ્યના યુદ્ધ સ્વચ્છ પાણી માટે થશે

વર્ષ ૨૦૦૦માં પાણી માટે દુનિયાભમાં સંઘર્ષ શરૂ થયા હતા. તે સમયે સામાન્ય ઘટનાઓ થતી હતી. ૨૦૨૨ની વાત કરીએ તો પાણી માટે ૨૩૧ જેટલા મોટા સંઘર્ષ નોંધાયા હતા. ૨૦૨૩માં આ આંકડો વધીને ૩૪૭ પહોંચી ગયો હતો. જાણકારોના મતે છેલ્લાં એક દાયકામાં જે જળ સંઘર્ષ થયા તેમાં ૧૪૭૭ ટકાનો ભયાનક વધારો નોંધાયો છે : દેશના જળાશયોમાં હાલમાં જે જળ ભંડાર છે તે ૭૧.૦૮૨ અબજ ઘન મીટર(બીસીએમ) છે જેમની કુલ ક્ષમતાના માત્ર ૩૮.૭૨ ટકા થાય છે. આ અહેવાલ એપ્રિલ મહિનાની ૩૦ તારીખે રજૂ થયો હતો. તેની પહેલાં ૯ એપ્રિલના અહેવાલમાં આ જ પ્રમાણ ૪૪.૭૧ ટકા જણાવાયું હતું. તેનો સીધો અર્થ એ હતો કે, માત્ર વીસ જ દિવસમાં આ ક્ષમતા ૬ ટકા ઘટી ગઈ હતી : યુએનના અહેવાલો સુચવે છે કે, ૨૦૧૯થી ૨૦૨૧ વચ્ચે ભારતમાં જે હત્યાના કેસ નોંધાયા તેમાંથી અંદાજે ૨૦ ટકા કેસ પાણીના સંઘર્ષ હતા. તેનો અર્થ એ થયો કે, દર પાંચમાંથી એક હત્યા પાણી માટે કરવામાં આવી હતી.

સંયુક્ત રાષ્ટ્રના પૂર્વ મહાસચિવ બુતરસ ઘાલીએ લગભગ ત્રણ દાયકા પહેલાં જણાવ્યું હતું કે, દુનિયામાં જે રીતે પાણીનો વેડફાટ થઈ રહ્યો છે, પાણીમાં પ્રદુષણ ફેલાઈ રહ્યું છે કે, પછી જે રીતે સ્વચ્છ પાણીના સ્ત્રોત ઘટી રહ્યા છે ભવિષ્યની સ્થિતિ અત્યંત ખરાબ આવશે. ભવિષ્યમાં જો ત્રીજું વિશ્વ યુદ્ધ થયું તો તે માત્ર પાણી માટે જ થશે. હાલમાં જોઈએ તો દુનિયાભરના વિચારકો, માનવાધિકાર જાણકારો, પર્યાવરણ બચાવવા મથતા લોકો અને વિવિધ દેશોની સરકારો દ્વારા પણ પાણી બચાવવા અને સ્વચ્છ પાણી મેળવવા માટે જ વાટાઘાટો અને પ્રયાસો કરાઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, પાણીની સમસ્યા અને તેમાંય સ્વચ્છ અને પીવા તથા ઉપયોગમાં લઈ શકાય તેવા પાણીની અછત વિશ્વભરમાં વકરી રહી છે. દુનિયાભરના તમામ દેશો આ માટે નાની-મોટી સમસ્યાઓ ચાલી જ રહી છે. જે-તે સમયે જાણકારો દ્વારા પાણીની અછત વિશે ચેતવણી આપવામાં આવી હતી ત્યારે દુનિયા અંધાધૂંધ વિકાસના રસ્તે દોડી રહી હતી અને ત્યારે પાણીની કિંમત સમજાઈ નહોતી. હવે જે સ્થિતિ થઈ છે તેણે દુનિયાની ઉંઘ ઉડાડી દીધી છે. દુનિયાભરમાં પાણીની વ્યાપક અછત છે. તેના કારણે દર વર્ષે અંદાજે લાખો લોકો હિજરત કરે છે. તે ઉપરાંત ચોખ્ખા પાણીના અભાવમાં દર વર્ષે ૧૪ લાખ લોકોનાં મોત થાય છે. પીવાના ચોખ્ખા પાણીના અભાવમાં તેઓ ગમે તેવું પાણી પી જાય છે અથવા તો ઉપયોગમાં લે છે અને તેના કારણે જીવલેણ બીમારીઓનો ભોગ બનીને જીવ ગુમાવી દે છે.

જાણકારો માને છે કે, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ત્રણ દાયકા પહેલાં જે ચેતવણી ઉચ્ચારવામાં આવી હતી તેના ઉપર હવે તાકીદે વિચાર કરવાનો, આકરો અમલ કરવાનો સમય પાકી ગયો છે. જો ભાવિ પેઢીનું ભવિષ્ય ખરેખર સુરક્ષિત રાખવું હશે તો અત્યારથી જળ સંસાધનોના સંરક્ષણ મુદ્દે કામ કરવું પડશે. તે ઉપરાંત દુનિયાભરના લોકો સુધી સ્વચ્છ પાણીનો પુરવઠો પહોંચી શકે તેવી દરેક દેશમાં વ્યવસ્થા કરવી પડશે. પાણીની જાળવણી અને વહેંચણી યોગ્ય રીતે નહીં થાય તો નાગરિકોને નુકસાન થવાની સાથે સાથે દુનિયાભરના અર્થતંત્રોને પણ વ્યાપક નુકસાન થશે.

વાસ્તવિકતા એવી છે કે, હાલમાં મોટા દેશોમાં, મોટા શહેરોમાં પાણીનો બેફામ સપ્લાય થાય છે, વ્યય પણ થાય છે. દરરોજ કરોડો લિટર પાણી માત્ર બેદરકારીના લીધે ગટરમાં જતું રહે છે જે લાખો લોકોની તરસ છીપાવી શકે છે. સૌથી પહેલાં તો પાણીના સપ્લાય અને તેના ઉપયોગની જવાબદારી નક્કી કરવી પડશે. પાણીની જાળવણી નહીં કરનાર સામે આકરા પગલાં લેવા પડશે. દેશોએ સામાન્ય લોકો સુધી સ્વચ્છ પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવી પડશે. તેના દ્વારા જ માનવ સંસાધનની સુરક્ષા થશે. લોકો સ્વસ્થ હશે તો બિમારીઓ પાછળ તેમનો ખર્ચ ઘટશે અને ઉત્પાદકતા વધશે. જો માત્ર ખર્ચ જ વધ્યા કરશે તો અર્થતંત્ર ઉપર ભાર વધશે. તેને અટકાવવું પડશે.

જાણકારોના મતે દુનિયાભરના મોટા દેશો, જાગૃત દેશોએ પાણીના સંરક્ષણ માટે આગળ આવવું પડશે અને આકરા પગલા લેવા પડશે. થોડા સમય પહેલાં વર્લ્ડ બેન્કે પણ પોતાના એક અભ્યાસમાં પાણીના વેડફાટ અને સંરક્ષણમાં છીંડા અંગે ચેતવણી ઉચ્ચારી હતી. વર્લ્ડ બેન્કના અભ્યાસે જણાવ્યું હતું કે, ગ્લોબલ વોર્મિંગની અસરને પગલે છેલ્લાં કેટલાક વર્ષોથી વરસાદની સ્થિતિ પલટાઈ ગઈ છે. દુકાળ અને ઓછા વરસાદના કારણે પૂરતા પ્રમાણમાં ચોખ્ખું પાણી મળતું નથી અને તેનો સંગ્રહ પણ થતો નથી. વિશ્વ બેંકે જણાવ્યું હતું કે, દુકાળ અને પાણીના વેડફાટ તથા વરસાદની અનિશ્ચિતતાઓના કારણે ૨૦૩૦ સુધીમાં દુનિયાભરના અંદાજે ૭ કરોડથી વધારે લોકો વિસ્થાપિત થઈ જશે. તે સિવાય દુનિયાભરન જળાશયોમાં પાણી સંગ્રહ ક્ષમતા ઘટી ગઈ છે અને અન્ય વ્યવસ્થાઓ પણ ખસ્તાહાલ છે. તે સંજોગોમાં ભવિષ્ય માટે પણ યોગ્ય પાણીનો સંગ્રહ થઈ શકવાનો નથી જેનો માર પણ સહન કરવાનો આવશે.

## ઘડાણી ખાતે કાનૂની જાગૃતિ શિબિર યોજાઈ

# ડ્રગ્સનો દુરુપયોગ અને તેનો ગેરકાયદેસર વેપાર તથા બેંકિંગ ફ્રોડ અંગે માહિતી આપવામાં આવી

મહેશ એલ. સોની નખત્રાણા

તાલુકા કાનૂની સેવા સમિતિ, નખત્રાણા દ્વારા તા. 26 જૂન 2026 ના રોજ ઘડાણી ગામમાં મુસ્લિમ કોમ્યુનિટી હોલ ખાતે કાનૂની જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.હાલના ડિજિટલ યુગમાં વધી રહેલા બેંકિંગ ફ્રોડ તેમજ દારૂ અને ડ્રગ્સના નશાના કારણે સ્વાસ્થ્ય, પરિવાર, સમાજ અને દેશમાં ઊભી સમસ્યાઓ વિશે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી આ નિઃશુલ્ક શિબિર યોજાઈ હતી.

નખત્રાણા કોર્ટના પેરા લીગલ વોલન્ટિયર તરીકે રવાપરના વિશાલ રવજીભાઈ બારમેડા એ ઉપસ્થિત રહી ખૂબ જ સરળ અને દૃષ્ટાંતરૂપ ભાષામાં કાયદાની જોગવાઈઓ સમજાવી હતી.



ડ્રગ્સ અને દારૂના સેવનના કારણે ઊભી થતી શારીરિક, આર્થીક, અને સામાજિક મુશ્કેલીઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. સાથોસાથ ભારત સરકારના નશામુક્ત અભિયાનમાં જોડાઈને પ્રત્યેક નાગરિક પોતાની અહમ ભૂમિકા નિભાવે તે માટે વિશાલ બારમેડાએ ઘડાણીની પ્રજાને આહવાન આપ્યું. વધુમાં બેંકિંગ ક્ષેત્રે થતી છેતરપિંડી અંતર્ગત માહિતી આપતા "OTP કોઈની સાથે શેર ન કરવો", "બેંક ખાતાની તેમજ ATM વિશેની માહિતી અજાણ્યા વ્યક્તિને આપવી નહીં", "અજાણી લિંક પર ક્લિક ન કરવી", "સાયબર હેલ્પલાઈન નંબર 1930 જેવા મુદ્દાઓ પર તેમણે ભાર મૂક્યો હતો. આ પ્રસંગે પેરા લીગલ વોલન્ટિયર પૂનમબેન જોશી ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ગામની બહોળી સંખ્યામાં પ્રજાજનોએ ઉત્સાહભેર હાજરી આપી કાનૂની માર્ગદર્શન મેળવ્યું હતું.કાર્યક્રમના અંતે કોઈપણ પ્રકારની કાનૂની સલાહ કે સહાય માટે નખત્રાણા કોર્ટ ખાતે કાર્યરત ઈ-સેવા કેન્દ્રનો નિઃશુલ્ક સંપર્ક કરવા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો હતો.

# ધોરણ 1 થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓના પરિણામ જ્ઞાતિસેતુમાં પ્રસિદ્ધ થશે, માહિતી મોકલવા અનુરોધ

| મહેશ એલ. સોની નખત્રાણા

સોની સમાજના અગ્રિમ મુખપત્ર "જ્ઞાતિસેતુ"ના આગામી અંકમાં વર્ષ 2025-26ની વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ધોરણ 1 થી કોલેજ સુધીના મારુ કંસારા સોની સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓની સિદ્ધિને બિરદાવવામાં આવશે.

સમાજના જે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ઉચ્ચ ગુણાંક સાથે પાસ થયા છે તેઓની તસવીર સાથે પરિણામની વિગતો જ્ઞાતિસેતુમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. આ માટે સર્વે વિદ્યાર્થીઓને તેમનું પૂરું નામ, ગામ, ધોરણ, ટકાવારી તથા પાસપોર્ટ સાઈઝનો ફોટો વોટ્સએપ અથવા ઈ-મેઈલ દ્વારા મોકલી આપવા જ્ઞાતિસેતુ પરિવાર દ્વારા વિનંતી કરવામાં આવી છે. માહિતી મોકલવાની છેલ્લી તારીખ 05 જુલાઈ 2026 નક્કી કરવામાં આવી છે. વધુ વિગત માટે અતુલ સોની (97250 38140), મનુભાઈ કોટડિયા (96012 75078)નો સંપર્ક કરવા અથવા gnyatisetu@gmail.com પર ઈ-મેઈલ કરવા જણાવાયું છે.

## News Brief

### ગરુડેશ્વર માં સરકારી અધિકારીઓ ના બંગલા પર બુલડોઝર ફેરવી તોડી પડાયા



રાજપીપલા : નર્મદા જિલ્લા ના પ્રવાસન સ્થળ SOU નજીક ગરુડેશ્વર તાલુકા મથકે સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ થયેલ સરકારી અધિકારીઓ ના બંગલાઓ પર તંત્ર એ બુલડોઝર ફેરવી તોડી નાખતા ચકચાર મચી જવા પામી હતી .પ્રાપ્ત માહિતી મુજબ સરકારી નિયમોનો શરતભંગ થતા 5 ઉચ્ચ અધિકારીઓના મોટા બંગલા તોડી પડાયા જે વિગતે જોતા જિલ્લાના ગરુડેશ્વર પાસે ઉચ્ચ અધિકારીઓના સરકારી મકાનો શ્રીસરકાર થતા ડીમોલેશન હાથ ધરાયુ હતું.સ્ટેચ્યુ ઓફ યુનિટી બનતા અહીં જમીનના ભાવ ઊંચકાયા છે તે વખતે સરકાર ની નજર સરકારી અધિકારીઓના બંગલા પર પડી હતી.જેમાં 11 જેટલા તત્કાલીન ઉચ્ચ અધિકારીઓને નર્મદાના તત્કાલીન કલેકટર દ્વારા પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. જાણવા મળ્યા મુજબ આ જમીન મત્સ્યોદ્યોગ ની હતી જેને મહેસુલી જમીન માં ફેરવી વર્ષ 2019 માં આ પ્લોટ ફાળવવા આવ્યા હતા. નર્મદા જિલ્લા માં ફરજ બજાવતા IAS અને GAS અધિકારીઓને આ પ્લોટ ફળવાયા હતા. જેમાં પાંચ અધિકારીઓના બંગલાઓનું ડીમોલેશન હાથ ધરાયુ હતું . ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત એક એવી મોટી ઘટના બની છે કે જેમાં મોટી સંખ્યામાં સરકારી ઉચ્ચ અધિકારીઓને જમીન પ્લોટ ફાળવ્યા બાદ ડિમોલેશનની કામગીરી હાથ ધરાઈ છે.ખાસ કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીકનો આ વિસ્તાર છે જ્યાં દરેક અધિકારીઓને સરકારી રાહે પ્લોટ ફાળવવામાં આવ્યાં હતાં.પરંતુ એની શરત ભંગ થવાને કારણે સરકારના નિયમોનો ભંગ થતો હોવાથી સરકારી મકાનો શ્રીસરકાર થતા સરકારી બાંગ્લાઓ પર. ભુપેન્દ્ર પટેલ સરકાર નું બુલડોઝર ફરી વળ્યુંછે.

## ગેરકાયદેસર રિસોર્ટ્સની કમાણી અને તંત્રની મિલીભગત

# સિંહોના ઘરમાં માણસો ઘૂસ્યા, તો હવે માસૂમોના બલિદાન ક્યાં સુધી..???

કિશોર આર. સોલંકી જાફરાબાદ

અમરેલીના ખાંભા તાલુકાના ચતુરી ગામે પોતાના દાદાનો હાથ પકડીને દૂધ ડેરીએ જઈ રહેલા એક માસૂમ બાળક પર વન્યપ્રાણીના આકસ્મિક હુમલાએ સમગ્ર પંથકને હચમચાવી દીધો છે. આ કરૂણ ઘટના બાદ વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા, સ્થાનિક ધારાસભ્ય જે.વી. કાકડીયા અને ઉચ્ચ વન અધિકારીઓ નો કાફલો પીડિત પરિવારને સાંત્વના આપવા અને વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવાના આશ્વાસનો આપવા ચતુરી ગામે દોડી ગયો હતો. પરંતુ અહીં મોટો સવાલ એ ઊભો થાય છે કે, સરકાર હવે ગમે તેવા લાંબા કે ટૂંકા ગાળાના પગલાં લેવાની વાતો કરે, પણ શું આશ્વાસનો થી વન વિભાગની ઢીલી નીતિના કારણે જીવ ગુમાવનાર માસૂમ બાળક તેના લાચાર પરિવાર પાસે પાછું આવી શકશે...? ગીર અને તેની સરહદે આવેલા ગ્રામ્ય વિસ્તારના લોકો ક્યાં સુધી માત્ર પોકળ વાયદાઓ અને વચનોના સહારે પોતાનું જીવન ગુજારશે અને પોતાના વહાલસોયા સ્વજનોને ગુમાવતા રહેશે...? વાસ્તવિકતા એ છે કે, કરે કોઈ અને ભરે કોઈ જેવો



ઘાટ આજે ગીર કાંઠાના ગામડા ઓમાં સર્જાયો છે. જંગલની સરહદો પર આજે નિયમો ને નેવે મૂકીને એવા અસંખ્ય આલીશાન રીસોર્ટ્સ ધમધમી રહ્યા છે, જે કેવળ કોમર્શિયલ હેતુ અને અંધાધૂંધ કમાણી માટે ચલાવવામાં આવી રહ્યા છે. જ્યારે સિંહોના અસલી અને કુદરતી રહેઠાણ (હેબિટેટ)માં આ પ્રકારે માનવ વસ્તી પાકા બાંધકામો, ફ્લેશ લાઈટો અને થોંઘાટ વધે, ત્યારે વન્યજીવોના જૈવિક ચક્ર પર તેની અત્યંત વિનાશક અસર પડે છે. સિંહો પોતાના હક્કના વિસ્તારો ગુમાવી રહ્યા છે અને માનવ દખલગીરી વધવાના કારણે તેમનો મૂળભૂત અને શાંત સ્વભાવ હિંસક બની રહ્યો છે. વન વિભાગની નાકની નીચે જંગલમાં ચાલતા ગેરકાયદેસર સિંહ દર્શન, બેફામ બનેલા લાયન શો અને પ્રવાસીઓને ખુશ કરવા માટે વન્યજીવોના કુદરતી વર્તન સાથે થતી છેડછાડના કારણે આજે સિંહોનું જૈવિક સંતુલન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. બહારથી આવતા તત્વો અને રિસોર્ટ માલિકો ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરીને કરોડો કમાઈ જાય છે. અને તેનો ભોગ સ્થાનિક ગ્રામજનો અને તેમના માસૂમ બાળકોને બનવું પડે છે. સરકાર હવે છેક સિહોના બદલાયેલા વર્તનની તપાસ કરાવવાની વાતો કરે છે, પરંતુ આ જૈવિક પરિવર્તન પાછળ રિસોર્ટ માફિયાઓ પ્રત્યે વન વિભાગની નરમ નીતિ અને ગેરકાયદેસર ટુરિઝમ જ મુખ્ય જવાબદાર છે તે કડવું સત્ય છે. તંત્ર માત્ર લેખિત રજૂઆતો સ્વીકારવામાં અને મોડી જાગીને મિટિંગો કરવામાં વ્યસ્ત છે, જ્યારે ગીરના લોકો સિંહના ડરના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. હવે વાયદાઓનો સમય પૂરો થઈ ગયો છે. જો ગેરકાયદેસર કોમર્શિયલ રીસોર્ટ્સ પર બુલડોઝર ફરે નહીં, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કડક સકંજો નહીં કસાય અને વન્યજીવોના સંરક્ષણ સાથે સ્થાનિકોની સુરક્ષા માટે નક્કર જમીની કામગીરી નહીં થાય, તો સત્તાધીશોની આ સંવેદનાઓ માત્ર કાગળ પરની ઔપચારિકતા જ બની રહેશે.

### સંખેડા તાલુકાના બક્ષીપંચ મોરચાના મહામંત્રી તરીકે રજનીકાંત જયંતીભાઈ બારીયાની નિમણૂક



| કમલેશ પટેલ | સંખેડા

BJP દ્વારા સંખેડા તાલુકાના બક્ષીપંચ મોરચાના મહામંત્રી તરીકે રજનીકાંત જયંતીભાઈ બારીયાની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકથી પક્ષના કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. રજનીકાંત બારીયાએ તેમની નિમણૂક બદલ પક્ષના જિલ્લા, તાલુકા અને મંડળના વરિષ્ઠ આગેવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પક્ષ દ્વારા સોંપવામાં આવેલી જવાબદારીને તેઓ સંપૂર્ણ નિષ્ઠા, સમર્પણ અને પ્રામાણિકતા સાથે નિભાવશે.બારીયાએ વધુમાં ઉમેર્યું હતું કે, તેઓ સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સતત કાર્ય કરશે. આ પ્રસંગે અનેક કાર્યકરો અને શુભેચ્છકોએ તેમને શુભકામનાઓ પાઠવી હતી અને તેમના કાર્યકાળ માટે સફળતાની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

### ચાણસ્મા ડેપો ખાતે ફરજ બજાવી વયમર્યાદાના કારણે નિવૃત થયેલ એસ ટી કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો



ચાણસ્મા ડેપો ખાતે ડ્રાયવર તરીકે ફરજ બજાવતા દલસંગજી ઠાકોર (લક્ષ્મીપુરા-બ્રાહ્મણવાડાવાળા) વયમર્યાદાના કારણે નિવૃત થતાં ચાણસ્મા ડેપોના કર્મચારીઓ દ્વારા સન્માન સાથે વિદાય યોજાયો હતો સમારંભમાં ઉપસ્થિત ડેપો મેનેજર મનિષા બા ચાવડા એ વિદાય લઈ રહેલ એસટી કર્મચારીનું શેષ જીવન નિરોગી અને તંદૂરસ્ત રહે તેવી શુભેચ્છા પાઠવી હતી આ પ્રસંગે ચાણસ્મા ડેપો ખાતેના યુનિયનના આગેવાનો દિનેશભાઈ ઠાકોર- કંડકટર નરેન્દ્રભાઈ પટેલ અજ્ય ભાઈ બારોટ જીતુભાઈ પટેલ રમેશભાઈ કનુભાઈ



વ્યાસ પ્રદિશભાઈ સહિત ડેપોના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ક્ષત્રિય સમાજ ના યુવકો દ્વારા દલસંગજી નું તલવાર અને ૧૫૦૦૦/- ની રોકડ ભેટ અને સદારામ બાપા નો ફોટો અની સાલ ઓઢાડી ડેપો મેનેજર મનીષાબેન ની ઉપસ્થિતીમાં સન્માન કરાયું હતું

## ૩.૫૩ લાખ બાળકોને આવરી લેવાનો લક્ષ્યાંક

### બનાસકાંઠામાં રાષ્ટ્રીય પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ

પાલનપુર : રાષ્ટ્રીય પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત આજે પાલનપુરના રામલીલા મેદાન સ્થિત શ્રી વિજય હનુમાનજી મંદિરે પોલિયો રસીકરણ બુથનું ઉદ્ઘાટન બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી વસંતભાઈ પુરોહિતના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને પોલિયોના ટીપાં પીવડાવીને અભિયાનનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.બનાસકાંઠા જિલ્લામાં આ રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત કુલ ૩,૫૩,૫૬૧ બાળકોને આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ૧,૨૨૬ રસીકરણ બુથ તેમજ ૧,૨૨૬ ટીમો દ્વારા પ્રથમ દિવસે બુથ આધારિત કામગીરી કરવામાં આવશે, જ્યારે ત્યારબાદના બે દિવસ ઘર-ઘર જઈને (હાઉસ-ટુ-હાઉસ) બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવાની કામગીરી હાથ ધરાશે. ઉપરાંત ૮૮ મોબાઈલ ટીમો અને ૧૨૪ ટ્રાન્ઝિટ પોઈન્ટ દ્વારા પ્રવાસી અને સ્થળાંતરિત પરિવારોના ૦ થી ૫ વર્ષ સુધીના તમામ બાળકોને પણ આવરી લેવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં વાલીઓ પોતાના પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને લઈને ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. સંજય સોલંકી તથા આર.સી.એચ.ઓ. ડૉ. બ્રિજેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને સ્વયંસેવકોએ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવ્યા હતા. સાથે જ વાલીઓને અપીલ કરવામાં આવી હતી કે, દરેક રાષ્ટ્રીય પોલિયો રાઉન્ડ દરમિયાન બાળકોને પોલિયોના ટીપાં અવશ્ય પીવડાવે.

### નેત્રા ખાતે ચાર બુથ પર કાર્યકર્તાઓએ 'મન કી બાત' કાર્યક્રમનું સામૂહિક શ્રવણ કર્યું


જગદીશ પી. દવે દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના નેત્રા ગામે બુથ નં. 235, 236, 237 અને 238 ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના લોકપ્રિય 'મન કી બાત' કાર્યક્રમનું ભાજપના કાર્યકર્તાઓ અને આગેવાનોની ઉપસ્થિતિમાં સામૂહિક શ્રવણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી ગુલામહુસેન બારાચે માહિતી આપતા જણાવ્યું હતું કે દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમના લોકપ્રિય 'મન કી બાત' કાર્યક્રમના માધ્યમથી દેશના નાગરિકોના નાના-નાના સત્કાર્યો અને સમાજમાં થઈ રહેલા સકારાત્મક પરિવર્તનોને સમગ્ર દેશ સમક્ષ રજૂ કરે છે. તેમના પ્રેરણાદાયી સંબોધનથી લાખો લોકોને રાષ્ટ્રસેવા, સમાજકલ્યાણ અને જનહિતના કાર્યોમાં જોડાવાની નવી પ્રેરણા અને શક્તિ પ્રાપ્ત થાય છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'મન કી બાત' માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ દેશના સામાન્ય નાગરિકોના શ્રેષ્ઠ કાર્યોને સન્માન આપતું અને દરેકને રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી બનવા માટે પ્રોત્સાહિત કરતું એક સશક્ત માધ્યમ છે.

## આખરે આ ભગવાન શિવજીનો 'પરચો' જ કહેવાય ને? નાના અંગિયા ગામે ખોદકામમાં કેદારનાથ આકારનું શિવલિંગ પ્રગટ્યું, ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું

મહેશ એલ. સોની નખત્રાણા

ભક્તિ અને આસ્થાનો અદભુત નજારો હાલ નાના અંગિયા ગામે જોવા મળી રહ્યો છે. ગામમાં 140 વર્ષ જૂના પારેશ્વર મહાદેવ શિવ મંદિરનો વાસ્તુશાસ્ત્ર અનુસાર જીર્ણોધાર થઈ રહ્યો છે. આર્કિટેક્ટ



વિશાલ સોમપુરાની દેખરેખ હેઠળ શિવ નિર્માણ સમિતિના કાર્યકરો અને ગ્રામજનો તન-મન-ધનથી સેવામાં જોડાયા છે. દાતાઓ પણ મન મૂકીને દાનની સરવાણી વહાવી રહ્યા છે.પરંતુ આ ધર્મકાર્ય વચ્ચે એક એવી ઘટના બની કે આખું ગામ શિવમય બની ગયું. મંદિરના પાયા માટે ખોદકામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક જમીનમાંથી કેદારનાથના શિવલિંગના આકારને આબેહૂબ મળતી આવતી એક પવિત્ર શિલા પ્રગટ થઈ. મંદિરના પ્રાંગણમાંથી જ આ દિવ્ય શિલા નીકળતા કામ કરી રહેલા શ્રમિકોથી લઈને ગ્રામજનો સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા.


આ ઘટનાએ ગામમાં ચર્ચાનો વિષય જગાવ્યો છે. "શિલા તો ઘણી નીકળે, પણ કેદારનાથ જેવો જ આકાર કેમ?" એ સવાલ સૌના મનમાં છે. શિવભક્તો આને ભગવાન ભોળાનાથનો સાક્ષાત 'પરચો' માની રહ્યા છે. ભક્તોનું માનવું છે કે 140 વર્ષ બાદ મંદિરનો જીર્ણોધાર થઈ રહ્યો છે, એ જ સમયે પ્રભુએ પોતે પોતાની હાજરીનું પ્રમાણ આપ્યું છે. એ સંકેત છે કે મહાદેવને આ જીર્ણોધાર મંજૂર છે અને એમની કૃપા આખા ગામ પર વરસવાની છે.

## ટ્રાન્સમિશન લાઈનોનો વિરોધ કરી રહેલા ખેડૂતોને સમર્થન



ગુજરાતમાં બળજબરીપૂર્વક નાખવામાં આવી રહેલી ટ્રાન્સમિશન લાઈનોનો વિરોધ કરી રહેલા ખેડૂતોને સમર્થન આપવું.આયોજકો અને આગેવાનો: આ કાર્યક્રમ દેવેન્દ્રસિંહ ચુડાસમા અને શૈલેષભાઈ બારોટના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.જનભાગીદારી: ગાંધીધામ-આદિપુર વિસ્તારના 50થી વધુ નોકરિયાત અને ધંધાદારી સામાન્ય નાગરિકો તેમજ રાહદારીઓએ આ પ્રયાસને બિરદાવ્યો હતો.મુખ્ય વિચાર: માત્ર ખેડૂતોનું સમર્થન કરવું એટલું જ નહીં, પરંતુ ગુજરાતના તમામ સામાન્ય નાગરિકો પણ આ વિચાર અને સામાજિક જવાબદારી સાથે જોડાય તેવો છે. સામાજિક કાર્યોમાં જોડાવા માટેદેવેન્દ્રસિંહ અને શૈલેષભાઈ પોતાના વિસ્તારની સ્થાનિક સમસ્યાઓના નિવારણ માટે સંબંધિત સરકારી વિભાગો સાથે સતત સંપર્ક કરી પ્રયાસો કરે છે. જો તમે પણ તેમના સામાજિક કાર્યોમાં જોડાવા માંગતા હોવ અથવા તમારા વિસ્તારના કોઈ સામાજિક કાર્યક્રમ માટે તેમનો સંપર્ક કરવા માંગતા હોવ, તો નીચેના નંબર પર સંપર્ક કરી શકો છો:સંપર્ક નંબર: 9104930302 પ્રેરણાદાયી સુવિચાર"અમે માત્ર પરિણામમાં નહીં પણ પ્રયત્ન કરવામાં માનીએ છીએ. સીધેસીધી પરિણામની આશા રાખવાથી માણસ નિરાશામાં ગરકાવ થઈ જાય છે, જ્યારે સતત પ્રયત્નશીલ વ્યક્તિ અંતે પરિણામ પ્રાપ્ત કરે છે." – દેવેન્દ્રસિંહ

## બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સુંઢા ગામે પ્રાકૃતિક મોડેલ ફાર્મની મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું





પાલનપુર : બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના સુંઢા ગામે આવેલ શ્રી ભીખાભાઈ ભુટકાના બહુચર પ્રાકૃતિક મોડેલ ફાર્મની બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવેએ મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ આધારિત વિવિધ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ બાયોરિસોર્સ સેન્ટરની કામગીરી અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. તેમણે જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત સહિત પ્રાકૃતિક કૃષિ માટે ઉપયોગમાં લેવાતા વિવિધ ઈનપુટ્સની તૈયારી અને તેના ઉપયોગ વિશે જાણકારી મેળવી હતી. ઉપરાંત ફળબાગ, વિવિધ પ્રકારના વૃક્ષો, ટપક સિંચાઈ પદ્ધતિ, કુદરતી સંસાધનોના સંરક્ષણ તેમજ પ્રાકૃતિક ખેતીના વિવિધ મોડેલોનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું.આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા વિકાસનો સંદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ ખેડૂતો માટે ખેતી ખર્ચમાં ઘટાડો કરવાની સાથે જમીનની ફળદ્રુપતા જાળવવામાં, પર્યાવરણનું સંરક્ષણ કરવામાં તથા ઝેરમુક્ત કૃષિ ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.જિલ્લાના વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ પ્રેરાય તે માટે આવા મોડેલ ફાર્મને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત છે.આ પ્રસંગે શ્રી ભીખાભાઈ ભુટકાએ પોતાના પ્રાકૃતિક ખેતીના અનુભવો, બાયોરિસોર્સ સેન્ટરની કામગીરી તેમજ ખેડૂતોને આપવામાં આવતી માર્ગદર્શિકા અંગે વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે આત્મા પ્રોજેક્ટ, બનાસકાંઠાના અધિકારીઓ અને કર્મચારીઓ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના અધિકારીઓ તથા કર્મચારીઓ તેમજ વિસ્તારના પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## સામુહિક આરોગ્ય કેન્દ્ર લીમખેડા ખાતે તાલુકા પંચાયત લીમખેડા ના કારોબારી અધ્યક્ષ શ્રીમતી માયાબેન શાહ ના હસ્તે પોલિયો બુથ નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું





| દિપક રાવલ | દાહોદ લીમખેડા

લીમખેડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોલિયો બૂથનું ભવ્ય ઉદ્ઘાટન: ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોના ટીપાં પીવડાવા મા આવ્યા હતા આ પ્રસંગે લીમખેડાના અગ્રણીઓ અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં:

ડૉ. સી.એમ. મછાર (તાલુકા આરોગ્ય અધિકારી)ડૉ. સ્નેહલ પટેલ (મેડિકલ ઓફિસર, સામુહિક આરોગ્ય કેન્દ્ર લીમખેડા)ડૉ. નિરવ પટેલ (RBSK નોડલ ઓફિસર)તેમજ લીમખેડા આરોગ્ય કેન્દ્રનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો.આ અભિયાન અંતર્ગત વિસ્તારના ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોના બે ટીપાં (દો બૂંદ જિંદગી કી) પીવડાવીને આ ગંભીર બીમારી સામે સુરક્ષિત કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા તમામ વાલીઓને પોતાના બાળકોને અચૂક પોલિયો રસી અપાવવા અપીલ કરવામાં આવી છે.

# જૂનાગઢમાં સિંહબાળને માથામાં લાકડીનો ઘા મારી કરપીણ હત્યા : શંકાસ્પદ હત્યારાને પકડવા પોલીસ અને વન તંત્રનું ઓપરેશન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જૂનાગઢ વન વિભાગના ડુંગર દક્ષિણ રેન્જ હેઠળ આવતા અને જૂનાગઢ શહેરની નજીકના રબારી નેસ વિસ્તારમાંથી આજે આશરે ૭થી ૮ માસની વયના નર સિંહબાળનો મૃતદેહ મળી આવતા વનવિભાગ હરકતમાં આવ્યું છે. મૃત સિંહબાળની હત્યા કરવામાં આવી હોય તેવી શંકા છે. પીએમ રિપોર્ટમાં સિંહબાળને થયેલી ઈજાના કારણે મૃત્યુ થયું હોવાનું પ્રાથમિક કારણ સામે આવ્યું છે. આ અંગે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ ગુનો નોંધીને શંકાસ્પદ શખ્સની ધરપકડ કરવા માટે પોલીસ અને વન વિભાગ દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.રબારી નેસ નજીક ૭થી ૮ માસનાં સિંહબાળનો મૃતદેહ મળી આવ્યો, નખ-દાંત સલામતઃ શા કારણે હત્યા કરાઈ તે રહસ્ય મુખ્ય શંકમંદનાં આશ્રય સ્થાન પર દરોડા વન વિભાગની પ્રાથમિક તપાસ અને સ્થાનિક કડીઓના આધારે રબારી નેસનો સ્થાનિક રહેવાસી બાવન પુના ચાવડા આ ગુનામાં મુખ્ય શંકાસ્પદ તરીકે સામે આવ્યો છે. ઘટના બાદથી જ આરોપી ફરાર છે અને તેનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઓફ આવી રહ્યો છે. આરોપીને ઝડપી પાડવા માટે વન વિભાગ અને પોલીસ વિભાગની અલગ-અલગ ટીમો બનાવીને સંયુક્ત રીતે સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. શંકાસ્પદનાં સંભવિત આશ્રયસ્થાનો પર દરોડા પાડવામાં



આવી રહ્યા છે. પ્રાથમિક તપાસ દરમિયાન મૃત સિંહબાળના કપાળ તેમજ પાછળ નો પગના ભાગે ગંભીર શારીરિક ઈજાઓ જોવા મળી હતી. આ ઈજાઓના આધારે સિંહબાળ પર ક્રુરતાપૂર્વક હુમલો કરવામાં આવ્યો હોવાની પ્રબળ શક્યતા જણાઈ રહી છે. વન વિભાગની ટીમે ઘટનાસ્થળ તેમજ આસપાસના વિસ્તારોમાંથી મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક અને ભૌતિક પુરાવાઓ એકત્રિત કર્યા છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને સિંહબાળના મૃતદેહનું પોસ્ટમોર્ટમ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે ત્રણ નિષ્ણાત પશુચિકિત્સકોની પેનલ દ્વારા કરવામાં આવ્યું છે. પોસ્ટમોર્ટમ દરમિયાન સિંહબાળના શરીર પરની ગંભીર ઈજાઓની પુષ્ટિ થઈ છે. પીએમ રિપોર્ટના વિગતવાર અહેવાલ બાદ મૃત્યુના ચોક્કસ કારણો સ્પષ્ટ થશે.વન વિભાગના ઊચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સિંહના બાળકના આ શંકાસ્પદ મૃત્યુના મામલાને અત્યંત ગંભીરતાથી લેવામાં આવ્યો છે. વન્યજીવ સંરક્ષણ અધિનિયમની કડક કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને ગુનેગારને પકડવા માટે તજવીજ શરૂ કરવામાં આવી છે. શંકાસ્પદ આરોપીએ સિંહબાળને લાકડી વડે ઘા માર્યો હોવાની શંકા છે. માથાના ભાગે તથા પગના ભાગે ગંભીર ઈજા થઈ હતી. આરોપીએ ક્યા કારણથી સિંહબાળને લાકડીના ઘા માર્યા તે આરોપી પકડાયા બાદ સામે આવશે. મૃત સિંહબાળના નખ, દાંત સહિતના શરીરના અંગો સલામત મળી આવ્યા છે.

# રાજુલામાં ૪ માનવભક્ષી સિંહોને હવે આજીવન કેદ, સક્કરબાગ મોકલાશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજ્યમાં સિંહો દ્વારા માનવ વસાહતો પર થતા હુમલાની ઘટનાઓ વચ્ચે વન વિભાગ દ્વારા એક ખૂબ જ મોટો અને કડક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક ઉત્તરાખંડના યુવાન પ્રકાશચંદ્ર પર સિંહોના ટોળાએ જીવલેણ હુમલો કરી ક્રૂરતાપૂર્વક શિકાર કર્યો હતો. આ ઘટનાસ્થળેથી યુવાનનું માથું અને પગ મળી આવતા સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર મચી ગઈ હતી.તપાસમાં માનવ માંસ આરોગ્યાનો ખુલાસો : આ ભયાનક ઘટના બાદ વન વિભાગે તાત્કાલિક એક્શનમાં આવીને ચાર સિંહોને પાંજરે પૂર્યા હતા અને તેમના સેમ્પલ તપાસ માટે સાસણ ખાતે મોકલ્યા હતા. લેબોરેટરી રિપોર્ટમાં આ ચારેય સિંહોએ માનવ માંસ આરોગ્યું હોવાનું સાબિત થતાં, વન વિભાગે આ સિંહોને ભવિષ્યમાં ક્યારેય પણ ખુલ્લામાં ન મૂકવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ ચારેય નરભક્ષી સિંહોને હવે આજીવન સક્કરબાગ ઝૂ (જૂનાગઢ) માં રાખવામાં આવશે અને તેમને ફરી ક્યારેય માનવ વસાહત નજીકના વિસ્તારમાં છોડવામાં નહીં આવે.સ્થાનિકોમાં ભારે રોષ અને ભયનો માહોલ : અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી સિંહો દ્વારા માનવ પર હુમલાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. તાજેતરમાં જ જિલ્લામાં આવી પાંચ જેટલી ગંભીર ઘટનાઓ બની છે, જેમાં ચાર લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે.ચતુરી ગામની ઘટના ખાંભા તાલુકાના ચતુરી ગામમાં પાંચ વર્ષના બાળકને સિંહણ ખેંચી જવાની ઘટના બાદ લોકોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો.વન મંત્રીની મુલાકાત ગ્રામજનોના ભારે વિરોધ પ્રદર્શન અને ઘટનાની ગંભીરતાને જોતા રાજ્યના વન મંત્રી પણ તાત્કાલિક ચતુરી ગામે દોડી આવ્યા હતા.લોકોની માંગ સ્થાનિક લોકો દ્વારા સિંહોના વધતા હુમલાઓ સામે કાયમી અને અસરકારક પગલાં લેવાની માંગ ઉઠાવવામાં આવી છે.મોટો પડકાર ગિર અને આસપાસના વિસ્તારોમાં સિંહોની વધતી અવરજવર અને માનવ વસાહતો તરફ તેમનો વધતો ઝોક હવે વન વિભાગ માટે મોટો પડકાર બની રહ્યો છે. માનવજીવનની સુરક્ષા સાથે સિંહ સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવવા માટે હવે વધુ કડક અને અસરકારક નીતિ ઘડવાની જરૂરિયાત ઊભી થઈ છે.

# ગીરમાં ૩૦૦ સિંહને આશ્રય આપી શકાય તેવા જંગલમાં ૮૯૧ સિંહો રહેવા મજબૂર સિંહોની વસ્તીમાં રેકર્ડબ્રેક વધારો પણ જંગલ વિસ્તાર વધતો નથી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગીર અને તેની આસપાસના વિસ્તારોમાં હાલમાનવઅનેવન્યજીવ વચ્ચેનો સંઘર્ષ ચિંતાજનક સપાટીએ પહોંચ્યો છે. એક તરફ ગીરના જંગલની સિંહોને સમાવવાની વૈજ્ઞાનિક ક્ષમતા મર્યાદિત છે. જ્યારે બીજી તરફ રેવન્યુ વિસ્તારમાં વ્યાપારીકરણ, ડુંગરાઓમાં ફાર્મ હાઉસ-રિસોર્ટના આડેધડ બાંધકામો અને ઉદ્યોગોના કારણે સિંહોનો કુદરતી કોરિડોર રૂંધાઈ રહ્યો છે. વસ્તીના સત્તાવાર આંકડા અને જમીનની બદલાતી સ્થિતિ આ ભયાનક વાસ્તવિકતાની સાક્ષી પૂરે છે. અભયારણ્ય નજીક હોટલ-રીસોર્ટના ગેરકાયદે બાંધકામ, ખાણ માઈનિંગ અને કોરીડોર ઉપરના અનાધિકૃત દબાણોને લીધે સિંહોની સલામતી ઉપર જોખમ.વન વિભાગ અને વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના વિવિધ અભ્યાસો અને વૈજ્ઞાનિક અંદાજો મુજબ ગીર અભયારણ્યની વહન ક્ષમતા ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યનો આશરે ૧૪૧૨ ચોરસ કિલોમીટરનો મુખ્ય વિસ્તાર વૈજ્ઞાનિક દ્રષ્ટિએ માત્ર ૨૫૦થી ૩૦૦ સિંહોને જ આશ્રય આપી શકે તેમ છે. વર્ષ ૨૦૨૫ની વસ્તી ગણતરી મુજબ સિંહોની સત્તાવાર સંખ્યા ૮૯૧ નોંધાઈ હતી. આ આંકડા સ્પષ્ટ કરે છે કે કુલ સિંહોના ૬૦ ટકાથી વધુ સિંહો હવે ગીર ના સંરક્ષિત જંગલન બહાર, મહેસૂલી વિસ્તારો, દરિયાકાંઠાના પટ્ટીઓ અને માનવ વસાહતો નજીક રહેવા મજબૂર બન્યા છે. સિંહોની વસ્તીમાં રેકોર્ડબ્રેક વધારો થયો છે, પરંતુ જંગલનો વિસ્તાર એક ઈંચ પણ વધ્યો નથી.સિંહની વસ્તી વધે તે ગૌરવની બાબત છે પરંતુ વસ્તીના પ્રમાણમાં જંગલનો વિસ્તાર ન વધવો એ




ટાઈમ બોમ્બ સમાન છે. જો વહીવટીતંત્ર દ્વારા ગીરની આસપાસ થતા ગેરકાયદેસર કન્સ્ટ્રક્શન, માઈનિંગ અને કોરિડોર પરના દબાણો તાત્કાલિક દૂર કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં માનવ-સિંહ સંઘર્ષ લોહીયાળ બને તેવી પૂરેપૂરી આશંકા છે.સિંહોમાં ચેપી રોગો ફેલાવવાનું જોખમ : એક જ સીમિત વિસ્તારમાં ક્ષમતા કરતાં વધુ વસ્તી ગીચતા થવાને કારણે સિંહોમાં ચેપી રોગો ફેલાવવાનું જોખમ અનેકગણું વધી ગયું છે. ભૂતકાળમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ અને બેબેસિઓસિસ જેવા રોગોને કારણે સેંકડો સિંહોના મોત આ મર્યાદિત ક્ષમતા અને ઓવરક્રાઉડિંગનું જ પરિણામ હતા.બફર ઝોનમાં પણ સિંહો માટેની ઘટતી જતી જમીન: જમીનની બદલાતી સ્થિતિ અને સંઘર્ષના મુખ્ય કારણો જોઈએ તો ગીરની સરહદે આવેલા ડુંગરાળ વિસ્તારો અને સિંહોના પરંપરાગત માર્ગો પર આધુનિક ફાર્મ હાઉસ, લક્ઝરી રિસોર્ટ્સ અને હોટેલોનો રાફડો ફાટ્યો છે. મોડી રાત સુધી ચાલતી પ્રવૃત્તિઓ સિંહોની મુક્ત અવરજવરને અટકાવે છે. ગામડાઓની સીમમાં આવેલી સરકારી પડતર અને ગૌચરની જમીનો સતત ઘટી રહી છે. આ જમીનો સિંહો માટે બફર ઝોન તરીકે કામ કરતી હતી જે હવે નામશેષ થવાના આરે છે. આ ઉપરાંત ગીરની આસપાસ વધી રહેલા ઉદ્યોગો, ભારે વાહનો ની અવરજવર અને રેલ્વે ટ્રેક તેમજ હાઈવેના વિસ્તરણથી સિંહોના અકસ્માતે મોતના બનાવો વધ્યા છે.નવા સુરક્ષિત કોરિડોર વિકસાવવા અનિવાર્ય: વન્યજીવ પ્રેમીઓ અને પર્યાવરણવિદો માંગ કરી રહ્યા છે કે સિંહો માટે બ્રેકિંગ પોઈન્ટ આવી ચૂક્યો છે અને હવે સિંહોના લાંબાગાળા ના સંરક્ષણ માટે સેટેલાઈટ પોપ્યુલેશન અને નવા સુરક્ષિત કોરિડોર વિકસાવવા અનિવાર્ય છે.

# જાફરાબાદના બાબરાકોટ રિઝર્વ ફોરેસ્ટમાં માઈનિંગ દરખાસ્ત સામે વન્યજીવ પ્રેમીઓનો વિરોધ : મુખ્યમંત્રીને રજૂઆત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગીરમાં એશિયાઈ સિંહોના સંરક્ષણ, તેમના કુદરતી નિવાસસ્થાનના જતન અને માનવ-સિંહ સંઘર્ષના નિવારણ માટે વન્યજીવ કાર્યકર્તા અને 'Save Lion' સંસ્થા ચલાવતા મયંક ભટ્ટ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને તાત્કાલિક પગલાં લેવાની માંગ કરવામાં આવી છે.પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ગીર પૂર્વ વન વિભાગના અધિકાર ક્ષેત્ર હેઠળ આવતા અમરેલી જિલ્લાના બાબરાકોટ વિસ્તારના રિઝર્વ ફોરેસ્ટમાં એક સિમેન્ટ કંપની દ્વારા ૭૫.૯૪ હેક્ટર વિસ્તારમાં માઈનિંગ પ્રવૃત્તિ કરવા માટેની દરખાસ્ત હાલ વિચારણા હેઠળ છે. આ દરખાસ્તને મંજૂરી આપવાથી વન વિભાગના "રાજુલા- બાબરાકોટ કોસ્ટલ હાઈવે, પીપવાવ, કોવાયા" કોરિડોર નંબર-૨૦ને ભારે નુકસાન થશે. છેલ્લા ત્રણ મહિનાના પૂનમ અવલોકન મુજબ આ



વિસ્તારમાં આશરે ૫૧ જેટલા સિંહો વિહરી રહ્યા છે અને અહીં આશરે ૫,૫૦૦ જેટલા પુખ્ત વૃક્ષો આવેલા છે. જો માઈનિંગ માટે જમીનનું લેન્ડ ડાઈવર્ઝન કરવામાં આવે તો ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ- ૧૯૮૦ની જોગવાઈઓનું ઉલ્લંઘન થશે અને સિંહો તેમજ દીપડા જેવા વન્ય પ્રાણીઓનું નિવાસસ્થાન કાયમી ધોરણે નષ્ટ થઈ જશે.આ ઉપરાંત પત્રમાં વન વિભાગના સ્થાનિક રોજમદારો અને ટ્રેકરોની કામગીરી પર સવાલો ઉઠાવવામાં આવ્યા છે કે તેઓ ફરજ પર હાજર ન હોવા છતાં હાજરી નોંધાવે છે અને વન વિભાગ પાસે સિંહોના લોકેશનની સાચી માહિતી ઉપલબ્ધ રહેતી નથી. કેટલાક કિસ્સાઓમાં વનકર્મીઓ અને પોલીસકર્મીઓ દ્વારા ગેરકાયદેસર સિંહ દર્શન કરાવવામાં આવતા હોવાના આક્ષેપો પણ કરાયા છે. વન્યજીવ કાર્યકર્તા દ્વારા સિંહોના તાજેતરના મૃત્યુની વૈજ્ઞાનિક તપાસ કરવા, બાબરાકોટ સહિતના વન વિસ્તારોમાં માઈનિંગની દરખાસ્તની પુનઃસમીક્ષા કરવા, ખુલ્લા કૂવાઓ ફરતે દીવાલ બનાવવા, સિંહોના લોકેશન માટે જીપીએસ આધારિત ડિજિટલ મોનિટરિંગ સિસ્ટમ ફરજિયાત કરવા અને વન વિભાગની કામગીરી નું સ્વતંત્ર ઓડિટ કરાવવા સહિતની ૧૧ મુદ્દાની માંગણીઓ સાથે મુખ્યમંત્રીને યોગ્ય નિર્ણય લેવા વિનંતી કરવામાં આવી છે.

# વરસાદના વિલંબ વચ્ચે એગ્રોસેલ ફાઉન્ડેશનની સરાહનીય પહેલ, ગોરેવાલી જૂથ ગ્રામ પંચાયતના માલધારીઓને અડધા ભાવે ઘાસચારાનું વિતરણ

જગદીશ પી. દવે, દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લામાં વરસાદ ખેંચાતા પશુઓ માટે ઘાસચારાની અછત સર્જાઈ રહી છે. આવી પરિસ્થિતિમાં એગ્રોસેલ ફાઉન્ડેશન દ્વારા ગોરેવાલી જૂથ ગ્રામ પંચાયતના માલધારીઓને અડધા ભાવે ઘાસચારાનું વિતરણ કરી નોંધપાત્ર સેવાકાર્ય કરવામાં આવ્યું. ગોરેવાલી ખાતે યોજાયેલા આ વિતરણ કાર્યક્રમમાં ઉપસરપંચશ્રી અમીરઅલી મુતવા, ઈશા મેરાણ મુતવા, અબ્દુલ કરીમ મુતવા, કમરુદિન મુતવા તેમજ એગ્રોસેલ ફાઉન્ડેશન તરફથી ફતેમામદ મુતવા અને પ્રતાપ ચાવડા



ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગામના વડીલો, આગેવાનો અને મોટી સંખ્યામાં માલધારીઓએ હાજરી આપી હતી.સમગ્ર ઘાસચારા વિતરણની કામગીરી શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવામાં આવી હતી. માલધારીઓએ એગ્રોસેલ ફાઉન્ડેશનની આ માનવતાભરી પહેલને આવકારી આભાર વ્યક્ત કર્યો હતો. વરસાદના અભાવે પશુપાલકોને પડતી મુશ્કેલીઓ વચ્ચે આ પ્રકારની સહાય ખૂબ જ રાહતરૂપ સાબિત થઈ હોવાનું ઉપસ્થિતોએ જણાવ્યું હતું.

# બોરતલાવ તાલુકા પંચાયત મત વિસ્તારના માલપુર ગામે પીવાના પાણીની સુવિધા માટે બોરમોટરનું લોકાર્પણ ભાવિકાબેન વિશાલભાઈ પટેલના હસ્તે સંપન્ન કરાયું



રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

આ બોરમોટરનું કાર્ય ભાવિકાબેન વિશાલકુમાર પટેલના જન્મદિવસ નિમિત્તે શ્રીફળ વધેરીને પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ સુવિધાથી ગામજનોને હવે પીવાના પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે.આ પ્રસંગે, મહાદેવ મંદિર પરિસરમાં નવા પેવર બ્લોક લગાવવાનું વચન પણ આપવામાં આવ્યું હતું, જેથી મંદિર પરિસર સ્વચ્છ અને સુવિધાસભર બની શકે.આ લોકાર્પણ કાર્યક્રમમાં માલપુરના સરપંચ મહેશભાઈ તડવી, ગામના વડીલો, હિતેષભાઈ પટેલ અને અન્ય સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ ગામના સર્વાંગી વિકાસ માટે સતત પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# જૂનાગઢના પાદરીયા ગામેથી પલ્સ પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

રાષ્ટ્રીય પલ્સ પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત આજે જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીએ જૂનાગઢ તાલુકાના પાદરીયા ગામની પ્રાથમિક શાળા ખાતેથી ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોની રસીના ટીપાં પીવડાવી અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કલેક્ટરશ્રી એ બાળકોને પોલિયોની રસીના ટીપાં પીવડાવી પોલિયોમુક્ત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવા માટે તમામ વાલીઓ ને પોતાના ૦ થી ૫ વર્ષના બાળકોને દરેક પોલિયો રાઉન્ડ દરમિયાન રસીના બે ટીપાં અવશ્ય પીવડાવવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, બાળકને અગાઉ પોલિયોની રસી અપાઈ હોય તો પણ દરેક અભિયાન દરમિયાન રસી પીવડાવવી એટલી જ જરૂરી છે.જૂનાગઢ જિલ્લામાં પલ્સ પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત જિલ્લાના તમામ ગામો અને શહેરી વિસ્તારોમાં પોલિયો બૂથો તેમજ ઘર-ઘર મુલાકાત દ્વારા બાળકોને રસીના ટીપાં પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાનમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, આશા કાર્યકરો, આંગણવાડી બહેનો તેમજ સ્વયંસેવકો સક્રિયપણે જોડાયા છે.જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીએ જણાવ્યું હતું કે, દેશના હિમાલય વિસ્તારથી લઈને જંગલોના છેવાડે વસતા અંતિમ વ્યક્તિ સુધી એકપણ બાળક પોલિયોની



રસીથી વંચિત ન રહે તેવા ઉદ્દેશ્ય સાથે પલ્સ પોલિયો અભિયાન સફળતાપૂર્વક અમલમાં છે. તેમણે જણાવ્યું કે, આરોગ્ય વિભાગની ટીમ, આંગણવાડી કાર્યકરો, આશા વર્કરો, એફ.એચ.ડબ્લ્યુ. બહેનો તેમજ આરોગ્ય અધિકારીઓની સતત મહેનત અને સમર્પિત કામગીરીના પરિણામે વર્ષ ૨૦૧૧થી પોલિયાનો એકપણ કેસ નોંધાયો નથી.આ કાર્યક્રમમાં RCHO ડૉ.મનોજ સુતરીયા, THSOબીડૉ. ગિરીશ ચાવડા, ડુંગરપુરના મેડિકલ ઓફિસર, ડૉ.હિરેન જોષી, સુપરવાઈઝરશ્રી પ્રજેશ શેખાવત, ગામના સરપંચશ્રી વેલજીભાઈ પાથર સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, બાળકો, વાલીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોટા કરોડિયા ગામે નિઃશુલ્ક નેત્ર નિદાન અને ફિઝિયોથેરાપી કેમ્પ યોજાયો



જગદીશ પી. દવે, દેશલપર (ગુંતલી)

મોટા કરોડિયા ગામે આજે નિઃશુલ્ક નેત્ર નિદાન તથા ફિઝિયોથેરાપી કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. કેમ્પમાં મોટા કરોડિયા, નાના કરોડિયા તેમજ આસપાસના ગામોના મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.કેમ્પ દરમિયાન ડૉ. અરુણાબેન દ્વારા દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. સાથે ફિઝિયોથેરાપી વિભાગ દ્વારા પણ દર્દીઓનું નિદાન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેમ્પમાં કુલ 162 દર્દીઓની ઓપીડી તપાસ કરવામાં આવી હતી, જ્યારે 22 દર્દીઓને નિઃશુલ્ક આંખના ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યા હતા. દર્દીઓને ચશ્માના નંબર કાઢી આપવામાં આવ્યા, જરૂરિયાતમંદોને નિઃશુલ્ક ચશ્મા, આંખના ટીપાં અને દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. પસંદ કરાયેલા દર્દીઓના ઓપરેશન સીઆરસી અંધજન મંડળ, ભુજ દ્વારા નિઃશુલ્ક કરવામાં આવશે.કેમ્પના સફળ આયોજનમાં ગામજનોનો નોંધપાત્ર સહયોગ રહ્યો હતો. સેવા કાર્યમાં લખમણ ગઢવીએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. કેમ્પના પ્રચાર-પ્રસારની જવાબદારી પચાણ ગઢવી અને કાનજી મહેશ્વરીએ નિભાવી હતી. ઉપરાંત નલિયા ગાયત્રી પરિવારના હરેશભાઈ ઠક્કરનો પણ સરાહનીય સહયોગ રહ્યો હતો.આ પ્રસંગે પચાણ ગઢવીએ જણાવ્યું હતું કે, 'આવા આરોગ્ય કેમ્પોથી ગામના લોકોને ઘરઆંગણે નિષ્ણાત ડૉક્ટરોની સેવા મળે છે. આંખોની સમયસર તપાસ, નિઃશુલ્ક ચશ્મા અને ઓપરેશન જેવી સુવિધાઓથી સામાન્ય અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને ખૂબ મોટો લાભ થાય છે. ભવિષ્યમાં પણ આવા સેવાકીય કેમ્પો યોજાતા રહે તેવી અમારી લાગણી છે.'

# માળિયાહાટીના તાલુકામાં પોલિયો રસીકરણ અભિયાનનો આરંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના માળિયાહાટીના તાલુકામાં પોલિયો રસીકરણ અંતર્ગત ૦ થી ૫ વર્ષ સુધીના તમામ બાળકોને પોલિયો મુક્ત કરવા માટે વ્યાપક રસીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશને લોકભોગ્ય બનાવવા અને જનજાગૃતિ ફેલાવવા માટે આજ રોજ તમામ પોલિયો બૂથ પર સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓ, જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, સદસ્યશ્રીઓ, સામાજિક અને અગ્રણીઓ તેમજ જે-તે ગામના સરપંચશ્રીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરી બૂથનું વિધિવત ઉદ્ઘાટન કર્યું હતું.આ અભિયાન અંતર્ગત તાલુકાના અંદાજે ૧૨,૦૦૦ જેટલા ભૂલકાઓને 'દો બૂંદ જિંદગી કી' એટલે કે પોલિયો વિરોધી રસીના ટીપાં પીવડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.આ કામગીરીને સફળ બનાવવા માટે સમગ્ર માળિયા તાલુકામાં કુલ ૧૦૪ પોલિયો બૂથ કાર્યરત કરવામાં છે. આ બૂથ પર સવારથી જ રસીકરણની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. આ સંપૂર્ણ રાષ્ટ્રીય કાર્યક્રમ સુચારુ રૂપે સંપન્ન થાય તે માટે કુલ ૧૬૬ ટીમો બનાવવામાં આવી છે, જેમાં હેલ્થ સ્ટાફ, આશા બહેનો, આંગણવાડી ના બહેનો તેમજ અન્ય સ્વયંસેવકો મળીને કુલ ૩૬૦ જેટલો ઉત્સાહી સ્ટાફ ખડેપગે સેવા આપશે. જેમાં તા.૨૯ અને ૩૦ જૂન દિવસ સુધી ઘરે ઘરે જઈને બાકી રહેલા બાળકોને ટીપા પીવડાવામાં આવશે.આ સમગ્ર રસીકરણ ઝુંબેશનું સંચાલન અને દેખરેખ સી.ડી.એચ.ઓ. (CDHO) જૂનાગઢ ડો. અલ્પેશ સાલ્વી, આર.સી.એચ.ઓ. (RCHO) જૂનાગઢ ડો. મનોજ સુતરીયા, તેમજ ટી.એચ.ઓ. (THO) માળિયા ડો એન.જી.ડાભી ના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

# R&Bની મનમાની: નખત્રાણા-ભુજ લખપત માર્ગે વેપારીઓ ઉજડ્યા, કોંગ્રેસ લડતના મૂડમાં

રિપોર્ટર । મહેશ.એલ.સોની

નખત્રાણા-ભુજ લખપત માર્ગ પ્રશ્ને જિલ્લા સમાહર્તાની જમીન સંપાદન બેઠકમાં રજૂઆત કરવા છતાં માર્ગ-મકાન પેટા વિભાગ દ્વારા કોઈ કામગીરી શરૂ ન કરાઈ, પરંતુ દબાણ હટાવવાની મનમાની ચાલુ રાખવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા વેપારીઓ અને દબાણકર્તાઓને પૂરતો સમય આપ્યા વગર જ તવાઈ બોલાવાઈ રહી છે.નખત્રાણા કચેરીના ચેતન બોરાડ દ્વારા ગુરુવારે નોટિસ ફટકારવામાં આવી અને બે દિવસ રજા હોવા છતાં રવિવારે જ પોલીસ બંદોબસ્ત સાથે 40 દબાણકર્તાને નુકસાન પહોંચાડી દેવાયું. રજાનો દિવસ હોવા છતાં તાલુકા પંચાયત સદસ્ય કાજલબેન ગઢવીના પ્રતિનિધિ રમેશભાઈ ગઢવી ગ્રામ પંચાયત પરિવાર સાથે મામલતદારને મળ્યા અને થોડો સમય આપવા આજીજી કરી, પરંતુ R&B અધિકારીએ સાંભળવાનો સદંતર ઈન્કાર કરી દીધો. તાલુકા પંચાયત સદસ્ય શ્રી અશ્વિનભાઈ રૂપારેલ દ્વારા પણ તંત્રને રજૂઆત કરાઈ હતી કે રોડની કામગીરી શરૂઆત પૂર્વે નિયમ મુજબ જગ્યા ખાલી કરી આપવામાં આવશે, પરંતુ હાલ રોડની કોઈ પ્રક્રિયા ચાલુ ન હોવા છતાં તંત્ર લોકોની રોજગારી છીનવી રહ્યું છે. નખત્રાણા ગામતળમાં 12 મીટરની જગ્યાએ તંત્ર કોઈ કામગીરી કરતું નથી, પણ નાના વેપારીઓને સતત ત્રીજી વખત દબાણ હટાવના નામે ઉજાડવામાં આવી રહ્યા છે.પોલીસ બંદોબસ્ત હેઠળ કોંગ્રેસ દ્વારા કરાયેલી રજૂઆત પણ તંત્રએ સાંભળી નથી તો તંત્ર શું સાબિત કરવા માંગે છે ? હાલ નખત્રાણાથી દયાપરના રોડ પર પડેલા ખાડા પૂરવાને બદલે ફોરલેનના નામે દબાણ હટાવવું કેટલું વ્યાજબી છે? તેવા સવાલો ઉઠી રહ્યા છે.આ મામલે આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા આક્રમક લડતના મંડાણ થશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# સિનિયર સિટીઝન બ્રહ્મ ગૃપ, જૂનાગઢ દ્વારા ભવનાથ મહાદેવ મંદિર ઉપર ધજા ચડાવવાનો કાર્યક્રમ યોજાયો

સિનિયર સિટીઝન બ્રહ્મ ગૃપ, જૂનાગઢ દ્વારા તા.૨૮-૦૬-૨૦૨૬ ને રવિવારનાં રોજ સવારે ૮.૦૦ કલાકે ભવનાથ મહાદેવ મંદિર ઉપર ધજા ચડાવવાનો કાર્યક્રમ રાખવામા



આવેલ, તેમાં શાસ્ત્રોક્ત વિધિથી ભવનાથ મહાદેવની તથા ધજા પુજા શ્રી યોગેશભાઈ વ્યાસ, રાજુભાઈ વ્યાસ, બિપીનભાઈ ભટ્ટ, નરેન્દ્રભાઈ દવે અને શૈલેષભાઈ પંડ્યા , મહેશભાઈ વ્યાસ એ કરી હતી ત્યારબાદ ઉપસ્થિત દરેક સિનિયર સિટીઝનોએ વારાફરતી ધજાને માથા ઉપર લઈને હર હર મહાદેવના નાદ સાથે પ્રદક્ષિણા કરી હતી ત્યારે દર્શનાર્થીઓ પણ સાથે જોડાતા શિવમય, ભક્તિમય વાતાવરણ થઈ ગયું હતું.આ સમયે મોટી સંખ્યામાં સિનિયર સિટીઝનો જોડાયા હતાં તેમાં ૯૨ વર્ષના શ્રી વજુભાઈ દવે, હસમુખભાઈ રાવલ, નિલાબેન વ્યાસ, ભાવનાબેન ઠાકર, ભાવનાબેન દવે, પુષ્પાબેન, રાજુભાઈ ભટ્ટ, યોગેશભાઈ વ્યાસ, રાજુભાઈ વ્યાસ, બિપીનભાઈ ભટ્ટ, નરેન્દ્રભાઈ દવે અને શૈલેષભાઈ પંડ્યા , મહેશભાઈ વ્યાસ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ભક્ત અને ભગવાન

ભગવાન સ્વયં પણ "રાધા"સ્મરણ માં તલ્લીન રહેતા હતા,રાધા કોણ? ભક્ત એ ભગવાન ને પૂછ્યું ત્યારે ભગવાન બોલ્યા હતા કે મારી અંતરંગ સખી છે જેની નજર ને મારા સિવાઈ અન્ય કશુંય જોવું નથી. રાધા મારા હૃદય ની ધડકન છે નિત્ય ત્યાં વસે છે.ભલે લક્ષ્મી પતિ કહેવાવ છું પણ પ્રિયતમા રાધા ના પગલે પગલે વૃંદાવન માં નિત્ય વાસ કરું છું. શરદ પૂનમ ના દિવસે વૃંદાવન માં ભગવાન કૃષ્ણ સાથે રાસ રમતી વખતે ગોપીઓ એ અનુભવ્યું કે કૃષ્ણ તો આરાધિકા ની શોધમાં ખોવાયા છે. ઉદ્ધવજી વૃંદાવન માં આવીને ભગવાન શ્રી કૃષ્ણ નો સંદેશ સંભળાવ્યો ત્યારે ગોપીઓ રડી ને પ્રલાપ કરવા લાગી હતી પરંતુ રાધાજી ના નયનો બંધ હતા. ઉદ્ધવજી ને આશ્ચર્ય થતા એણે રાધાજી ને પૂછ્યું ત્યારે ધીમેથી રાધાજી એ આંખ ખોલીને કહ્યું કે ઉદ્ધવ,મારા કૃષ્ણ એક પળ માટે પણ મારાથી દૂર થયા નથી એટલે કૃષ્ણ વિયોગ શું સમજાતું નથી? ઉદ્ધવજી એ રાધાજી ની બન્ને આંખો માં ભગવાન શ્રી કૃષ્ણ ની ઝાંખી કરી ત્યારે ગદગદ થતા રાધાજી ના ચરણો માં પડી ગયા હતા. કૃષ્ણ તત્વ ને સમજવું મુશ્કેલ છે જેનો એ હાથ પકડે છે ને એની નજીક આવતા દૃશ્ય અદૃશ્ય સમસ્યા ને એ હલ કરી નાખે છે. અમૃત મંથન વખતે દેવો દાનવો ને અમૃત કુંભ મળતા જ ખેંચખેચી કરતા જોઈને ભગવાન એ મોહિની સ્વરૂપ ધારણ કર્યું હતું. ભગવાન ના મોહિની સ્વરૂપ ની સુંદરતા થી આકર્ષાય ને દાનવો આકર્ષાય ગયા હતા બધા મનોમન ઈચ્છતા હતા કે કાશ અમૃત કુંભ ના બદલે આ સુંદરી મળી જાય.દેવાધિ દેવ મહાદેવજી એ જ્યારે દેવો અને દાનવો પાસે ભગવાન ના મોહિની સ્વરૂપ ની સુંદરતા વિશે વાત સાંભળી ત્યારે એમણે મનોમન મોહિની સ્વરૂપ ના દર્શન કરવાની ઈચ્છા સેવી. લક્ષ્મી પતિ વિષ્ણુ ભગવાન આગળ ભગવાન ભોળાનાથે મોહિની સ્વરૂપ ના દર્શન ની ઈચ્છા વ્યક્ત કરી. માતા પાર્વતી જી એ પતિ ને ના પાડી હોવા છતાંય ભગવાન ભોળા જીદે ચડ્યા. કૈલાસ પર્વત થી અંતર્ધ્યાન થઈને અચાનક સ્ત્રી સ્વરૂપ ધારણ કરીને કૈલાસ વન માં ફરવા લાગ્યા. ભગવાન ભોળાનાથ ની નજર કૈલાસ વન માં ફરતી સુંદરી તરફ જતા એ "શિવ છે" ભૂલી ને કૈલાસ પર્વત પર ફરતી યુવતી જ્યાં જ્યાં ગઈ ત્યાં ત્યાં એની પાછળ પાછળ ફરવા લાગ્યા.અચાનક



વન સ્ત્રી નો દુપટ્ટા નો છેડો શિવજી ના હાથ માં આવતા એ બોલ્યા કે સુંદરી દર્શન આપો.. ભગવાન વિષ્ણુ એ મૂળ સ્વરૂપ ધારણ કરીને પાછળ ફરી ભગવાન શિવ તરફ જોયું. ભગવાન ના મોહિની સ્વરૂપ ના દર્શન કરતા જ ભગવાન ભોળાનાથ જોતાજ જ આકર્ષાયા હતા તો સામન્ય માણસ નું સમજી શકાય છે.

ગોપ ગોવાળો સાથે કૃષ્ણ બલરામજી સાથે મસ્તી તોફાન માં ગાયો ચરાવતા ચરાવતા વૃંદાવન થી ખૂબ દૂર માં નીકળી ગયા હતા.એક તો સખત તાપ અને ઉપરથી વન માં વનફળ દેખતા નહતા. બધાને ચાલતા ચાલતા ખૂબ પણ થાક લાગ્યો હતો ને ઉપર થી તરસ પણ લાગી હતી. ગોપાલકો એ કૃષ્ણ બલરામ આગળ આવી ને કહ્યું કે અમે બધા ભૂખ તરસ થી વ્યાકુળ છીએ. ભગવાન શ્રી કૃષ્ણ એ ગોપ ગોવાળો નો ભૂખ તરસ ને ઉપાય સૂચવતા કહ્યું કે મારા પ્યારા ગોપાલકો નિષ્ફળતા થી ભયભીત થવાના બદલે પ્રયત્નો કરતા રહેવાના.સતત પ્રયત્નો કરવાની આદત એક વખત તો સફળતા અપાવશે જ. ગોવાળો ગયા બ્રાહ્મણો ને ત્યાં ને ભિક્ષા માટે ખૂબ યાચના કરી પરંતુ બ્રાહ્મણો દંભ અને અભિમાન ના લીધે ખાલી હાથે પાછા ફર્યા ત્યારે ભગવાન એ ગોપ ગોવાળો ને સમજાવ્યું કે વારંવાર પરિશ્રમ કરવાથી ધરેલ બધું મળે છે તાત્કાલિક બ્રાહ્મણ પત્ની ઓ પાસે જઈને કહેજો કે કૃષ્ણ બલરામ આપના નિવાસસ્થાન નજીક પધાર્યા છે ને ભૂખ તરસ થી વ્યાકુળ છે.માન્યું કે વેદ વાદી બ્રાહ્મણો ઈશ્વર પ્રાપ્તિ માટે પૂજા હવન કરી રહ્યા છે એટલે હોમ હવન પહેલા ભિક્ષા આપશે નહી.




- રુપાલી દવે

શાસ્ત્ર કહે છે કે હોમ હવન ના સમયે સંન્યાસી ને જ અન્નદાન કરી શકાય છે.ચિંતા ન કરો ફરી ત્યાં તો બ્રાહ્મણ સ્ત્રીઓ આગળ ભિક્ષા માંગવા જાવ. તાત્કાલિક ગોપાલકો બ્રાહ્મણ ને ત્યાં જઈ ને એમની પત્ની ઓ પાસે ભોજન ની યચના કરતા કહ્યું કે માતા, કૃષ્ણ બલરામ આપના નજીક માં જ પધાર્યા છે અત્યારે ભૂખ તરસ થી વ્યાકુળ છે.બ્રાહ્મણ પત્નીઓની ગોપાલક ની યચના સાંભળતાવેંત પાત્ર માં વિવિધ ભોજન ની વાનગીઓ ભરી ને પતિઓનાં ગુસ્સા ને નજર અંદાજ કરી ને ફટકાર ભગવાન ના દર્શન ની લાલસા એ જમાડવા ચાલી નીકળી..

'ભોળી રે ભરવાડણ હરી ને વેચવા ને હાલી રે..
ચૌદ લોક ના નાથ ને મટુકી માં ઘાલી રે.
શેરીએ શેરીએ સાદ પાડે છે લેવા રે મોરારી રે..'

શંખ ચુડ નામના કુબેરનો અનુયાયી એ નિર્દોષ ગોપીઓ નું અપહરણ કર્યું ત્યારે ભગવાન એ રડતી ગોપીઓને હે કૃષ્ણ! હે બલરામ અમને બચાવો. ગોપીઓની દયનીય સ્થિતિ જોતાજ ભગવાન શ્રી કૃષ્ણ એ ગોપીઓ ને શંખ ચુડ થી બચાવી ને કુબેર ના અનુયાયી ઓ પાછળ ગયા. શંખ ચુડ ને મારી ને એના માથા નો કાઢી લીધો હતો. ભગવાન શ્રી કૃષ્ણ ને એના ભક્તો ખુબજ પ્રિય હોય છે એટલે તો ભક્ત ને જલ્દી વશ થઈ જાય છે.સંત બોડાણાનો નિયમ ડાકોર થી દર પૂનમે પગપાળા દ્વારિકાધીશ ના દર્શન કરવા જવાનો હતો. ઉંમર વધતા અશક્ત સંત બોડાણા દ્વારિકા સુધી પગપાળા માંડ માંડ જતો હતો ભગવાન દ્વારિકાધીશ ને બોડાણા પર દયા આવી એટલે એના સ્વપ્ના માં આવી ને કીધું કે ગાડા ની વ્યવસ્થા કર તારી સાથે ડાકોર આવીશ. સંત બોડાણા એ દ્વારિકા આવીને માંડ માંડ રૂપિયા નો વેંત કરીને તૂટેલા ફૂટલા ગાડા અને નબળા બીમાર બળદ ની વ્યવસ્થા કરી. અડધી રાતે ભગવાન દ્વારિકાધીશ ગાડા માં બિરાજી ને બોડાણા ના ગામ ડાકોર જવા નીકળી ગયા. નબળા બળદો ને લીધે એ ધીમે ધીમે ચાલતા હતા એના લીધે દ્વારિકાધીશ ને થયું કે આમાં તો સવાર પડતાય દ્વારિકા પોંહચી શકશું નહી.મંદિર માં દ્વારકાધીશ ને જોશે નહી તો ચોરી નો આરોપ બોડાણા પર આવશે. ભગવાન દ્વારિકાધીશ એ બોડાણા ના હાથ માંથી રાશ લઈને મિનિટોમાં જ ડાકોર પોંહચી ને ગોમતી તળાવ માં છુપાઈ ગયા જેથી ભક્ત ની નિર્દોષતા સાબિત થાય.




# કંગનાની ક્વિન ટુનું શૂટિંગ છેલ્લા તબક્કામાં

મુંબઈના નાયગાંવમાં કંગના રનૌતની ફિલ્મ 'ક્વિન 2'નું શૂટિંગ ચાલી રહ્યું છે. ડાંડિયારાસ અને ઘરની અંદરના દ્રશ્યો શૂટ થયા છે, જેમાં કંગના સહિત યુવતીઓએ ભાગ લીધો. કારકિર્દીની દ્રષ્ટિએ મહત્વની આ ફિલ્મના શૂટિંગના હવે માત્ર 6 દિવસ બાકી છે. દિગ્દર્શક વિકાસ બહેલ જુલાઈના પહેલા અઠવાડિયામાં કામ પૂર્ણ કરવા માંગે છે.

(એજન્સી) મુંબઈ | તા.28

એક સમયે પોતાના કામના જોરે બોલિવૂડમાં ધાક જમાવનારી કંગના રનૌત હાલ નિષ્ફળતાનો સ્વાદ ચાખી રહી છે. તેની તાજેતરમાં રજૂ થયેલી ફિલ્મો બોક્સ ઓફિસ પર નીવડી છે. જેને કારણે તેની આગામી ફિલ્મ ક્વિન ટુ તેની કારકિર્દીમાં મહત્વની પુરવાર થશે તેમ મનાઈ રહ્યું છે. હાલ ક્વિન ટુનું શૂટિંગ નાયગાંવ વિસ્તારમાં ચાલી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર નાયગાંવમાં ડાંડિયા રાસ અને ઘરની અંદરના સીનો શૂટ કરવામાં આવ્યા હતા. ડાંડિયારાસના ગીતના શૂટિંગમાં કંગના તથા અન્ય યુવતીઓએ ભાગ લીધો હતો. આ બે મહત્વના સીનનું શૂટિંગ પુરૂ થયા બાદ હવે છ દિવસનું જ કામ બાકી રહ્યું છે.દિગ્દર્શક વિકાસ બહેલ આ ફિલ્મના શૂટિંગને નિયત સમયપત્રક અનુસાર જુલાઈના પહેલાં અઠવાડિયામાં પુરૂ કરવા માંગે છે. હાલ ફિલ્મનું શૂટિંગ પુરૂ થવા આડે ગણતરીના દિવસો જ બાકી હોઈ ફિલ્મના કળાકારો અને કસબીઓ ઉજવણીના મૂડમાં છે. કંગના ની તાજેતરમાં આવેલી ફિલ્મોમાં તે હિરોઈન તરીકે પ્રભાવશાળી પાત્રોમાં જોવા મળી હતી તેની સામે તે રાણી નામની સામાન્ય યુવતીના લોકપ્રિય પાત્રમાં જોવા મળશે. ક્વિનમાં રાણીનું પાત્ર ભજવ્યા બાદ કંગનાને મોટી પ્રસિદ્ધિ મળી હતી. જો આ ફિલ્મમાં સફળતાનું પુનરાવર્તન કરશે તો કંગના ફરી એકવાર રૂપેરી પડદાંની રાણી બની રહેશે.


## અક્ષયની હૈવાન બોક્સઓફિસ પર આયુષમાનની ઉડતા તીર સાથે ટકરાશે



(એજન્સી) મુંબઈ | તા.28

એક એવી ગુપ્ત અંડરગ્રાઉન્ડ લેબ કે જ્યાં સાયન્ટિસ્ટ્સ છુપાઈને એક મોટો એક્સપેરિમેન્ટ કરી રહ્યા છે અને અચાનક બધું જ બરબાદ થઈ જાય છે. એક અત્યંત ખતરનાક વાયરસ લીક થતાં જ લેબમાં હાજર તમામ વ્યક્તિ જોતજોતામાં જીવતા જાગતા 'ઝોમ્બી'માં ફેરવાઈ જાય છે. સ્થિતિ એટલી હદે વણસી જાય છે કે સરકારને એ આખી જગ્યાને ચારેય તરફથી સીલ કરવી પડે છે. હોરર, હાઈ-ટેક એક્શન અને સાયન્સ ફિક્શનનું આ એવું વિસ્ફોટક કોમ્બિનેશન છે, જે આજે પણ દર્શકોના રુંવાડા ઊભા કરી દે છે. આપણે વાત કરી રહ્યા છીએ હોલીવુડની સુપરહિટ ફ્રેન્ચાઈઝી 'રેસિડેન્ટ ઈવિલ'ની પ્રથમ ફિલ્મ વિશે. હાઈ-ટેક લેબ, સુપરકમ્પ્યુટર અને મિશન 'રેસ્ક્યૂ' : આ વાર્તામાં માત્ર ડરામણા દ્રશ્યો જ નથી, પરંતુ તેમાં ગજબની ટેકનોલોજી અને સસ્પેન્સ પણ જોવા મળે છે. એ આખી અંડરગ્રાઉન્ડ લેબ એક અત્યંત શાતિર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ધરાવતા સુપરકમ્પ્યુટર 'રેડ ક્વીન'ના ઈશારા પર ચાલે છે. વાયરસ લીક થયા બાદ આ મુસીબતમાંથી બહાર નીકળવા અને વાયરસને દુનિયામાં ફેલાતો અટકાવવા માટે હથિયારોથી સજ્જ કમાન્ડોની એક સ્પેશિયલ ટીમ બોલાવવામાં આવે છે. 1 ફિલ્મ અને 8 સિક્વલ: બની ગઈ વિશ્વની મોટી ફ્રેન્ચાઈઝી : રિલીઝના સમયે ફિલ્મ વિવેચકો તરફથી આ ફિલ્મને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો, પરંતુ સિનેમાપ્રેમીઓને એક્શન અને હોરરનો આ ધમાકેદાર પેકેજ ખૂબ જ પસંદ આવ્યો. દર્શકોના આ જ અનહદ પ્રેમને કારણે આ ફિલ્મ એક બહુ મોટી ગ્લોબલ ફ્રેન્ચાઈઝીમાં ફેરવાઈ ગઈ. મુખ્ય વાર્તા આધારિત આ ફિલ્મના 5 સુપરહિટ સિક્વલ બનાવવામાં આવ્યા, જેમાં 'અપોકેલિપ્સ' (2004), 'એક્સટિંક્શન' (2007), 'આફ્ટરલાઈફ' (2010), 'રેટ્રિબ્યુશન' (2012) અને 'ધ ફાઈનલ ચેપ્ટર' (2016) નો સમાવેશ થાય છે. આ સિવાય એનિમેટેડ અને રીબૂટ વર્ઝન મળીને કુલ 8 સિક્વલ-સ્પિનઓફ આવી ચૂક્યા છે. પોપ્યુલર રેટિંગ વેબસાઈટ IMDb પર પણ આ ફિલ્મને 6.6/10ની શાનદાર રેટિંગ મળી છે. નાનું બજેટ, અધધ કમાણી અને OTT પર દબદબો : ઓછા બજેટમાં મસમોટો નફો કમાવવાના મામલામાં 'રેસિડેન્ટ ઈવિલ' એક ઉત્કૃષ્ટ મિસાલ છે. બજેટ અને કમાણી: આ ફિલ્મને બનાવવાનો ખર્ચ આશરે 33 મિલિયન ડોલર હતો, જેની સામે વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર આ ફિલ્મે 103 મિલિયન ડોલરનું શાનદાર કલેક્શન કર્યું હતું. ભારતીય રૂપિયાના હિસાબથી જોઈએ તો, આખી ફ્રેન્ચાઈઝીનું કુલ બજેટ આશરે 2600 કરોડની આસપાસ રહ્યું છે અને તમામ ભાગોની ભેગી કમાણીનો આંકડો 10500થી 11000 કરોડની વચ્ચે પહોંચે છે.

# 43ની ઉંમરે 3 બાળકોની માતા બનવા પર ફરાહ ખાનનું સેલિબ્રિટીઝ પર નિવેદન



(એજન્સી) મુંબઈ | તા.28

જાણીતી ફિલ્મમેકર અને કોરિયોગ્રાફર ફરાહ ખાને તાજેતરમાં એક શો દરમિયાન મધરહુડ અને તે સમયના તેમના અનુભવો વિશે દિલ ખોલીને વાત કરી છે. 43 વર્ષની ઉંમરે ત્રણ બાળકોની માતા બનનાર ફરાહે જણાવ્યું કે, ડિલિવરી પછી જે રીતે આજે સેલિબ્રિટીઝ ખૂબ જ ઝડપથી પોતાનું 'બેબી વેઈટ' ઘટાડી લે છે, તે જોઈને તેમને સારું નથી લાગતું. શો પર ફરાહે નિખાલસતાથી કહ્યું, "જ્યારે હું જોઉં છું કે હિરોઈનો કે સેલિબ્રિટીઝ માત્ર ૨ મહિનામાં જ ફિટ થઈ જાય છે, ત્યારે મને દુઃખ થાય છે. મને મારું બેબી વેઈટ ઘટાડવામાં પૂરા 4-5 વર્ષનો સમય લાગ્યો હતો. બાળકો થયા પછી મેં મારા કપડાંની સાઈઝ મોટી ખરીદી હતી, પરંતુ મારા બાળકો મારા જીવનમાં ખૂબ જ ભાગ્યશાળી સાબિત થયા છે." ફરાહે એ પણ સ્વીકાર્યું કે તેઓ ત્રણ બાળકો માટે તૈયાર નહોતા. તેમણે કહ્યું, "હું આઈવીએફ (IVF) કરાવી રહી હતી ત્યારે 42 વર્ષની હતી અને જ્યારે ડિલિવરી થઈ ત્યારે 43 વર્ષની હતી. મેં વિચાર્યું હતું કે ઓછામાં ઓછું એક બાળક તો થશે જ, પરંતુ ત્રણ બાળકોની અપેક્ષા નહોતી." પોતાના પતિ શિરીષ કુંદરની પ્રશંસા કરતા ફરાહે કહ્યું કે, "મારા પુત્ર અને શિરીષની હાઈટ હવે એકસરખી થઈ ગઈ છે. ક્યારેક તો સમજવું પણ મુશ્કેલ થઈ પડે છે કે રૂમમાં શિરીષ આવ્યો છે કે મારો દીકરો. એક પિતા તરીકે શિરીષે ખૂબ જ સરસ રીતે બાળકોને સંભાળ્યા છે અને તેમને સારી યુનિવર્સિટીઓમાં મોકલવા માટે કાઉન્સિલિંગ પણ તેમણે જ કર્યું છે. હું તો તેમને હંમેશા મજાકમાં કહું છું કે, જો તું બાળકોને લઈને જતો રહીશ તો મારું વાઈફાઈ કોણ ઠીક કરશે? શિરીષ વગર મારું ઘર નથી ચાલી શકતું."

## મીલીને બોલીવૂડમાં કોમેડી ફિલ્મ કરવાની પણ ઈચ્છા

(એજન્સી) મુંબઈ | તા.28

હોલીવુડ સ્ટાર મીલી બોબી બ્રાઉન આગામી 'ઈનોલા હોમ્સ 3'ના પ્રમોશન દરમિયાન મુંબઈમાં બોલીવુડમાં કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જો તક મળે તો તે કોમેડી ફિલ્મ કરવા તૈયાર છે. મીલીને ભારતીય ગીતો પર ડાન્સ કરવો ગમે છે અને તે બોલીવુડમાં ડાન્સ નંબર કરવા પણ ઉત્સુક છે. તેણે જણાવ્યું કે ભારત તેના બકેટ લિસ્ટમાં છે. મીલી ચાન્સ મળે તો બોલીવૂડની ફિલ્મોના ગીતના તાલે ડાન્સ નંબર કરવા પણ તૈયાર છે. હોલીવૂડ સ્ટાર મીલી બોબી બ્રાઉન ચાન્સ મળે તો બોલિવૂડમાં કોમેડી ફિલ્મ કરવા તૈયાર છે. મીલીએ તેની આગામી ઈનોલા હોમ્સ થ્રીના પ્રમોશન દરમ્યાન જણાવ્યું હતું કે ભારત તેના બકેટ લીસ્ટમાં છે. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે બોલીવૂડની ફિલ્મમાં ડાન્સ પણ કરવા તૈયાર છે કે કેમ ત્યારે મીલીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેને ડાન્સ કરવાનું ગમે છે. મીલીએ બોલીવૂડમાં કામ કરવાની તક મળે તો કોઈપણ પ્રકારની ફિલ્મ કરવા તે તૈયાર હોવાનું જણાવ્યું હતું. તેણ ઉમેર્યું હતું કે હું ફની ગર્લ હોઈ મને કોમેડી ફિલ્મ કરવાનુ ગમશે. શેરલોક હોમ્સની નાની બહેન ઈનોલા હોમ્સને યંગ ડિટેક્ટિવ તરીકે ચમકાવતી પહેલી ફિલ્મ ૨૦૨૦માં આવી હતી. જેમાં મીલીએ ઈનોલા હોમ્સની ભૂમિકા ભજવી હતી.

# 'બેટા' અને વો સાત દિન જેવી ફિલ્મોના અસલી મેકર હતા ભાગ્યરાજ : અનિલ કપૂર



(એજન્સી) મુંબઈ | તા.28

દક્ષિણ ભારતીય સિનેમાના મહાન ફિલ્મમેકર અને લેખક કે. ભાગ્યરાજના નિધનથી સમગ્ર મનોરંજન જગતમાં શોકની લહેર ફરી વળી છે. હૃદયરોગના હુમલાને કારણે થયેલા તેમના અવસાનથી અભિનેતા અનિલ કપૂર ખૂબ જ દુઃખી છે. અનિલ કપૂરે સોશિયલ મીડિયા પર એક ભાવુક નોટ લખીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે અને ખુલાસો કર્યો છે કે બોલીવુડની ઘણી ઐતિહાસિક ફિલ્મો પાછળ ભાગ્યરાજનું જ મગજ હતું. અનિલ કપૂરે જણાવ્યું હતું કે, કે. ભાગ્યરાજ માત્ર એક દિગ્દર્શક જ નહીં, પરંતુ એક અદ્ભુત સર્જક હતા. અનિલ કપૂરે પોતે ભાગ્યરાજની ફિલ્મ 'મિસ્ટર બેચારા' (1996) માં કામ કર્યું હતું. આ ઉપરાંત, અમિતાભ બચ્ચનની બ્લોકબસ્ટર ફિલ્મ 'આખિરી રાસ્તા' (1986) પણ ભાગ્યરાજની જ ઓરિજિનલ વાર્તા પર આધારિત હતી. અનિલ કપૂરે તેમની કારકિર્દીની મહત્વની ફિલ્મોનો ઉલ્લેખ કરતા કહ્યું: વો સાત દિન: અનિલના કરિયરની આ સૌથી મહત્વની ફિલ્મ હતી, જેનું બેઝ કામ ભાગ્યરાજનું હતું. બેટા: આ ફિલ્મની સફળતામાં ભાગ્યરાજનીવાર્તાનો મોટો ફાળો હતો. અનિલે પોતે તેમના ભાઈ બોની કપૂર સાથે મળીને આ ફિલ્મના રાઈટ્સ લીધા હતા.મુઝસે શાદી કરોગી: સલમાન ખાન અને અક્ષય કુમાર સ્ટારર આ હિટ ફિલ્મની વાર્તા અને સ્ક્રીનપ્લે પણ કે. ભાગ્યરાજે જ લખ્યા હતા.

## સલમાન ખાન ગેલેક્સી એપાર્ટમેન્ટ છોડશે?



(એજન્સી) મુંબઈ | તા.28

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનનો મુંબઈ વાળો ગેલેક્સી એપાર્ટમેન્ટ છેલ્લા ઘણા સમયથી ચર્ચામાં છે. આ એપાર્ટમેન્ટ ઘણી વાર હુમલાના કારણે અને ઘૂસણખોરીના કારણે ચર્ચામાં આવી ચૂક્યો છે. ત્યારે હવે એવા અહેવાલ સામે આવી રહ્યા છે કે, સલમાન ખાન ટૂંક સમયમાં બાંદ્રાના ચિમ્બઈ વિસ્તારમાં સમંદર કિનારે પોતાના પરિવાર માટે નવી 6 માળની ભવ્ય ઈમારત તૈયાર કરશે. મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા આ પ્રોજેક્ટને મંજૂરી આપી દેવામાં આવી છે. આ પ્લોટ તેમની માતા સલમા ખાનના નામે નોંધાયેલો છે, જ્યાં પહેલા એક જર્જરિત મકાન હતું. ગેલેક્સી એપાર્ટમેન્ટથી નજીક બનનારા આ નવા ઘરના સમાચારથી ફેન્સ ખુશ છે.

## 24 વર્ષથી દર્શકોને ડરાવી રહી છે આ હોરર ફિલ્મ! કમાણી 11 હજાર કરોડ

(એજન્સી) મુંબઈ | તા.28

એક એવી ગુપ્ત અંડરગ્રાઉન્ડ લેબ કે જ્યાં સાયન્ટિસ્ટ્સ છુપાઈને એક મોટો એક્સપેરિમેન્ટ કરી રહ્યા છે અને અચાનક બધું જ બરબાદ થઈ જાય છે. એક અત્યંત ખતરનાક વાયરસ લીક થતાં જ લેબમાં હાજર તમામ વ્યક્તિ જોતજોતામાં જીવતા જાગતા 'ઝોમ્બી'માં ફેરવાઈ જાય છે. સ્થિતિ એટલી હદે વણસી જાય છે કે સરકારને એ આખી જગ્યાને ચારેય તરફથી સીલ કરવી પડે છે. હોરર, હાઈ-ટેક એક્શન અને સાયન્સ ફિક્શનનું આ એવું વિસ્ફોટક કોમ્બિનેશન છે, જે આજે પણ દર્શકોના રુંવાડા ઊભા કરી દે છે. આપણે વાત કરી રહ્યા છીએ હોલીવુડની સુપરહિટ ફ્રેન્ચાઈઝી 'રેસિડેન્ટ ઈવિલ'ની પ્રથમ ફિલ્મ વિશે. આ વાર્તામાં માત્ર ડરામણા દ્રશ્યો જ નથી, પરંતુ તેમાં ગજબની ટેકનોલોજી અને સસ્પેન્સ પણ જોવા મળે છે. એ આખી અંડરગ્રાઉન્ડ લેબ એક અત્યંત શાતિર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ધરાવતા સુપરકમ્પ્યુટર 'રેડ ક્વીન'ના ઈશારા પર ચાલે છે. વાયરસ લીક થયા બાદ આ મુસીબતમાંથી બહાર નીકળવા અને વાયરસને દુનિયામાં ફેલાતો અટકાવવા માટે હથિયારોથી સજ્જ કમાન્ડોની એક સ્પેશિયલ ટીમ બોલાવવામાં આવે છે.આ ટીમમાં 'એલિસ' નામની એક એવી યુવતી પણ સામેલ થાય છે, જે પોતાની યાદશક્તિ સંપૂર્ણપણે ગુમાવી ચૂકી છે. લેબના ઊંડાણમાં જતાની સાથે જ દરેક વળાંક પર મોત તેમની રાહ જોતું હોય છે, જે આ ફિલ્મને સામાન્ય હોરર ફિલ્મો કરતાં તદ્દન અલગ બનાવે છે. સિનેમાના પડદા પર ધમાલ મચાવનારી આ બ્લોકબસ્ટર ફિલ્મ આજથી આશરે 24 વર્ષ પહેલાં એટલે કે 15 માર્ચ, 2002ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. રિલીઝના સમયે ફિલ્મ વિવેચકો તરફથી આ ફિલ્મને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો, પરંતુ સિનેમાપ્રેમીઓને એક્શન અને હોરરનો આ ધમાકેદાર પેકેજ ખૂબ જ પસંદ આવ્યો. દર્શકોના આ જ અનહદ પ્રેમને કારણે આ ફિલ્મ એક બહુ મોટી ગ્લોબલ ફ્રેન્ચાઈઝીમાં ફેરવાઈ ગઈ.




# ક્રિતી-કબીરનું બ્રેક અપ? વાઈરલ વિડિયોથી અનેક અટકળો

મુંબઈ: ક્રિતી સેનોનની ફિલ્મ 'કોકટેઈલ 2' બોક્સઓફિસ પર નિષ્ફળ રહી છે. 150 કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મે 8 દિવસમાં ફક્ત 74.75 કરોડનો જ વકરો કર્યો છે. હાલ ક્રિતી તેના બિઝનેસમેન કબીર બહિયા સાથેના સંબંધોને કારણે ચર્ચામાં છે. જોકે, કબીર અન્ય યુવતી સાથે દેખાયાની વાયરલ પોસ્ટ ખોટી નીકળી, તે કબીર જેવા દેખાતા આલિયા મોહનનો સ્ક્રીનશોટ હતો. આ વર્ષની શરૂઆતમાં ક્રિતી સેનોનની બહેન નુપૂરના લગ્નમાં કબીર બહિયા હાજર રહ્યો હતો હાલ ક્રિતી સેનોનની ફિલ્મ કોકટેઈલ ટુ બોક્સ ઓફિસ પર લથડી રહી છે. દોઢસો કરોડ રૂપિયાના ખર્ચે બનેલી મનાતી આ ફિલ્મે આઠ દિવસમાં માંડ ૭૪.૭૫ કરોડ રૂપિયાનો વકરો કર્યો છે. ખેર, ક્રિતી હાલ તેના બિઝનેસમેન કબીર બહિયા સાથેના સંબંધોને કારણે ચર્ચામાં છે. કબીર અને ક્રિતી અનેકવાર જાહેરમાં એકસાથે જોવા મળ્યા છે. કબીરે આ વર્ષની શરૂઆતમાં યોજાયેલાં ક્રિતીની બહેન નુપૂરના લગ્નમાં પણ હાજરી આપી હતી. પણ હવે એક વાઈરલ પોસ્ટ પર દાવો કરવામાં આવ્યો છે કે કબીર બીજી એક છોકરી સાથે દેખાયો છે. આ વિડિયો વાઈરલ થવાની સાથે નેટીઝન્સમાં ચર્ચા ફાટી નીકળી હતી કે કબીર અને ક્રિતી વચ્ચે બ્રેક અપ થઈ ગયું છે કે શું? પણ સાચી વાત એ છે કે આલિયા મોહન નામના કબીર જેવા જ દેખાતાં માણસનો ઈન્સ્ટા પરનો સ્ક્રિન શોટ લઈને આ ખોટો દાવો કરવામાં આવ્યો હતો.

## હવે 100 કરોડ ક્લબ તરફ સમંથા રૂથ પ્રભુની ફિલ્મની ઉડાન!

(એજન્સી) મુંબઈ | તા.28

સમાંથા રુથ પ્રભુ છેલ્લા કેટલાક સમયથી અલગ-અલગ રોલ્સમાં નસીબ અજમાવી રહી હતી પરંતુ તેની ફિલ્મોનું કલેક્શન સારું જઈ રહ્યું નહોતું. તેની ફિલ્મોને પ્રશંસકો નકારી કાઢતા હતા. પરંતુ સમાંથાએ આ ફિલ્મ દ્વારા જોરદાર વાપસી કરી લીધી છે. હવે એક્ટ્રેસ માટે આગળની રાહ સરળ થઈ ગઈ છે. કરિયરની દ્રષ્ટિએ તેમણે એક મુશ્કેલ સમય પસાર કર્યો છે અને બધા જાણે છે કે એક્ટ્રેસ પર્સનલ લાઈફમાં પણ સંઘર્ષ કરીને પાછી ફરી છે અને નવા જીવનની શરૂઆત કરી છે. ઉપરથી તેઓ માતા પણ બનવાના છે. હવે એક્ટ્રેસ 'મા ઈંતિ બંગારમ' ફિલ્મ દ્વારા બે-બે ઉજવણી કરવાની તૈયારીમાં છે. રિલીઝના 9 મા દિવસે તેમની ફિલ્મે 4.90 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે જે દર્શાવે છે કે આ ફિલ્મને કેટલો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સેકનિલ્કના રિપોર્ટ્સ મુજબ, ફિલ્મે રિલીઝના 9 દિવસોમાં નેટ કલેક્શનના આધારે 42.95 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. બીજી તરફ ફિલ્મનું ગ્રોસ કલેક્શન 49.72 કરોડ રૂપિયા રહ્યું છે. ઓવરસીઝ કલેક્શનની બાબતમાં ફિલ્મે વીતેલા દિવસે 1.25 કરોડ કમાયા છે જેનાથી આનું ઓવરસીઝ કલેક્શન 21.85 કરોડ રૂપિયા થઈ ગયું છે, જેને ખૂબ જ પ્રભાવશાળી કહી શકાય.




# ટીકાઓ છતાં રોનાલ્ડો પર વિશ્વાસ રોબર્ટો માર્ટિનેઝનું સ્પષ્ટ વલણ

(એજન્સી) પોર્ટુગલ | તા.28

પોર્ટુગલની રમતોમાં યોગદાનના અભાવ માટે 41 વર્ષીય ફોરવર્ડને ટીકાનો સામનો કરવો પડ્યો છે, ખાસ કરીને જ્યારે બાકીની ટીમ પાછળ ચાલે છે ત્યારે તેના મર્યાદિત રક્ષણાત્મક કાર્ય માટે, પરંતુ માર્ટિનેઝે અન્ય ખેલાડીઓના રમત સમય સાથે સરખામણીને ફગાવી દીધી છે.કોલંબિયા સાથેના વર્લ્ડ કપ ગ્રુપ K ડ્રોમાં 0-0 થી વધુ 90 મિનિટ રમ્યા બાદ પોર્ટુગલના કોચ રોબર્ટો માર્ટિનેઝે ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો બચાવ કર્યો હતો, કારણ કે શનિવારે તેની ટીમ બીજા સ્થાને રહી હતી, જ્યારે ટુર્નામેન્ટના મોટા નામોએ શ્વાસ લીધો હતો. નોર્વેના એર્લિંગ હાલેન્ડને આરામ આપવામાં આવ્યો હતો ત્યારે આર્જેન્ટિનાના લિયોનેલ મેસ્સી જેવા અગ્રણી સ્કોરરોએ અંતિમ ગ્રુપ રમત શરૂ કરી ન હતી, પરંતુ રોનાલ્ડો અત્યાર સુધી દરેક રમતના દરેક મિનિટે રમ્યા છે.પોર્ટુગલની રમતોમાં યોગદાનના અભાવ માટે 41 વર્ષીય ફોરવર્ડને ટીકાનો સામનો કરવો પડ્યો છે, ખાસ કરીને જ્યારે બાકીની ટીમ પાછળ ચાલે છે ત્યારે તેના મર્યાદિત રક્ષણાત્મક કાર્ય માટે, પરંતુ માર્ટિનેઝે અન્ય ખેલાડીઓના રમત સમય સાથે સરખામણીને ફગાવી દીધી છે. 'સ્વાભાવિક છે કે અમે નિર્ણયો લેવા માટે અમારી ટીમના ખેલાડીઓની તુલના અન્ય ખેલાડીઓ સાથે કરતા નથી. મને લાગે છે કે તે ખૂબ જ બાલિશ અને ખૂબ જ બિનવ્યાવસાયિક હશે,' તેમણે પત્રકારોને જણાવ્યું. પોર્ટુગલના કોચ રોબર્ટો માર્ટિનેઝે ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો બચાવ કર્યો જ્યારે તેમના કેપ્ટને કોલંબિયા સાથે 0-0 થી થયેલા વર્લ્ડ કપ ગ્રુપ K ડ્રોમાં વધુ 90 મિનિટ રમી, કારણ કે તેમની ટીમ શનિવારે બીજા સ્થાને રહી, જ્યારે ટુર્નામેન્ટના મોટા નામોએ શ્વાસ લીધો.નોર્વેના એર્લિંગ હાલેન્ડને આરામ આપવામાં આવ્યો ત્યારે આર્જેન્ટિનાના લિયોનેલ મેસ્સી જેવા અગ્રણી સ્કોરરોએ અંતિમ ગ્રુપ રમત શરૂ કરી ન હતી, પરંતુ રોનાલ્ડોએ અત્યાર સુધી દરેક રમતની દરેક મિનિટ રમી છે.41 વર્ષીય ફોરવર્ડને પોર્ટુગલની રમતોમાં યોગદાનના અભાવ માટે ટીકાનો સામનો કરવો પડ્યો છે, ખાસ કરીને જ્યારે બાકીની ટીમ પાછળ ચાલે છે ત્યારે તેના મર્યાદિત રક્ષણાત્મક કાર્ય માટે, પરંતુ માર્ટિનેઝે અન્ય ખેલાડીઓના રમત સમય સાથે સરખામણીને ફગાવી દીધી છે. 'સ્વાભાવિક છે કે અમે નિર્ણયો લેવા માટે અમારી ટીમના ખેલાડીઓની તુલના અન્ય ખેલાડીઓ સાથે કરતા નથી. મને લાગે છે કે તે ખૂબ જ બાલિશ અને ખૂબ જ બિનવ્યાવસાયિક હશે,' તેમણે પત્રકારોને કહ્યું.'હું તમને કહી શકું છું કે અમે રમતો દરમિયાન લાઈવ મળતી બધી (ખેલાડી) માહિતીનું નિરીક્ષણ કરીએ છીએ. પિચ પર વિવિધ સ્થાનો છે જેને વિવિધ જરૂરિયાતોની જરૂર હોય છે અને અમે તેનું વિગતવાર નિરીક્ષણ કરીએ છીએ.'ક્રિસ્ટિયાનો યોગ્ય સમયે યોગ્ય સ્થાને રહેવા માટે ટેવાયેલો છે. તે માનસિક રીતે મજબૂત રહેવાનો અને હંમેશા તેની સ્થિતિમાં શિસ્તબદ્ધ રહેવાનો પ્રશ્ન છે.'આજની રમતમાં ક્રિસ્ટિયાનો માટે 90 મિનિટ રમવામાં શારીરિક કે માનસિક રીતે કોઈ સમસ્યા નથી. કદાચ આગામી રમતમાં આપણે ફેરફાર કરવાની જરૂર છે, પરંતુ તે અન્ય કોઈપણ ખેલાડીની જેમ છે.'પોર્ટુગલ બીજા સ્થાને રહીને નોકઆઉટ તબક્કામાં પહોંચ્યું હતું અને ગુરુવારે રાઉન્ડ ઓફ 32 માં ક્રોએશિયાનો સામનો કરશે, આ મેચ ખાસ મહત્વ ધરાવે છે કારણ કે તે તેના ફોરવર્ડ ડિઓગો જોટાના મૃત્યુની વર્ષગાંઠના એક દિવસ પહેલા રમાશે. શનિવારે કિકઓફ પહેલાં જોટાને યાદ કરવામાં આવ્યો હતો જ્યારે પોર્ટુગીઝ રાષ્ટ્રગીત સમાપ્ત થતાં જ સ્ટેડિયમમાં સ્ક્રીન પર તેની છબી ચમકી હતી અને માર્ટિનેઝે આગામી વર્ષગાંઠને પ્રેરણા તરીકે જોઈ હતી. "દેખીતી રીતે, દરેક દિવસ મુશ્કેલ હોય છે. જ્યારે તમે તાલીમ લઈ રહ્યા હોવ છો, ત્યારે હંમેશા એવી ક્ષણો આવે છે જ્યારે ડિઓગો જોટા આપણી યાદોમાં પાછો આવે છે. તેથી હું એમ નહીં કહું કે વર્ષગાંઠ ખાસ મુશ્કેલ હોવી જોઈએ. હું કહીશ કે તે થોડી ઉજવણી છે," માર્ટિનેઝે કહ્યું."આપણે ડિઓગો જોટાનું સન્માન કરવાની જરૂર છે. આ ક્ષણને યાદ રાખવા જેવી છે, કે આ ટીમમાં આપણે જે કંઈ શરૂ કર્યું તે બધું તેની સાથે શરૂ થયું. અમે તેની સાથે નેશન્સ લીગ જીતી. તે કદાચ આપણી પાસે રહેલી સૌથી મોટી ઉત્તેજનાની નિશાની અને પ્રકાશ છે. 'અમે તેના માટે વર્લ્ડ કપ જીતવા માંગીએ છીએ. વર્ષગાંઠ એ એક ક્ષણ છે જે રમતને ડિઓગો જોટાની રમત બનાવે છે.'



# ફિફા વર્લ્ડ કપમાં મેસી મેજિક! ફરી બનાવ્યો વર્લ્ડરેકોર્ડ, આર્જેન્ટિનાની સતત ત્રીજી જીત બાદ નોકઆઉટની તસવીર સાફ

ફિફા વર્લ્ડ કપ 2026માં આર્જેન્ટિનાના લિયોનેલ મેસીએ ઇતિહાસ રચ્યો છે. ડલાસમાં જોર્ડનને 3-1થી હરાવી, મેસી સતત 7 વર્લ્ડ કપ મેચોમાં ગોલ કરનાર પ્રથમ ખેલાડી બન્યા. આ જીત સાથે આર્જેન્ટિના ગ્રુપ Jમાં ટોચ પર રહ્યું, જ્યારે ઓસ્ટ્રિયા અને અલ્જીરિયા પણ રાઉન્ડ ઓફ 32માં પહોંચ્યા.

(એજન્સી) આર્જેન્ટિના | તા.28

ફિફા વર્લ્ડ કપ 2026માં આર્જેન્ટિનાની દરેક મેચની ચાહકો આતુરતાથી રાહ જોતા હોય છે. પોતાના કરિયરના સર્વશ્રેષ્ઠ ફોર્મમાં ચાલી રહેલા લિયોનેલ મેસીની ટીમ અદ્ભુત રમત બતાવી રહી છે. ગ્રુપ J માં શનિવારે જ્યારે છેલ્લી વ્હીસલ વાગી, ત્યારે ઘણું બધું બદલાઈ ચૂક્યું હતું. મેસીએ ઈતિહાસ રચ્યો, અને આર્જેન્ટિનાએ ગ્રુપ સ્ટેજની સફર સતત જીત સાથે પૂરી કરી. જ્યારે ઓસ્ટ્રિયાએ ઈન્જરી ટાઈમમાં ગોલ કરીને પોતાને અને અલ્જીરિયા બંનેને રાઉન્ડ ઓફ 32માં પહોંચાડી દીધા. આ સાથે જ ઈરાનની વર્લ્ડ કપની આશાઓ પર પાણી ફરી વળ્યું. આર્જેન્ટિના ત્રણેય મેચ જીતીને ગ્રુપમાં ટોપ પર રહ્યું, જ્યારે ઓસ્ટ્રિયા સાસા કાલાજ્ડિચના અંતિમ ક્ષણોના ગોલને કારણે બચી ગયું. અલ્જીરિયા ત્રીજા સ્થાને રહીને આગામી રાઉન્ડમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યું છે. ક્વોલિફિકેશનની આ જંગ વચ્ચે મેસીએ પોતાના શાનદાર કરિયરમાં વધુ એક વર્લ્ડ કપ રેકોર્ડ ઉમેર્યો. આર્જેન્ટિનાના કેપ્ટન મેસી સતત સાત વર્લ્ડ કપ મેચોમાં ગોલ કરનારા વિશ્વના પ્રથમ ખેલાડી બન્યા છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ ડલાસમાં જોર્ડનને 3-1 થી હરાવીને ગ્રુપ સ્ટેજમાં પોતાનું પરફેક્ટ પ્રદર્શન જાળવી રાખ્યું હતું. ટીમનું ક્વોલિફિકેશન પહેલાથી જ નક્કી થઈ ગયું હોવાથી, કોચ અને મેસીએ આ મેચ માટે ટીમમાં મોટા ફેરફારો કર્યા હતા, અને ઓસ્ટ્રિયા સામે રમેલી ટીમમાંથી નવ નવા ખેલાડીઓને મેદાનમાં ઉતાર્યા હતા. તેમ છતાં, બદલાયેલી ટીમ સાથે પણ આર્જેન્ટિનાએ શરૂઆતથી જ મેચ પર પકડ મજબૂત રાખી હતી. 19મી મિનિટે જીઓવાની લો સેલ્સોએ શાનદાર ફ્રી-કિક દ્વારા ગોલ કરીને ખાતું ખોલાવ્યું હતું. આ વર્લ્ડ કપમાં મેસી સિવાય ગોલ કરનાર તે પ્રથમ આર્જેન્ટિનાનો ખેલાડી બન્યો હતો. ત્યારબાદ લાઉતારો માર્ટિનેઝે પેનલ્ટી દ્વારા લીડ 2-0 કરી દીધી હતી. માર્ટિનેઝનો પ્રથમ પ્રયાસ ક્રોસબાર સાથે અથડાઈને પાછો આવ્યો હતો, પરંતુ રીબાઉન્ડ પર તેણે તક ગુમાવી ન હતી. મેસી લગભગ એક કલાકની રમત પછી મેદાન પર આવ્યો, અને તેના આશરે 20 મિનિટ બાદ ફરીથી સ્કોરશીટ પર પોતાનું નામ નોંધાવી દીધું. 80મી મિનિટે તેના શાંત અને સચોટ ફિનિશિંગે વર્લ્ડ કપમાં, તેના કુલ ગોલની સંખ્યા 19 પર પહોંચાડી દીધી. આ ટૂર્નામેન્ટમાં આ તેનો છઠ્ઠો ગોલ હતો. આ ગોલની સાથે જ તે સતત સાત વર્લ્ડ કપ મેચોમાં ગોલ કરનાર પ્રથમ ખેલાડી બની ગયો છે, અને ફ્રાન્સના જસ્ટ ફોન્ટેન તેમજ બ્રાઝિલના મહાન ખેલાડી જૈરઝિન્હોથી આગળ નીકળી ગયો છે. જોર્ડને અંતિમ ક્ષણોમાં એક ગોલ પાછો ખેંચ્યો હતો, પરંતુ તેનાથી આર્જેન્ટિનાની જીતની ખુશી પર કોઈ ખાસ અસર પડી નહીં. ડિફેન્ડિંગ ચેમ્પિયને સતત ત્રીજી જીત નોંધાવી, અને હવે તેઓ શુક્રવારે મિયામીમાં રાઉન્ડ ઓફ 32માં કેપ વર્ડેનો સામનો કરશે. જો આર્જેન્ટિના માટેનો રસ્તો સરળ રહ્યો, તો બાકીના બે ક્વોલિફિકેશન સ્થાનો માટેની લડાઈ તદ્દન રોમાંચક છે. ઓસ્ટ્રિયા અને અલ્જીરિયા વચ્ચે ટૂર્નામેન્ટની સૌથી રોમાંચક મેચોમાંની એક રમાઈ હતી. આ મુકાબલો 3-3 થી ડ્રો રહ્યો હતો, જેમાં મેચ ઘણી વખત પલટાઈ અને ઈન્જરી ટાઈમમાં આખરી વળાંક આવ્યો. માર્કો અર્નાઉટોવિચે શરૂઆતી લીડ અપાવીને ઓસ્ટ્રિયાને આગળ કર્યું હતું. હાફ ટાઈમ પહેલા રફીક બેલઘાલીએ ગોલ કરીને સ્કોર 1-1 ની બરાબરી પર લાવી દીધો. બીજા હાફની શરૂઆતમાં માર્સેલ સબિત્ઝરે ફરીથી ઓસ્ટ્રિયાને લીડ અપાવી, પરંતુ રિયાધ મહરેઝે બરાબરીનો ગોલ કરીને અલ્જીરિયાને મેચમાં જીવંત રાખ્યું. અંતિમ મિનિટોમાં આ મેચ સંપૂર્ણપણે નોકઆઉટ ફૂટબોલ જેવી બની ગઈ હતી. ઈન્જરી ટાઈમની ત્રીજી મિનિટે મહરેઝે ગોલ કર્યો ત્યારે એવું લાગતું હતું કે, અલ્જીરિયા સીધું આગામી રાઉન્ડમાં પહોંચી ગયું છે, અને ઓસ્ટ્રિયા બહાર થઈ જશે. પરંતુ લગભગ છેલ્લી કિક પર, 96મી મિનિટે સાસા કાલાજ્ડિચે હેડર દ્વારા ગોલ ફટકારી દીધો. આ ગોલે સ્કોર 3-3 ની બરાબરી પર લાવી દીધો, જેનાથી ઓસ્ટ્રિયાને એક પોઈન્ટ મળ્યો, અને બંને ટીમો માટે ઉજવણીનો માહોલ બની ગયો. આ ડ્રો સાથે ઓસ્ટ્રિયા ગ્રુપ J માં બીજા સ્થાને રહ્યું અને હવે રાઉન્ડ ઓફ 32માં તેનો સામનો સ્પેન સામે થશે. જ્યારે અલ્જીરિયા ત્રીજા સ્થાને રહ્યું, અને તે આગામી રાઉન્ડમાં સ્વિટ્ઝરલેન્ડ સામે ટકરાશે.

# ભારતીય સેનાના બે સૈનિકોએ રચ્યો ઈતિહાસ, વર્લ્ડ રોઈંગ કપમાં જીત્યો પહેલો ગોલ્ડ મેડલ

(એજન્સી) સ્વિટ્ઝર્લેન્ડ | તા.28

ભારતીય સેનાના બે સૈનિકો લક્ષ્ય અને ઉજ્જવલ કુમાર સિંહે સ્વિટ્ઝર્લેન્ડના લ્યુસર્નમાં 2026 વર્લ્ડ રોઈંગ કપ III માં આ ઈવેન્ટમાં દેશનો પ્રથમ ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો. લાઈટવેઈટ



મેન્સ ડબલ સ્કલ્સ ફાઈનલમાં લક્ષ્ય અને ઉજ્જવલ કુમાર સિંહની ભારતીય જોડીએ શાનદાર પ્રદર્શન કર્યું અને 6 મિનિટ 26.09 સેકન્ડના સમય સાથે પ્રથમ સ્થાને રહી. તેમને હોંગકોંગ અને નેધરલેન્ડ્સની જોડી તરફથી કઠિન સ્પર્ધાનો સામનો કરવો પડ્યો પરંતુ તેઓ તેમને પાછળ રાખવામાં સફળ રહ્યા.લક્ષ્ય અને ઉજ્જવલ કુમાર સિંહ હવે તેમની પ્રથમ વર્લ્ડ રોઈંગ કપ કેટેગરીમાં દેશ માટે ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય જોડી બન્યા છે. તેઓએ 6:26.09 ના સમય સાથે પૂર્ણ કર્યું, હોંગકોંગના સાન તુંગ લેમ અને ટિક લુન ચાન, જેમણે 6:27.14 ના સમય સાથે પૂર્ણ કર્યું, તેઓ પાછળ રહ્યા. આ ઈવેન્ટમાં ત્રીજા સ્થાને નેધરલેન્ડ્સના એરિક વાન એઈજક વાન હેસ્લિંગા અને ફ્રેડરિક પ્લોગ હતા, જેમણે 6:27.36 ના સમય સાથે પૂર્ણ કર્યું. લક્ષ્ય અને ઉજ્જવલ કુમાર સિંહ બંને ભારતીય સેનાના સૈનિકો છે અને લ્યુસર્નમાં ભારતીય ટુકડીનો ભાગ છે. રેગાટામાં ભાગ લેનાર 18 સભ્યોની ટીમમાંથી 17 એથ્લેટ ભારતીય સેનાના છે અને એક ભારતીય નૌકાદળનો છે. આ રેગાટા લ્યુસર્નના પ્રખ્યાત રોટસી તળાવ પર યોજાયો હતો, જે તેના શાંત પાણી અને ઓલિમ્પિક-માનક, 2000-મીટર-લાંબા, 6-લેન કોર્સને કારણે વિશ્વના બેસ્ટ રોઈંગ સ્થળોમાંનું એક માનવામાં આવે છે.વર્લ્ડ રોઈંગ કપમાં ગોલ્ડ મેડલ જીત્યા પહેલા ભારતે 3 બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. પહેલો મેડલ 2009માં મહિલા વર્ગમાં આવ્યો હતો, જ્યારે બીજો અને ત્રીજો મેડલ 2019 અને 2022 માં પેરા યુગલ કેટેગરીમાં જીત્યો હતો. 26-28 જૂન દરમિયાન લ્યુસર્નમાં યોજાયેલા વર્લ્ડ રોઈંગ કપ III માં 42 દેશોના 650 થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો, અને આ વર્ષના અંતમાં વર્લ્ડ રોઈંગ ચેમ્પિયનશિપ તરફ એક મુખ્ય પગલું છે.

# સર્વેશ કુશારેએ હાઈ જમ્પમાં બનાવ્યો નવો નેશનલ રેકોર્ડ, એશિયન ગેમ્સ 2026 માટે સ્થાન મેળવ્યું

(એજન્સી) ભુવનેશ્વર | તા.28

27 જૂનના રોજ ભુવનેશ્વરમાં આયોજિત નેશનલ ઈન્ટર-સ્ટેટ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મહારાષ્ટ્રના સર્વેશ કુશારેએ હાઈ જમ્પ ઈવેન્ટમાં 2.31 મીટરનું અંતર કાપીને એક નવો નેશનલ રેકોર્ડ બનાવ્યો. ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ ખાતે યોજાઈ રહેલી નેશનલ ઈન્ટર-સ્ટેટ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સર્વેશ કુશારેએ હાઈ જમ્પ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો, 2.31 મીટરની ઊંચાઈ પાર કરીને નવો નેશનલ રેકોર્ડ બનાવ્યો. મહારાષ્ટ્રના સર્વેશ કુશારે તેજસ્વિન શંકરનો 8 વર્ષ જૂનો 2.29 મીટરનો રેકોર્ડ તોડીને હવે આ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. આ સાથે સર્વેશ કુશારેએ જાપાનમાં યોજાનારી 2026ની એશિયન ગેમ્સ માટે પણ પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધું છે.મહારાષ્ટ્રના 31 વર્ષના સર્વેશ કુશારેએ 27 જૂનના રોજ કલિંગા સ્ટેડિયમમાં પોતાના શાનદાર નિયંત્રણથી બધાને પ્રભાવિત કર્યા. સર્વેશે ઉંચી કૂદમાં પોતાના ત્રીજા પ્રયાસમાં 2.31 મીટરનું અંતર કાપ્યું, અને તેજસ્વિન શંકરના 2.29 મીટરના રેકોર્ડને તોડી નાખ્યો, જે તેણે એપ્રિલ 2018માં બનાવ્યો હતો. ત્રીજા પ્રયાસ પછી સર્વેશ કુશારેએ પોતાના આગલા પ્રયાસમાં 2.35 મીટરનો અંતર કાપવાનો પ્રયાસ કર્યો, પરંતુ નિષ્ફળ ગયો. 2.31 મીટરના નવા નેશનલ રેકોર્ડ સાથે સર્વેશ કુશારેએ એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ક્વોલિફાઈંગ સ્ટાન્ડર્ડને પણ સરળતાથી પાર કરી લીધો, જેનાથી 2026ની એશિયન ગેમ્સમાં ભાગ લેવાનો માર્ગ મોકળો થયો.સર્વેશ કુશારે છેલ્લા કેટલાક વર્ષોથી સ્થાનિક અને ઈન્ટરનેશનલ સ્તરે હાઈ જમ્પ ઈવેન્ટમાં દેશના અગ્રણી એથ્લેટમાંથી એક રહ્યો છે. સર્વેશ કુશારેએ 2019માં ઈન્ડિયન ઓપન હાઈ જમ્પ ટાઈટલ જીતીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું. ત્યારબાદ તેને સાઉથ એશિયન ગેમ્સમાં ઈન્ટરનેશનલ લેવલે ડેબ્યૂ કર્યું, જ્યાં તેને 2.21 મીટરના કૂદકા સાથે ગોલ્ડ મેડલ જીત્યો. સર્વેશ કુશારે પેરિસ ઓલિમ્પિકમાં પણ ભાગ લીધો હતો અને ટોક્યોમાં 2025 વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં હાઈ જમ્પ ઈવેન્ટના ફાઈનલમાં ક્વોલિફાય થનાર પ્રથમ ભારતીય પુરુષ એથ્લેટ બન્યો હતો, જેમાં તે 2.28 મીટરના કૂદકા સાથે છઠ્ઠા સ્થાને રહ્યો હતો.



# ટીમ ઈન્ડિયાના નામે 5 અનિચ્છનીય રેકોર્ડ

(એજન્સી) નવી દિલ્હી | તા.27

આયરલેન્ડ સામેની પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતીય ટીમને માત્ર કારમી હારનો જ સામનો નથી કરવો પડ્યો, પરંતુ આ પરાજય સાથે ટીમ ઈન્ડિયા અને તેના ખેલાડીઓના નામે કેટલાક એવા શરમજનક રેકોર્ડ્સ પણ નોંધાઈ ગયા છે જેને કોઈ પણ ક્રિકેટર યાદ રાખવા માંગશે નહીં.બેલફાસ્ટના સિવિલ સર્વિસ ક્રિકેટ ક્લબ ખાતે રમાયેલી આ મેચમાં આયરલેન્ડે ભારતને 34 રને હરાવીને ઈતિહાસ રચ્યો છે. 183 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ 18.5 ઓવરમાં માત્ર 148 રન પર જ ઓલઆઉટ થઈ ગઈ હતી. આવો જાણીએ આ હાર સાથે ભારતીય ક્રિકેટના નામે નોંધાયેલા એ 5 શરમજનક રેકોર્ડ્સ વિશે, જેના કારણે ટીમની ભારે ટીકા થઈ રહી છે.ભારતીય ક્રિકેટ ટીમને આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસમાં આયરલેન્ડ સામે પ્રથમ વખત હારનો સ્વાદ ચાખવો પડ્યો છે. આ પૂર્વે બંને ટીમો વચ્ચે રમાયેલી તમામ 11 મેચોમાં ભારતે એકતરફી જીત મેળવી હતી. વર્ષ 2007માં બંને દેશો વચ્ચે



પ્રથમ મેચ રમાઈ હતી અને હવે આયરલેન્ડ ભારતને હરાવનારી વિશ્વની 11મી ટીમ બની ગઈ છે.ટીમ ઈન્ડિયાના નામે એક અજીબોગરીબ નકારાત્મક રેકોર્ડ નોંધાયો છે, જ્યાં ટીમ સતત બીજી વખત T20 વર્લ્ડ કપ જીત્યા બાદ પોતાની આગામી પ્રથમ જ આંતરરાષ્ટ્રીય મેચ હારી ગઈ છે.વર્ષ 2026: આ વર્ષે પણ T20 વર્લ્ડ ચેમ્પિયન બન્યા બાદ ઈતિહાસનું પુનરાવર્તન થયું અને ટીમ આયરલેન્ડ સામે પ્રથમ મેચ હારી ગઈ.ભારતના ફાસ્ટ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના માટે આ મેચ કોઈ ખરાબ સ્વપ્ન જેવી સાબિત થઈ હતી. તેમણે પોતાની 4 ઓવરમાં 57 રન લૂંટાવ્યા હતા. રસપ્રદ વાત એ છે કે, પોતાની છેલ્લી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં પણ તેમણે 68 રન આપ્યા હતા. આ સાથે તે સતત બે T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં કુલ 125 રન આપનારા ભારતનો પ્રથમ બોલર બની ગયો છે.પ્રસિદ્ધ ક્રિષ્નાના નામે વધુ એક અનિચ્છનીય રેકોર્ડ નોંધાયો છે. મેચની 17મી ઓવરમાં આયરલેન્ડના બેટ્સમેનોએ તેના પર પ્રહારો કરતા 27 રન ફટકારી દીધા હતા, જેમાં ગેરેથ ડેલાનીએ સતત 3 સિક્સર ફટકારી હતી. આ સાથે પ્રસિદ્ધ આયરલેન્ડ સામે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી મોંઘી ઓવર ફેંકનાર ભારતીય બોલર બની ગયો છે. નિયમિત કેપ્ટનની ગેરહાજરીમાં શ્રેયસ અય્યર આ મેચમાં પ્રથમ વખત ભારતીય ટીમની કમાન સંભાળી રહ્યા હતા, પરંતુ કેપ્ટન તરીકેની તેની પ્રથમ જ મેચ હારમાં પરિણમી હતી. આ સાથે તે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની કેપ્ટનશિપની ડેબ્યૂ મેચ હારનારા ભારતનો ચોથો કેપ્ટન બની ગયો છે. આ પૂર્વે વિરાટ કોહલી, રિષભ પંત અને શુભમન ગિલ પણ પોતાની કેપ્ટનશિપની પ્રથમ T20 મેચ હારી ચૂક્યા છે.

# વેનેઝુએલામાં ફરી 5.6 તીવ્રતાનો ભૂકંપ : અત્યાર સુધીમાં 1430નાં મોત

## સરકારી વીજ કંપની કોર્પોએલેકનો એક કર્મચારી ભૂકંપથી પ્રભાવિત ઈમારતોની બહાર વાયરની તપાસ કરી રહ્યો છે, ભૂકંપ પછી લોકોના ઘરને નુકસાન થયું છે અને ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે

(એજન્સી) કારાકાસ | તા.28





દક્ષિણ અમેરિકી દેશ વેનેઝુએલામાં રવિવારે ફરી 5.6 તીવ્રતાનો ભૂકંપ આવ્યો. યુરો-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટર (EMSC) અનુસાર ભૂકંપનું કેન્દ્ર અરાગુઆ તટ નજીક સમુદ્રમાં 30 કિલોમીટરની ઊંડાઈએ હતું.

આ ભૂકંપ 24 જૂને આવેલા 7.2 અને 7.5 તીવ્રતાના બે શક્તિશાળી ભૂકંપો પછી શનિવારે 4.9 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. વેનેઝુએલામાં અત્યાર સુધીમાં 1430 લોકોના મોત થયા છે. સાથે જ 3300થી વધુ લોકો ઘાયલ થયા છે.

અધિકારીઓ અનુસાર, ભૂકંપના 72 કલાક પછી લગભગ 68,900 લોકો હજુ પણ ગુમ છે અને કાટમાળમાં ફસાયેલા લોકોની શોધખોળ ચાલી રહી છે. નિષ્ણાતોનું માનવું છે કે ભૂકંપ પછી શરૂઆતના 48 થી 72 કલાક જ સૌથી મહત્ત્વપૂર્ણ હોય છે. આ સમયે લોકોને બચાવવાની આશા વધુ રહે છે.

ઘણા વિસ્તારોમાં રાહત ટીમોની અછતને કારણે લોકો સ્વજનોને શોધવા માટે જાતે જ કાટમાળ હટાવી રહ્યા છે. ઘણા પરિવારો હથોડા અને અન્ય ઓજારો વડે ઈમારતોનો કાટમાળ હટાવીને પોતાના સ્વજનોની શોધ કરી રહ્યા છે.

શુક્રવારે વેનેઝુએલાની મદદ માટે 'ઓપરેશન અમિસ્તાદ' શરૂ કર્યું છે. 'અમિસ્તાદ' એક સ્પેનિશ શબ્દ છે જેનો અર્થ 'મિત્રતા' થાય છે. વેનેઝુએલાની સત્તાવાર ભાષા સ્પેનિશ જ છે. આ ઓપરેશનનો હેતુ ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં વહેલી તકે મદદ પહોંચાડવાનો અને ઘાયલોની સારવાર કરવાનો છે.

ભારતીય વાયુસેનાના બે C-17 ગ્લોબમાસ્ટર વિમાનો દ્વારા લગભગ 35 ટન રાહત સામગ્રી મોકલવામાં આવી છે. તેમાં જરૂરી દવાઓ, મેડિકલ ઈક્વિપમેન્ટ અને રાહત સામગ્રીનો સમાવેશ થાય છે, જેનાથી ઓછા સમયમાં અસ્થાયી સારવાર સુવિધાઓ તૈયાર કરી શકાય છે.

ભારતે 60 પેરા ફિલ્ડ હોસ્પિટલ યુનિટની 41 સભ્યોની મેડિકલ ટીમ પણ વેનેઝુએલા મોકલી છે. તેમાં ડોકટરો, નર્સો અને મેડિકલ નિષ્ણાતોનો સમાવેશ થાય છે. આ ટીમ ત્યાં ઘાયલોની સારવાર કરશે અને જરૂર પડ્યે અસ્થાયી હોસ્પિટલો પણ બનાવશે, જેથી વધુને વધુ લોકોને તાત્કાલિક સારવાર મળી શકે.

વેનેઝુએલા સરકાર અનુસાર, અમેરિકા, મેક્સિકો, કોલંબિયા, અલ સાલ્વાડોર, સ્વિટ્ઝર્લેન્ડ સહિત ઘણા દેશોના 861 બચાવકર્મીઓ રાહત કાર્યમાં લાગેલા છે. સંયુક્ત રાષ્ટ્રએ પણ 25 આંતરરાષ્ટ્રીય સર્ચ એન્ડ રેસ્ક્યુ ટીમોના લગભગ 1000 ઈમરજન્સી કર્મચારીઓ મોકલવાની જાહેરાત કરી છે.

બચાવ કાર્ય માટે ભારે મશીનો, ફાયર ફાઈટર્સ અને ઈમરજન્સી ટીમો સતત અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી રહી છે. અમેરિકાએ પણ ભૂકંપ રાહત કાર્ય માટે વેનેઝુએલા પર લાગેલા કેટલાક આર્થિક પ્રતિબંધોમાં અસ્થાયી છૂટ આપવાનો નિર્ણય કર્યો છે.

ઈન્ટરનેશનલ રેસ્ક્યુ કમિટી (IRC) ના ચીફ એલિનર રેક્સે જણાવ્યું કે દેશનું મુખ્ય એરપોર્ટ ક્ષતિગ્રસ્ત થવાથી મોટા પાયે મદદ પહોંચાડવામાં મુશ્કેલી પડી રહી છે.

તેમણે કહ્યું કે IRC પાસે પડોશી દેશ કોલંબિયામાં રાહત સામગ્રી ઉપલબ્ધ છે, પરંતુ તેને વેનેઝુએલા સુધી પહોંચાડવા માટે એરપોર્ટ સુધી પહોંચ જરૂરી છે, જે એક મોટો પડકાર બની રહ્યો છે.

આવનારા દિવસોમાં IRC ની ટીમો અસરગ્રસ્ત લોકો સુધી ભોજન, પીવાનું પાણી, અસ્થાયી આશ્રય અને આરોગ્ય સેવાઓ માટે જરૂરી દવાઓ અને તબીબી સામગ્રી પહોંચાડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM) અનુસાર, ભૂકંપથી વેનેઝુએલામાં લગભગ 67.6 લાખ લોકો પ્રભાવિત થયા છે. આમાંથી લગભગ 20 લાખ લોકો રાજધાની કારાકાસમાં રહે છે. મોટી સંખ્યામાં લોકોના ઘર ધરાશાયી થયા છે.

# ઈરાને પરમાણુ કરતાં ખતરનાક 'હથિયાર' બનાવ્યાનો દાવો

(એજન્સી) ઈરાન | તા.28

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને શાંતિ કરારોની ચર્ચા વચ્ચે ઈરાનના વૈજ્ઞાનિકોએ વિજ્ઞાન જગતમાં એક નવો ખૌફનાક ઈતિહાસ રચી દીધાનો દાવો કર્યો છે. ઈરાનની બ્રેન રિસર્ચ એન્ડ ટેકનોલોજી ટીમે લેબની અંદર જીવંત માનવીની નસોના કોષો (Live Human Neurons)ની મદદથી એક નાનું 'આર્ટિફિશિયલ Wમગજ' તૈયાર કર્યું છે. વિજ્ઞાનની ભાષામાં આ ટેકનોલોજીને 'બાયોલોજિકલ ઈન્ટેલિજન્સ' (BI) અથવા 'ઓર્ગેનોઈડ ઈન્ટેલિજન્સ' કહેવામાં આવે છે. આ કોઈ સામાન્ય કમ્પ્યુટર સોફ્ટવેર નથી, પરંતુ એક જીવંત નેટવર્ક છે જે માણસની જેમ જાતે નિર્ણયો લઈ શકે છે. ઈરાનની બ્રેન રિસર્ચ ટીમના ચીફ અતાઉલ્લાહ પોર-અબ્બાસીના જણાવ્યા અનુસાર, ઈરાને શરીરની બહાર નસોના જીવંત કોષોને વિકસિત કરવાની ટેકનોલોજી સંપૂર્ણપણે ઘરેલુ સ્તરે મેળવી લીધી છે. આ જીવંત કોષો લેબમાં બિલકુલ અસલી મગજની જેમ જ આપસમાં સંપર્ક કરીને નેટવર્ક બનાવી રહ્યા છે. આ બાયોલોજિકલ પ્રોસેસરના બે એવા મુખ્ય ફાયદા છે જેણે પશ્ચિમી દેશોના વૈજ્ઞાનિકોને ચિંતામાં મૂકી દીધા છે:

ઓછો વીજ વપરાશ: સામાન્ય કમ્પ્યુટર ચિપ્સ અને મોટા ડેટા સેન્ટરો ચલાવવા માટે અઢળક વીજળી જોઈએ છે, જ્યારે આ જીવંત મગજ સામાન્ય સિલિકોન ચિપના મુકાબલે અંદાજે 10 લાખ ગણી ઓછી વીજળી (માત્ર મુઠ્ઠીભર કેલરી) વાપરીને કામ કરે છે.

આજકાલ ચર્ચામાં રહેલું AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) માત્ર એક બેજાન સોફ્ટવેર પ્રોગ્રામ છે, જે કમ્પ્યુટર ચિપ્સ, કોડિંગ અને અબજો ડેટા ફીડ કર્યા પછી માણસની નકલ કરવાનું શીખે છે. જ્યારે ઈરાનનું BI (બાયોલોજિકલ ઈન્ટેલિજન્સ) સીધું જ જીવંત માનવ ન્યુરોન્સથી બનેલું છે.

# વિનાશ વચ્ચે શિક્ષણની જ્યોત: ગાઝાના બાળકોએ તંબુઓમાં શરૂ કરી પરીક્ષાઓ

(એજન્સી) ગાઝા | તા.28

લાંબા સમયથી ચાલી રહેલા વિનાશક યુદ્ધ અને ભારે બોમ્બમારો સહન કર્યા પછી પણ પેલેસ્ટાઈનના બાળકોએ હિંમત હારી નથી. ગાઝામાં ચારેબાજુ તબાહીના દ્રશ્યો વચ્ચે એક આશાનું કિરણ જોવા મળ્યું છે. અહીં બધું જ હોમાઈ ગયું હોવા છતાં, વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને તેમની કારકિર્દીની સૌથી મહત્વપૂર્ણ ગણાતી 'તવજીહી' (Tawjihi - હાઈસ્કૂલ બોર્ડ મેટ્રિક્યુલેશન) પરીક્ષાઓ ફરી શરૂ કરવામાં આવી છે. યુદ્ધે શાળાના મકાનો તોડી પાડ્યા છે, પરંતુ બાળકોના ભણવાના ઉત્સાહને તોડી શક્યું નથી.યુનિસેફ અને પેલેસ્ટાઈનના શિક્ષણ મંત્રાલયના અહેવાલો અનુસાર, ગાઝામાં આશરે 92 થી 97 ટકા શાળાઓ સંપૂર્ણપણે નાશ પામી છે અથવા તેમને ભારે નુકસાન થયું છે. આ કપરી પરિસ્થિતિમાં પાકા મકાનો ન હોવાને કારણે હાલમાં ટંબુઓ



અને અસ્થાયી આશ્રયસ્થાનોને જ વર્ગખંડ બનાવી દેવામાં આવ્યા છે. ગાઝાના લગભગ 7,00,000 જેટલા શાળાએ જતા બાળકોનું ભણતર આ યુદ્ધના કારણે પ્રભાવિત થયું છે. પીવાના પાણી, ખોરાક અને વીજળીની તીવ્ર અછત વચ્ચે પણ આ બાળકો મીણબત્તીના પ્રકાશે પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા છે.સ્થાનિક શિક્ષકો અને યુનિસેફના સહયોગથી ગાઝામાં 'બેક ટુ લર્નિંગ' પ્રોગ્રામ શરૂ કરાયો છે, જેના અંતર્ગત ઓનલાઈન અને અસ્થાયી માધ્યમો દ્વારા પરીક્ષાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓ માટે આ માત્ર એક પરીક્ષા નથી, પરંતુ તેમના અસ્તિત્વ અને ભવિષ્યની લડાઈ છે. ઘણા બાળકોએ યુદ્ધમાં પોતાના માતા-પિતા, ભાઈ-બહેન કે મિત્રો ગુમાવ્યા છે. ટંબુઓમાં ભણતી લામા નામની એક વિદ્યાર્થીનીએ જણાવ્યું કે, યુદ્ધમાં તેના ભાઈના મોત પછી તેણે ડૉક્ટર બનવાનું સપનું જોયું છે જેથી તે અન્ય લોકોના જીવ બચાવી શકે. ગાઝામાં શિક્ષણ એ હંમેશાં ગર્વ અને પ્રગતિનું પ્રતીક રહ્યું છે. યુદ્ધ પહેલાં અહીં સાક્ષરતા દર વિશ્વમાં સૌથી વધુ હતો. આજે વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજીના પુસ્તકો ખરીદવા માટે પૈસા નથી, છતાં મિત્રો પાસેથી ચોપડીઓ ઉછીની લઈને બાળકો ભણી રહ્યા છે.

# યુદ્ધવિરામના લીરેલીરા ઊડ્યા! અમેરિકાએ ઈરાન પર કરી એરસ્ટ્રાઈક

(એજન્સી) ઈરાન | તા.28

પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવાના તમામ પ્રયાસો ફરી એકવાર નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે 17 જૂનના રોજ થયેલા અંતિમ અને વચગાળાના યુદ્ધવિરામ કરારના ગણતરીના દિવસોમાં જ સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) ના જણાવ્યા અનુસાર, અમેરિકન સેનાએ ઈરાનના અનેક મહત્ત્વના સૈન્ય ઠેકાણાઓ અને ડ્રોન લોન્ચિંગ સાઈટ્સને નિશાન બનાવીને શક્તિશાળી હવાઈ હુમલા કર્યા છે. તપાસ એજન્સીઓ અને સૈન્ય સૂત્રોના જણાવ્યા મુજબ, શનિવારે સવારે ઈરાનની સેનાએ હોર્મુઝ (Streat of Hormuz) પાસે પસાર થઈ રહેલા પનામાના ધ્વજવાળા 'કીકુ' નામના ઓઈલ ટેન્કર પર એકતરફી ડ્રોન હુમલો કર્યો હતો. આ ટેન્કરમાં 20 લાખ બેરલ કરતા વધુ કાચું તેલ (ક્રૂડ ઓઈલ) ભરેલું હતું. આ પહેલાં પણ શનિવારે જ ઈરાન દ્વારા 'એવી એવર લવલી' નામના અન્ય એક જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો, જેના જવાબમાં અમેરિકાએ પ્રથમ જવાબી કાર્યવાહી કરી હતી. અમેરિકાએ ઈરાનને યુદ્ધવિરામના નિયમોનું પાલન કરવાની છેલ્લી તક આપી હતી, પરંતુ ઈરાને તે ફગાવીને ફરી 'કીકુ' ટેન્કર પર હુમલો કરતા અમેરિકાએ 24 કલાકમાં બીજી વાર મોટું આક્રમણ કર્યું છે. આ હુમલાની પુષ્ટિ કરતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કડક શબ્દોમાં ઈરાનને ચેતવણી આપી છે. ટ્રમ્પે જણાવ્યું છે કે, જો ઈરાન આ જ રીતે સતત યુદ્ધવિરામના નિયમોનું ઉલ્લંઘન કરતું રહેશે, તો અમેરિકન સેના આનાથી પણ વધુ ઘાતક સૈન્ય કાર્યવાહી ચાલુ રાખશે. તેમણે વધુમાં ઈશારો કર્યો હતો કે જો તણાવ આ હદે વધતો રહેશે તો કદાચ આ ઈસ્લામિક દેશનું અસ્તિત્વ જ જોખમમાં મૂકાઈ શકે છે.

# પાકિસ્તાનના કરાચીમાં પેરામિલિટ્રી હેડક્વાર્ટર પર આતંકી હુમલો

## 4 સુરક્ષાકર્મીઓ અને 6 આતંકીઓના મોત; તાલિબાન સાથે જોડાયેલા જમાત-ઉલ-અહરારે જવાબદારી લીધી

(એજન્સી) પાકિસ્તાન | તા.28



પાકિસ્તાનના કરાચીમાં શનિવારે રાત્રે આતંકીઓએ સિંધ રેન્જર્સના પેરામિલિટ્રી હેડક્વાર્ટર પર હુમલો કરી દીધો. હુમલો રાત્રે આશરે 8.30 વાગ્યે ગુલિસ્તાન-એ-જૌહર વિસ્તારમાં થયો. જેમાં ચાર રેન્જર્સના મોત થયા. જવાબી કાર્યવાહીમાં છ આતંકવાદીઓ માર્યા ગયા હતા, જ્યારે એક આતંકીની ઈજાગ્રસ્ત હાલતમાં ધરપકડ કરવામાં આવી.

PTI અનુસાર, આતંકીઓ ગાડીથી મેઈન ગેટ તોડતા પરિસરમાં ઘૂસ્યા. આ પછી તેમણે હેન્ડ ગ્રેનેડ ફેંક્યા અને ગોળીબાર શરૂ કરી દીધો, જેનાથી ઘણા ધડાકા થયા. આશરે 90 મિનિટ સુધી ચાલેલી અથડામણ પછી સ્પેશિયલ સિક્યુરિટી યુનિટ (SSU), એન્ટી ટેરરિસ્ટ ફોર્સ (ATF) અને રેન્જર્સે તમામ હુમલાખોરોને કાબૂમાં કરી લીધા હતા.

સુરક્ષા સૂત્રો મુજબ, હુમલાખોરો પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) ના જૂથ જમાત-ઉલ-અહરાર (JuA) સાથે જોડાયેલા હતા. આ સંગઠને હુમલાની જવાબદારી લીધી છે. આ સંગઠન અફઘાનિસ્તાન સરહદથી અડીને આવેલા ખૈબર પખ્તુનખ્વાના નાગરિકો, સુરક્ષાકર્મીઓ અને સરકારી ઠેકાણાઓ પર હુમલા કરતું રહ્યું છે.

વિસ્તારની ઘેરાબંધી, લોકોને ઘરોમાં રહેવાની સલાહ હુમલા પછી સમગ્ર પરિસર અને આસપાસના વિસ્તારની ઘેરાબંધી કરી દેવામાં આવી. આસપાસના રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા અને લોકોને ઘરોની અંદર રહેવાની સલાહ આપવામાં આવી. ઓપરેશન દરમિયાન આસપાસના કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. રેસ્ક્યુ - 1122ની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી હતી.

મુખ્યમંત્રીએ માંગ્યો રિપોર્ટ સિંધના મુખ્યમંત્રી સૈયદ મુરાદ અલી શાહે ઘટનાનો રિપોર્ટ માંગ્યો છે. તેમણે પોલીસ મહાનિરીક્ષક અને કરાચીના અધિક પોલીસ મહાનિરીક્ષક (AIG) ને મામલાની સંપૂર્ણ માહિતી આપવાના નિર્દેશ આપ્યા છે. બીજી તરફ, ગૃહ મંત્રી ઝિયાઉલ હસન લાંજરે પણ ઘટના અંગે અલગથી રિપોર્ટ માંગ્યો છે.

6 ઓક્ટોબર 2024 ના રોજ એરપોર્ટ નજીક થયેલા બોમ્બ ધડાકામાં એક વ્યક્તિનું મોત થયું હતું. 11 લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમાં વિદેશી નાગરિકો પણ સામેલ હતા. આ હુમલાની જવાબદારી પ્રતિબંધિત બલૂચ લિબરેશન આર્મી (BLA) એ લીધી હતી. બાદમાં આ મામલામાં બે શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી.

ફેબ્રુઆરી 2023 માં કરાચી પોલીસ કાર્યાલય પર આતંકી હુમલો થયો હતો. કલાકો સુધી ચાલેલી અથડામણમાં ચાર સુરક્ષાકર્મીઓના મોત થયા હતા અને 19 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) ના ત્રણેય આતંકીઓ પણ માર્યા ગયા હતા.

### ઈરાનનો અમેરિકા પર વળતો પ્રહાર

# કુવૈત-બહેરીનમાં 8 સૈન્ય ઠેકાણા નષ્ટ કર્યાનો IRGC નો દાવો

(એજન્સી) વોશિંગ્ટન | તા.28

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો તણાવ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અલ્ટીમેટમ છતાં, ઈરાનની સૈન્ય પાંખ રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) એ દાવો કર્યો છે કે તેણે કુવૈત અને બહેરીનમાં આવેલા અમેરિકાના 8 મહત્વના સૈન્ય ઠેકાણાઓ પર બેલેસ્ટિક મિસાઈલ અને ડ્રોન વડે મોટો હુમલો કર્યો છે. ઈરાનનું કહેવું છે કે આ કાર્યવાહી અમેરિકા દ્વારા ઈરાનની 5 દરિયાકાંઠાની ચોકીઓ પર કરવામાં આવેલા હુમલાનો 'નિર્ણાયક જવાબ' છે.

ઈરાનની સેના IRGC ના જણાવ્યા અનુસાર, આ સૈન્ય ઓપરેશન રાત્રે અંદાજે 2 થી 3 વાગ્યાની વચ્ચે કરવામાં આવ્યું હતું. આ હુમલામાં ઈરાની નેવી અને એરોસ્પેસ ફોર્સે સંયુક્ત રીતે ભાગ લીધો હતો. ઈરાનના નિશાના પર કુવૈતનું પ્રખ્યાત 'અલી અલ સલેમ એરબેઝ' અને બહેરીનમાં આવેલું અમેરિકાના



પાંચમા નૌકા સૈન્ય આર્મી બેઝનું (5th Fleet) મુખ્ય મથક હતું. ઈરાનનો દાવો છે કે મિસાઈલ અને ડ્રોન હુમલામાં આ તમામ સૈન્ય મથકોને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

ઈરાને સ્પષ્ટતા કરી છે કે એક શંકાસ્પદ જહાજને રોકવાની કાર્યવાહીનું બહાનું બનાવીને અમેરિકાએ પહેલા ઈરાની દરિયાઈ ક્ષેત્રમાં આવેલી 5 કોસ્ટલ ચોકીઓ પર આક્રમણ કર્યું હતું. જેના જવાબમાં આ જવાબી પ્રહાર કરાયો છે. પાકિસ્તાનની મધ્યસ્થતાથી અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા તાજેતરના કરાર મુજબ, હોર્મુઝમાંથી પસાર થતી શિપિંગ લાઈનની સુરક્ષાની જવાબદારી હવે ઈરાનની છે. ઈરાને ચેતવણી આપી છે કે જો કોઈ જહાજ નિયમો તોડશે, તો તેની સામે ભવિષ્યમાં પણ આવી જ કડક કાર્યવાહી કરવામાં આવશે.

બીજી તરફ, અમેરિકાની સેન્ટ્રલ કમાન્ડે સ્વીકાર્યું છે કે તેણે ઈરાનની અંદર કેટલાક ચોક્કસ ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. અમેરિકાના મતે, આ એક્શન એક વ્યાપારી તેલ ટેન્કર પર થયેલા હુમલાના વિરોધમાં લેવામાં આવ્યું હતું. આ દરમિયાન ઈરાની સરકારી ચેનલ IRIB ના અહેવાલ મુજબ, ઈરાનના હોર્મોઝગાન પ્રાંતના સિરિક વિસ્તારમાં એક ટેલિકોમ ટાવર પર હુમલો થતાં ભારે ધડાકા સંભળાયા હતા. જ્યારે કેશમ દ્વીપ (Qeshm Island) પર પણ કેટલાક બ્લાસ્ટ થયા હોવાના અહેવાલો છે. શુક્રવારે ઈરાની નેવી દ્વારા એક જહાજ પર કરાયેલા વોર્નિંગ ફાયરિંગ બાદ શરૂ થયેલો આ વિવાદ હવે બંને દેશો વચ્ચે પૂર્ણ કક્ષાના સૈન્ય સંઘર્ષમાં ફેરવાઈ રહ્યો છે.

# બાંગ્લાદેશે ચીન સાથે મળી કર્યો મોટો ખેલ, ભારત માટે કોલકાતાથી હલ્દિયા સુધી ખતરો!

(એજન્સી) બાંગ્લાદેશ | તા.28

બાંગ્લાદેશની તારિક રહેમાન સરકારે ભારત સાથે વિશ્વાસઘાત કરીને વ્યૂહાત્મક દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ ગણાતો મોંગલા પોર્ટ પ્રોજેક્ટ ભારત પાસેથી છીનવીને ચીનની ઝોળીમાં નાખી દીધો છે. વર્ષ 2015માં ભારતને સોંપવામાં આવેલા આ દરિયાઈ બંદર પર હવે ચીનની સરકારી કંપનીની મરજી ચાલશે, જે ભારતની 'એક્ટ ઈસ્ટ' નીતિ અને પૂર્વીય સુરક્ષા ચક્રવ્યૂહ માટે એક મોટો આંચકો માનવામાં આવે છે.

ચીનની સરકારી કંપની 'ચાઈના સિવિલ એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન' (CCCC) ને મોંગલા પોર્ટનું નિયંત્રણ સોંપાયું છે. આ લોકેશન ભારતીય સરહદથી માત્ર 80 કિલોમીટરની દૂરી પર આવેલું છે. સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોના મતે, ચીન અહીં કોઈ વ્યાપાર કરવા નથી આવ્યું, તેનો અસલી હેતુ જાસૂસીનો છે. ચીન અહીં પોતાના અત્યાધુનિક દરિયાઈ સર્વેલન્સ સિસ્ટમ અને ઈલેક્ટ્રોનિક જાસૂસી ઉપકરણો ફિટ કરશે. જેનાથી કોલકાતા અને હલ્દિયા પોર્ટની હલચલ, ભારતીય નૌસેનાના જહાજોનું મુવમેન્ટ અને કોસ્ટલ રડાર નેટવર્કનો સીક્રેટ ડેટા ચીની સેના પોતાના કમ્પ્યુટર સ્ક્રીન પર લાઈવ જોઈ શકશે.

આ કોઈ અચાનક બનેલી ઘટના નથી પરંતુ રહેમાન સરકારનો એક વિચારણાપૂર્વકનો પ્લાન છે. જે ભારત પરની પોતાની નિર્ભરતા ઘટાડવા માંગે છે. બાંગ્લાદેશે મોંગલા પોર્ટની પાસે જ 110 એકરની જમીન ચીની ફેક્ટરીઓ માટે અનામત રાખી દીધી છે. એટલું જ નહીં, બાંગ્લાદેશની શાળાઓના અભ્યાસક્રમમાં પણ ચીની ભાષા 'મેન્ડરિન' શીખવવાનો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. જે સીધી રીતે ચીનની કૂટનીતિક ગુલામી તરફ સંકેત કરે છે. મોંગલા પોર્ટ હાથમાંથી નીકળી જતાં ભારતનો નોર્થ-ઈસ્ટ રાજ્યો સુધી સસ્તા દરે માલસામાન પહોંચાડવાનો મલ્ટી-મોડલ ટ્રાન્ઝિટ પ્લાન ખોરવાઈ ગયો છે.

# યુરોપનું 35 ડિગ્રી તાપમાન ભારતના 45 ડિગ્રી કરતાં પણ વધુ આકરું

લંડન : યુરોપના પશ્ચિમી ભાગમાં ભીષણ ગરમીનો તબક્કો જારી છે. બ્રિટનમાં તાપમાન ૩૬ ડિગ્રીએ પહોંચી ગયું છે. બ્રિટન સહિત યુરોપના બીજા દેશ ફ્રાન્સ, સ્પેન અને ઈટાલીમાં ગરમીના કારણે સ્કૂલો બંધ કરવી પડી છે. વીજ પુરવઠા પર પણ તેની અસર પડવા માંડી છે. હવામાન વિભાગે હીટવેવનું એલર્ટ પણ જારી કર્યુ છે. બ્રિટનનું સૌથી મોટું શહેર લંડન દિલ્હીથી પણ વધુ ગરમ થઈ રહ્યું છે. યુરોપમાં હીટવેવના કારણે બરફના પીગળવાની ગતિ ઝડપી બની છે. સોમવાર સુધી સ્વિટ્ઝરલેન્ડના ગ્લેસિયર લોસ ડે એટલે કે ગ્લેસિયરના બરફ ખતમ થવાના દિવસ સુધી પહોંચવાની આશા છે. ગ્લેસિયર લોસ ડે તે સમય હોય છે જ્યારે ગયા શિયાળામાં જમા થયેલો બધો બરફ પીગળી ચૂક્યો હોય છે. તેના પછી ઓક્ટોબર સુધી બરફ પીગળતો હોય તે દરેક દિવસ ગ્લેસિયરના બરફમાં થયેલા કુલ નુકસાનનું કારણ બને છે. ૨૦૦૦માં રેકોર્ડ રાખવાનો પ્રારંભ થયા પછી સૌપ્રથમ ગ્લેસિયલ લોસ ડે ફક્ત ૨૦૨૨માં આવ્યો હતો. તે સમયે તે ૨૬ જૂને આવ્યો હતો. હવે યુરોપનું ૩૫થી ૪૦ ડિગ્રી તાપમાન ભારતીયોને ભલે સામાન્ય લાગતું હોય, પરંતુ બ્રિટન અને યુરોપીયન દેશો માટે તે ઘણું કહી શકાય. યુરોપનું ૩૫ ડિગ્રી તાપમાન ભારતના ૪૫ ડિગ્રી તાપમાન જેટલું થાય છે.

# મિડલ ઈસ્ટમાં ટેન્શન વચ્ચે ભારત માટે ગુડ ન્યૂઝ, 72 કલાકમાં વધુ 9 જહાજ હોર્મુઝ ક્રોસ થયા

(એજન્સી) હોર્મુઝ | તા.28

મિડલ ઈસ્ટમાં વધતા જતા લશ્કરી તણાવ અને તાજેતરમાં યુએસ-ઈરાન વચ્ચે થયેલા ગોળીબાર છતાં વૈશ્વિક વેપારના સૌથી સંવેદનશીલ ગણાતા હોર્મુઝ માર્ગેથી ભારત આવતા માલવાહક જહાજોની અવરજવર અવિરત ચાલુ છે. છેલ્લા 72 કલાકમાં વધુ 9 માલવાહક જહાજોએ હોર્મુઝ સામુદ્રધુની સુરક્ષિત રીતે પાર કરી લીધી છે, જેમાંથી 7 જહાજો ભારત માટે અત્યંત જરૂરી સામગ્રી લઈને આવી રહ્યા છે. આ સાથે જ શનિવાર સુધીમાં આ દરિયાઈ માર્ગેથી સુરક્ષિત રીતે પસાર થઈ ભારત પહોંચેલા કુલ જહાજોની સંખ્યા 44 પર પહોંચી ગઈ છે.

અહેવાલો અનુસાર, છેલ્લા 72 કલાકમાં પાર થયેલા 9 જહાજોમાંથી, 4 ભારતીય ધ્વજવંદન જહાજો અને 5 વિદેશી ધ્વજવંદન જહાજો છે. ભારે તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ભારત આવી રહેલા અતિ મહત્ત્વના જહાજોએ સફળતાપૂર્વક આ જોખમી માર્ગ કાપ્યો છે. APJ પ્રીતિ ભારતીય જહાજ 65,000 ટન ખાતરનો જથ્થો લઈને શનિવારે સફળતાપૂર્વક સામુદ્રધુની પાર કરી ગયું છે. શુક્રવારે, બે અન્ય મોટા જહાજોએ પણ આ માર્ગ અપનાવ્યો. દેશ સુરક્ષા, 100,000 ટનથી વધુ ક્રૂડ ઓઈલ વહન કરીને, સુરક્ષિત રીતે સફર કરી. આ દરમિયાન, 18,732 ટન અન્ય આવશ્યક ચીજવસ્તુઓ વહન કરીને, પ્રભુ પાર્વતી સામુદ્રધુનીમાંથી પસાર થયું.

એક તરફ જહાજો પસાર થઈ રહ્યા છે, તો બીજી તરફ હજુ પણ ભારત તરફ આવનારા 15 અન્ય જહાજો પર્સિયન ગલ્ફમાં સુરક્ષા ગેરંટી અને સલામત માર્ગ (Safe Passage)ની રાહ જોઈને ઊભા છે. આ 15 જહાજો પૈકી 10 મોટા ભારતીય જહાજો છે. 4 જહાજોમાં ખેતી માટે જરૂરી ખાતર ભરેલું છે. 1 જહાજ ક્રૂડ ઓઈલ અને ગેસ વહન કરી રહ્યું છે. જહાજોની ગતિવિધિઓનું નિરીક્ષણ કરતા શિપ ટ્રેકર્સ અનુસાર, પહેલી માર્ચથી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થયેલા ભારત સાથે જોડાયેલા જહાજોમાં 15 બલ્ક કેરિયર્સ, 13 LPG કેરિયર્સ, 11 ક્રૂડ ટેન્કર અને બે LAG જહાજોનો સમાવેશ થાય છે.

## ચોકલેટ જણાવી ઝેરી કેપ્સ્યુલ્સ ભીડમાં ફેંકવામાં આવી

# 'હું 15,000 લોકોને મારવા માંગતો...', મુંબઈમાં મુહર્રમના જુલૂસમાં દવાના નામે ઝેરી કેપ્સ્યુલ વહેંચનાર આરોપીની કબૂલાત

(એજન્સી) મુંબઈ | તા 29

મુંબઈના ભાયખલામાં મોહરમ આશુરાના શોભાયાત્રા દરમિયાન પીડા નિવારક અને રોગપ્રતિકારક શક્તિ વધારવાના આડમાં ખતરનાક કેમિકલ 'ઝીંક ફોસ્ફાઈડ'નું વિતરણ કરવાના આરોપી ફૈયાઝ પ્રેમજીએ પોલીસ પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો કર્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીએ ક્રૂરતાપૂર્વક પોતાનો ગુનો કબૂલતા કહ્યું કે, 'હું ઓછામાં ઓછા 15,000 લોકોને મારવા માંગતો હતો.'તપાસ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપી ફૈયાઝ પ્રેમજી એક મોટા ષડયંત્રના ભાગ રૂપે મોહરમના શોભાયાત્રામાં પ્રવેશ્યો હતો. તેણે માત્ર મહિલાઓને નિશાન બનાવીને પીડા નિવારક અને રોગપ્રતિકારક શક્તિ વધારનારાની આડમાં આ કેપ્સ્યુલ્સનું વિતરણ કર્યું ન હતું, પરંતુ ભીડનો લાભ લઈને ભીડમાં કેટલીક ગોળીઓ પણ ફેંકી હતી. આરોપીએ દાવો કર્યો હતો કે, તે 'ચોકલેટ' છે. જેથી શક્ય તેટલા વધુ પીડિતોને પકડી શકાય. આ કેપ્સ્યુલ્સ 'ઝીંક ફોસ્ફાઈડ'થી ભરેલી હતી, જે સામાન્ય રીતે ઘરોમાં ઉંદર મારવાના 'ઝેર' તરીકે ઉપયોગમાં લેવાય છે. સૂત્રો અનુસાર, શોભાયાત્રા દરમિયાન આશરે 11 લોકોને આ ઝેરી કેપ્સ્યુલ્સ ખાવા માટે લલચાવ્યા હતા. કેપ્સ્યુલ્સ ખાધા પછી, તેમની તબિયત ઝડપથી બગડી અને તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સદનસીબે સમયસર સારવારને કારણે બધા 11 બીમાર નાગરિકો હવે ખતરાથી બહાર હોવાનું જાણવા મળ્યું છે.ઝિંક ફોસ્ફાઈડ એક અત્યંત ઝેરી કેમિકલ છે. એકવાર ગળી ગયા પછી તે પેટના એસિડ સાથે પ્રતિક્રિયા કરીને ફોસ્ફાઈન ગેસ બનાવે છે. આ ગેસ શરીર માટે અત્યંત હાનિકારક છે, જે હૃદય, ફેફસા, લીવર, કિડની અને મગજને સીધી અસર કરે છે. આ ઝેર માટે કોઈ ચોક્કસ એન્ટિડોટ ઉપલબ્ધ નથી. ઝિંક ફોસ્ફાઈડ ગળી જવાના કિસ્સામાં દર્દીને બચાવવાનો એકમાત્ર રસ્તો એ છે કે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવે, જ્યાં તેમને લક્ષણોના આધારે સારવાર આપી શકાય અને વેન્ટિલેટર સપોર્ટ પૂરો પાડવામાં આવે.આ સમગ્ર ઘટના મુંબઈના રિયા રોડ પર રહેમતાબાદ કબ્રસ્તાન પાસે મોહરમ 'આશુરા જુલૂસ' દરમિયાન બની હતી.



ત્યાં હાજર એક મહિલાને લોકો મોટી માત્રામાં મફતમાં કેપ્સ્યુલનું વિતરણ કરતા જોઈને શંકા ગઈ. જ્યારે તેણે એક ખોલ્યું ત્યારે તેને અંદર એક વિચિત્ર પાવડર મળ્યો. મહિલાએ તાત્કાલિક ભાયખલા પોલીસને જાણ કરી હતી. આ પછી ઝડપથી કાર્યવાહી કરીને મુખ્ય આરોપી ફૈયાઝ પ્રેમજીને ઝડપી પાડવામાં આવ્યો હતો. કેસની વિગતો આપતા ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી)એ જણાવ્યું હતું કે, આરોપી પાસે આ કેપ્સ્યુલ્સ રાખવા કે વેચવા માટેનું લાઈસન્સ નહોતું. પોલીસે ઘટનાસ્થળેથી 14,900 ઝીંક ફોસ્ફાઈડ ભરેલા કેપ્સ્યુલ્સ જપ્ત કર્યા છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આરોપી ફૈયાઝ પ્રેમજીએ 30,000 ખાલી કેપ્સ્યુલ્સ અને 50 કિલોગ્રામ ફોસ્ફરસનો ઓર્ડર પણ આપ્યો હતો, જે 15,000થી વધુ લોકોને નિશાન બનાવવાનો તેનો ઈરાદો દર્શાવે છે. આરોપી અગાઉ ઈરાન અને ઈરાકની મુલાકાત લઈ ચૂક્યો છે. આ કબૂલાત બાદ, પોલીસ હવે તેના આંતરરાષ્ટ્રીય જોડાણો, આતંકવાદી દ્રષ્ટિકોણ અને આ સામૂહિક હત્યાના કાવતરા પાછળના સાચા માસ્ટરમાઈન્ડ્સની સંપૂર્ણ તપાસ કરી રહી છે.

## અયોધ્યા રામ મંદિર દાન ચોરી કેસ: 8 આરોપીઓના ઘરે પોલીસના દરોડા

અયોધ્યા: અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં ચઢાવાની અને દાનની રકમમાં થયેલી ચોરીના મામલે તપાસનો ધમધમાટ તેજ બન્યો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના કડક આદેશ બાદ ગઠિત સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ના પ્રારંભિક અહેવાલના પગલે, અયોધ્યા પોલીસે રવિવારે વહેલી સવારે ધરપકડ કરાયેલા તમામ આઠ આરોપીઓના નિવાસસ્થાને એકસાથે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. રામજન્મભૂમિ પોલીસ સ્ટેશનના પ્રભારી નિરીક્ષક સુમિત શ્રીવાસ્તવના નેતૃત્વમાં પોલીસની અલગ-અલગ ટીમોએ તપાસ હાથ ધરી છે. દરોડા દરમિયાન પોલીસે આરોપીઓ - રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, સુભાષ ચંદ્ર શ્રીવાસ્તવ, કરુણેશ પાંડે, મનિષ યાદવ, અવિનાશ શુક્લા અને રમાશંકર મિશ્રાના ઘરોની ઝીણવટભરી તપાસ કરી હતી. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે મંદિરની દાનપેટી કે નોટો ગણવાની કામગીરીમાં જોડાયા તે પહેલાં આ લોકોની આર્થિક સ્થિતિ શું હતી અને આજે તેમની પાસે કેટલી સંપત્તિ છે. આ કેસમાં અત્યાર સુધીમાં 80 લાખ રૂપિયાથી વધુની રોકડ રકમ પોલીસ દ્વારા રિકવર કરવામાં આવી છે. આ આરોપીઓ રામ મંદિર ટ્રસ્ટ દ્વારા દાનની ગણતરી માટે ખાસ રાખવામાં આવેલા કર્મચારીઓ હતા.

# News Brief

## પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો કે માત્ર મુસાફરીનો દસ્તાવેજ? 2010ના સરકારી રેકોર્ડમાં મળ્યો જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા 28

દેશમાં હાલ નાગરિકતાના દસ્તાવેજોને લઈને મોટી ચર્ચા ચાલી રહી છે. તેવામાં સવાલ એ થાય છે કે શું પાસપોર્ટ નાગરિકતાની પાકી સાબિતી છે કે પછી તે વિદેશ પ્રવાસ માટેનો માત્ર એક દસ્તાવેજ છે. આ સવાલનો જવાબ વર્ષ 2010ના સરકારી રેકોર્ડ્સમાંથી મળે છે, જેમાં જુદા જુદા મંત્રાલયો વચ્ચે આ વિષય પર વિગતવાર ચર્ચા થઈ હતી. વર્ષ 2010માં સરકારના વિવિધ મંત્રાલયો વચ્ચે એ વાત પર ચર્ચા થઈ હતી કે 'માહિતીનો અધિકાર' એટલે કે RTI કાયદાનો લાભ કોણ લઈ શકે. આ ચર્ચાના રેકોર્ડ દર્શાવે છે કે, વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલય એ વાત પર સહમત હતા કે, વિદેશમાં રહેતા ભારતીય પાસપોર્ટ ધરાવતા લોકોને માહિતી મેળવવા માટે ભારતના નાગરિક ગણી શકાય.આ સરકારી ચર્ચામાં વિદેશમાં રહેતા પાસપોર્ટ ધારકો (NRI)ને ભારતીય મૂળના લોકો (PIO) અને ભારતના વિદેશી નાગરિકોથી (OCI) અલગ માનવામાં આવ્યા છે. છે. સરકારના નિયમ મુજબ PIO અને OCI કાર્ડ ધરાવતા લોકો ભારતીય નાગરિક ન ગણાય, તેથી તેઓ આરટીઆઈ કાયદાનો ઉપયોગ કરીને સરકારી માહિતી માંગી શકતા નથી.આ નાગરિકતાનો મુદ્દો ત્યારે સામે આવ્યો જ્યારે અમેરિકામાં રહેતા એક એનઆરઆઈએ તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહને પત્ર લખ્યો હતો. તેમણે માગ કરી હતી કે, વિદેશમાં રહેતા ભારતીયોને દેશની ચૂંટણીમાં વોટ આપવાનો અને શાસનમાં પોતાનો પક્ષ રાખવાનો અધિકાર મળવો જોઈએ.

## અનંત અંબાણી તિરુપતિ બાલાજીના ચરણોમાં નતમસ્તક, દર્શન બાદ 27.5 કરોડની મોંઘી ભેટ આપી





રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણીએ તિરૂમલા સ્થિત ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામી (તિરૂપતિ બાલાજી) ના મંદિરે દર્શન કરીને એક મોટો સેવા સંકલ્પ લીધો છે. રવિવારે વહેલી સવારે મંદિરમાં સુપ્રભાત સેવા દરમિયાન ભગવાનના દર્શન કર્યા બાદ, તેમણે તિરૂમલા તિરૂપતિ દેવસ્થાનમ (TTD) ને અંદાજે 27.5 કરોડની કિંમતની 25 હાઈટેક ઈલેક્ટ્રિક બસો દાનમાં આપવાની જાહેરાત કરી છે. અંબાણી પરિવારની આ પહેલ શ્રદ્ધાળુઓ માટે પરિવહન સુવિધા સુધારવાની સાથે પર્યાવરણ સંરક્ષણની દિશામાં પણ એક મોટું પગલું માનવામાં આવી રહી છે.

અનંત અંબાણીએ જાહેરાત કરી છે કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ માત્ર અત્યાધુનિક ઈલેક્ટ્રિક બસો જ પૂરી નહીં પાડે, પરંતુ આ બસો ચલાવવા માટે જરૂરી 50 ડ્રાઈવરોના પગાર અને ભથ્થાનો સંપૂર્ણ ખર્ચ પણ પોતે જ વહન કરશે. આ નિર્ણયથી મંદિર પ્રશાસન પરનો આર્થિક બોજ હળવો થશે અને લાખો ભક્તોને વધુ સુવિધાજનક અને સુગમ યાત્રા મળી શકશે. દર્શન બાદ વૈદિક વિદ્વાનોએ અનંત અંબાણીને આશીર્વાદ આપ્યા હતા અને મંદિર પ્રશાસન દ્વારા તેમને શ્રીવારી તીર્થ પ્રસાદ અને રેશમી વસ્ત્ર ભેટ આપીને સન્માનિત કરાયા હતા. આ ગ્રીન મોબિલિટી અભિયાન હેઠળ, રિલાયન્સ કંપની તિરૂમલા ખાતે આ ઈલેક્ટ્રિક બસો માટે જરૂરી ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવાની જવાબદારી પણ નિભાવશે. આનાથી તિરૂપતિ-તિરૂમલા માર્ગ પર ડીઝલ વાહનો પરની નિર્ભરતા ઘટશે અને આખા વિસ્તારમાં કાર્બન ઉત્સર્જન ઓછું કરવામાં મદદ મળશે. આ પહેલ રિલાયન્સની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) નો એક મહત્વપૂર્ણ ભાગ છે. અનંત અંબાણીએ તાજેતરમાં જ તિરૂપતિમાં પરંપરા અનુસાર મુંડન કરાવીને પોતાના વાળ પણ દાન કર્યા હતા. હવે શ્રદ્ધાળુઓની સુવિધા માટે ઈલેક્ટ્રિક બસો દાન કરવાની આ જાહેરાતે તેમની ધાર્મિક યાત્રાને સામાજિક સેવા સાથે જોડી દીધી છે. TTD ના અધિકારીઓએ આ સહયોગને આવકારતા જણાવ્યું છે કે, આ આધુનિક વ્યવસ્થાથી દેશ-વિદેશથી આવતા લાખો ભક્તોની સફર વધુ આરામદાયક અને પર્યાવરણને અનુકૂળ બનશે.

## મકાન મળવામાં મોડું થાય તો ગ્રાહક પઝેશન લીધા બાદ પણ બિલ્ડર પાસેથી વળતર માગવાનો હકદાર: સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 28

સુપ્રીમ કોર્ટે ઘર ખરીદનારાઓના હિતમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સુપ્રીમે એવી સ્પષ્ટતા કરી છે કે મકાનનો કબજો મળી જાય પણ સોંપવામાં મોડું થયું હોય તો તેવી સ્થિતિમાં ઘર ખરીદનારા આ વિલંબ બદલ વળતર માગવાને હકદાર છે. અનેક એવા મામલા રેરા કે ગ્રાહક સુરક્ષા ફોરમમાં પેન્ડિંગ છે કે જેમાં રૂપિયા ચુકવવા છતા મકાન નથી સોંપાતું, એવામાં સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલો આ ચુકાદો મકાન ખરીદનારા તેમજ આવા પેન્ડિંગ મામલા સાથે જોડાયેલા લોકોને મોટી રાહત આપશે. 2016માં રાષ્ટ્રીય ગ્રાહક કમિશન દ્વારા ગ્રાહકની માગ ફગાવતો જે નિર્ણય લેવાયો તેને સુપ્રીમ કોર્ટે રદ કરી નાખ્યો સાથે જ એવી સ્પષ્ટતા કરી હતી કે જો કોઈ મકાન ખરીદનારને મકાન મળવામાં મોડું થયું હોય તો તે પઝેશન લીધા બાદ પણ બિલ્ડર પાસેથી વળતરની માગણી કરી શકે છે. આ તેનો અધિકાર છે. માત્ર ચાવી મળી જવા માત્રથી ગ્રાહકોનો વળતર મેળવવાનો કાયદાકીય અધિકાર ખતમ નથી થઈ જતો. કોઈ ગ્રાહકે ફ્લેટની ખરીદી કરી હોય અને તેને નક્કી કરાયેલી સમય મર્યાદામાં સોંપવામાં ના આવે બાદમાં મકાન સોંપવામાં આવે તો પછી પણ અગાઉ જે મોડું થયું તેનું વળતર માગવાનો ગ્રાહકને હક છે.આ સમગ્ર મામલો દિલ્હીની એક કોઓપરેટિવ ગુરપ હાઉસિંગ સોસાયટી સાથે જોડાયેલો છે, એક હોમ બયરે વર્ષ 2003માં સોસાયટીનુ સભ્યપદ લીધુ હતું, તેને એક ફ્લેટ આપવામાં આવ્યો હતો. જોકે તેને નક્કી કરાયેલા સમય મુજબ ફ્લેટ નહોતો સોંપવામાં આવ્યો.

## ઉત્તર-પૂર્વ રેલ્વેએ અગરતલા કોચિંગ ડેપો ખાતે 345 kWp ઓન-ગ્રીડ રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ શરૂ કર્યો

માલીગાંવ : ટકાઉ અને ગ્રીન એનર્જી પહેલને પ્રોત્સાહન આપવા તરફના એક મહત્વપૂર્ણ પગલામાં, નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ અગરતલા કોચિંગ ડેપો ખાતે 345 kWp ઓન-ગ્રીડ રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ સફળતાપૂર્વક સ્થાપિત અને કાર્યરત કર્યો છે. આ પ્રોજેક્ટ નવીનીકરણીય ઉર્જાનો ઉપયોગ કરવા અને ઉપલબ્ધ છતની જગ્યાના ઉપયોગને શ્રેષ્ઠ બનાવવા માટે શરૂ કરવામાં આવ્યો હતો, જે ભારતીય રેલ્વેની પર્યાવરણીય સંરક્ષણ અને ઉર્જા કાર્યક્ષમતા પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે સુસંગત છે.સૌર ઉર્જા પ્રણાલી હાલમાં ઈમારતો દ્વારા વપરાશ કરતા વધુ વીજળી ઉત્પન્ન કરી રહી છે, જે સુવિધાને અસરકારક રીતે નેટ-પોઝિટિવ ઉર્જા ઉત્પાદકમાં રૂપાંતરિત કરે છે. દિવસ દરમિયાન ઉત્પન્ન થતી વધારાની વીજળી ગ્રીડમાં પાછી આપવામાં આવી



રહી છે, જેનાથી ગ્રીન ઉર્જા ઉત્પાદનમાં ફાળો મળે છે અને પરંપરાગત ઉર્જા સ્ત્રોતો પર નિર્ભરતા ઓછી થાય છે. આ પહેલથી ઉર્જા ખર્ચમાં નોંધપાત્ર બચત થવાની અને પીક ડિમાન્ડ સમયગાળા દરમિયાન વીજળી પર નિર્ભરતા ઘટાડવાની અપેક્ષા છે. પરંપરાગત સ્ત્રોતોમાંથી વીજળીનો વપરાશ ઘટાડવા ઉપરાંત, આ પ્રોજેક્ટ કાર્બન ઉત્સર્જન અને એકંદર કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવામાં પણ મદદ કરશે.૩૪૫ kWp ઓન-ગ્રીડ રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના NFRના સ્વચ્છ ઉર્જા ઉકેલો અપનાવવા અને પર્યાવરણને અનુકૂળ માળખાગત સુવિધાઓ વિકસાવવાના ચાલુ પ્રયાસોનો એક ભાગ છે. આવી પહેલ દ્વારા, NFR ટકાઉપણું વધારવા, ઉર્જા કાર્યક્ષમતા વધારવા અને હરિયાળા અને સ્વચ્છ ભવિષ્યને પ્રાપ્ત કરવાના રાષ્ટ્રીય ધ્યેયમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે.

### પરિવારની ખુશીઓ ક્ષણવારમાં ઉજડી ગઈ

## મહારાષ્ટ્ર: તેજ રફતાર કાર ટ્રક પાછળ ઘૂસી જતાં એક જ પરિવારના 5 સભ્યો કાળનો કોળિયો બન્યા

મહારાષ્ટ્ર: મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં સમૃદ્ધિ હાઈવે પર કાર અને કન્ટેનગર વચ્ચે ભયાનક અકસ્માત થયો છે. રસ્તા પર ઉભેલી કન્ટેનગર પાછળ ફુલ સ્પીડે આવી રહેલી કાર ઘૂસી જતાં એક જ પરિવારના પાંચ લોકોના મોત થયા છે. રિપોર્ટ મુજબ હાઈવે પર કન્ટેનગર કિનારા પર ઉભું હતું. આ દરમિયાન પાછળથી કારે ભયંકર ટક્કર મારતા કારનો ખુરદો બોલાઈ ગયો છે.પ્રાથમિક તપાસ મુજબ, તમામ મૃતકો ચંદ્રપુર જિલ્લાના રહેવાસી હતા અને તેઓ પારિવારિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે અકોલા જઈ રહ્યા હતા. અકસ્માતમાં આખા પરિવારની ખુશીઓ ક્ષણવારમાં ઉજડી ગઈ છે. મૃતકોમાં ભાસ્કર જીવને (57 વર્ષ), મહાદેવ જીવને (42 વર્ષ), આરતી જીવને (40 વર્ષ), લતા જીવને (43 વર્ષ) અને કૃષ્ણા જીવને (12 વર્ષ) સામેલ છે.ઘટનાને નજરે જોનારાઓએ કહ્યું કે, પુરઝડપે દોડી રહેલી કાર કન્ટેનરની પાછળ ભયંકર




રીતે ટકરાઈ ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, કાર સંપૂર્ણ ક્ષતિગ્રસ્ત થઈ ગઈ છે, જેમાં કોઈની બચવાની સંભાવન ન હતી. ઘટનની જાણ થતાં પોલીસની ટીમ તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢીને હોસ્પિટલ લઈ જવાયા હતા, જોકે ડૉક્ટરોએ પાંચેયને મૃત જાહેર કર્યા હતા.

## કૈલાશ માનસરોવર યાત્રામાં ક્યારેય ન કરતાં આ ભૂલ! 52 શ્રદ્ધાળુ નેપાળમાં ફસાયા, એડવાઈઝરી જાહેર

(એજન્સી) નવી દિલ્હી | તા 28

ખાનગી ટૂર ઓપરેટરો દ્વારા કૈલાશ માનસરોવર યાત્રા પર જઈ રહેલા ભારતીય નાગરિકો માટે વિદેશ મંત્રાલય (MEA) એ શનિવારે એક અત્યંત મહત્વની એડવાઈઝરી જાહેર કરી છે. મંત્રાલયે જણાવ્યું છે કે પ્રાઈવેટ ટૂર ઓપરેટરો દ્વારા ચીનના જરૂરી એન્ટ્રી પરમિટ અને વિઝા મેળવ્યા વિના જ યાત્રા પર નીકળેલા અનેક ભારતીય નાગરિકો હાલ નેપાળમાં અટવાયા છે. જેમના તરફથી મદદ માટે વિનંતીઓ મળી રહી છે. હાલ આવા અંદાજે 52 જેટલા ભારતીય શ્રદ્ધાળુઓ નેપાળના કાઠમંડુમાં ફસાયા છે અને



આગળની સુરક્ષિત મુસાફરી માટે ભારત સરકારની તાત્કાલિક સહાયની રાહ જોઈ રહ્યા છે. વિદેશ મંત્રાલયે દેશના નાગરિકોને સ્પષ્ટ સલાહ આપી છે કે જ્યાં સુધી સંપૂર્ણ પ્રવાસ માટેના તમામ જરૂરી પ્રવાસ દસ્તાવેજો (વિઝા અને પરમિટ) હાથમાં ન આવી જાય, ત્યાં સુધી ભારતમાંથી પોતાની યાત્રા શરૂ ન કરવી. અધૂરા દસ્તાવેજો સાથે અથવા વિઝા મળી જશે તેવી આશાએ પ્રવાસ શરૂ કરવાથી અધવચ્ચે અટવાઈ જવાની શક્યતા નોંધપાત્ર રીતે વધી જાય છે. આ ઉપરાંત, મંત્રાલયે શ્રદ્ધાળુઓને ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ જે ટૂર ઓપરેટર સાથે જઈ રહ્યા છે તે સત્તાવાર રીતે રજિસ્ટર્ડ અને પ્રમાણિત છે કે નહીં તેની પણ અગાઉથી ખાતરી કરી લે. નેપાળમાં ફસાયેલા યાત્રિકોનો આ ગંભીર મુદ્દો નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ના સાંસદ સુપ્રિયા સુલેએ શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ઉઠાવ્યો હતો. તેમણે વિદેશ મંત્રાલય અને ભારતીય દૂતાવાસોને તાત્કાલિક દરમિયાનગીરી કરવા વિનંતી કરી હતી. સુલેએ પોતાની પોસ્ટમાં લખ્યું, "કૈલાશ માનસરોવરની યાત્રાએ ગયેલા આશરે 52 ભારતીય નાગરિકો હાલ કાઠમંડુમાં અટવાયા છે અને તેમને તાકીદની મદદની જરૂર છે. હું વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, કાઠમંડુ અને બેઈજિંગ સ્થિત ભારતીય દૂતાવાસોને આ બાબતે યોગ્ય પગલાં ભરીને ભક્તોની સુરક્ષિત આગળની યાત્રા સુનિશ્ચિત કરવા અપીલ કરું છું."

### દક્ષિણના 4 રાજ્યોમાં કોંગ્રેસ, ભાજપ પાસે એકપણ રાજ્ય નહીં

## દક્ષિણ ભારતમાં ભાજપ મુશ્કેલીમાં? કોંગ્રેસે વધારી ચિંતા, 2028ની ચૂંટણી પલટશે આખો ખેલ

(એજન્સી) નવી દિલ્હી | તા 28

આમ તો દેશના અનેક રાજ્યોમાં ભાજપે મજબૂત પક્કડ જમાવી દીધી છે અને કોંગ્રેસ એક પછી એક રાજ્યો ગુમાવી રહી છે. પરંતુ ભાજપ માટે સૌથી મોટી સમસ્યા દક્ષિણ ભારત સાબિત થઈ રહ્યું છે, જ્યાં પાર્ટી નબળી પડી રહી છે અને તેની કટ્ટર વિરોધી કોંગ્રેસ મજબૂત થઈ રહી છે. દક્ષિણ ભારતમાં અત્યાર સુધી એકમાત્ર કર્ણાટક રાજ્યમાં જ ભાજપ મજબૂત સ્થિતિમાં રહ્યું છે, જોકે ત્યાં પણ હાલ પાર્ટી આંતરિક જૂથબંધી અને સમસ્યાઓનો સામનો કરી રહી છે. આ તમામ બાબતો વચ્ચે તેલંગાણા અને કર્ણાટકમાં આગામી વિધાનસભા ચૂંટણી ભાજપ માટે ખૂબ મહત્ત્વની સાબિત થઈ શકે છે. ભાજપે દેશના અન્ય ભાગોમાં કોંગ્રેસને નબળી પાડીને પોતાની સ્થિતિ મજબૂત કરી દીધી છે, પરંતુ દક્ષિણ ભારતનો રાજકીય ઘટનાક્રમ તેના માટે ગંભીર ચિંતા અને મંથનનો વિષય છે. વાસ્તવમાં કોંગ્રેસ જ્યારે પણ નબળી પડે છે ત્યારે તેને દક્ષિણ ભારતમાંથી નવું જીવન (સંજીવની) મળતું રહ્યું છે. દક્ષિણ ભારતના પાંચ રાજ્યોમાંથી ચારમાં કોંગ્રેસ સત્તા પર છે. કેરળ, તેલંગાણા અને કર્ણાટકમાં કોંગ્રેસના મુખ્યમંત્રી છે, જ્યારે તમિલનાડુમાં તે ડીએમકે (DMK) ગઠબંધન સરકારમાં સામેલ છે. બીજી તરફ, ભાજપ પાસે દક્ષિણના એકપણ રાજ્યમાં પોતાના દમ પર સરકાર નથી. તે માત્ર આંધ્રપ્રદેશમાં તેલુગુદેશમ પાર્ટી (TDP) સાથે ગઠબંધન સરકારમાં ભાગીદાર છે. આ ઉપરાંત બે કેન્દ્રશાસિત પ્રદેશો પુડુચેરી અને લક્ષદ્વીપમાં પણ ભાજપ ગઠબંધન સરકારમાં છે. જો લોકસભાના આંકડા જોઈએ તો દક્ષિણ ભારતની કુલ 131 બેઠકોમાંથી ભાજપ પાસે માત્ર 29 બેઠકો છે.

ભાજપનો પ્રયાસ 2028માં તેલંગાણા અને કર્ણાટક વિધાનસભા ચૂંટણી જીતીને 2029ની લોકસભા ચૂંટણી માટે દક્ષિણ ભારતમાં પોતાની સ્થિતિ મજબૂત કરવાનો અને આગળ વધતી કોંગ્રેસને રોકવાનો છે. બીજી તરફ કોંગ્રેસ પણ પોતાના આ મજબૂત ગઢને બચાવવામાં જોતરાઈ ગઈ છે. અગાઉનો ઈતિહાસ જોઈએ તો કોંગ્રેસને દક્ષિણ ભારતમાંથી હંમેશા મજબૂતી મળતી રહી છે, જેણે અનેક પ્રસંગોએ તેના માટે સંજીવનીનું કામ કર્યું છે. ભાજપની મોટી સમસ્યા એ છે કે તે તમિલનાડુ અને કેરળમાં આગળ વધી શકતી નથી અને આંધ્રપ્રદેશમાં તે પ્રાદેશિક પક્ષના સહારે છે. વર્ષ 1977માં જ્યારે દેશના મોટાભાગના રાજ્યોમાં કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા હતા અને ખુદ તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી ચૂંટણી હારી ગયા હતા,

### ભારતમાં ઋતુ ચક્ર ખોરવાયું

## 17 વર્ષનો રેકોર્ડ તૂટ્યો, ગુજરાત સહિત 27 રાજ્યો પ્રભાવિત, 315 જિલ્લા રેડઝોનમાં

(એજન્સી) નવી દિલ્હી | તા 28

ભારતમાં ચાલુ વર્ષે ઉનાળુ ચોમાસાની શરૂઆત છેલ્લા દોઢ દાયકામાં સૌથી નબળી રહી છે. જેણે દેશના કૃષિ ક્ષેત્ર અને વહીવટીતંત્રની ચિંતામાં મોટો વધારો કર્યો છે. જૂન મહિનામાં સમગ્ર દેશમાં સરેરાશ કરતાં 42 ટકા ઓછો વરસાદ નોંધાયો છે. જેના કારણે દેશનો 76 ટકા હિસ્સો હાલ વરસાદની ભારે અછતનો સામનો કરી રહ્યો છે. હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, પ્રશાંત મહાસાગરમાં સક્રિય થયેલી 'અલ નીનો'ની પ્રતિકૂળ અસરોને કારણે આગામી જુલાઈ મહિનો પણ સામાન્ય કરતાં વધુ સૂકો રહેવાની સંભાવના છે.

સમગ્ર દેશમાં પીવાના પાણી અને સિંચાઈ માટે મોનિટર કરવામાં આવતા 166 મુખ્ય જળાશયોમાં પાણીનું સ્તર ચિંતાજનક રીતે ઘટી ગયું છે. 25 જૂનની સ્થિતિએ આ ડેમોમાં તેમની કુલ સંગ્રહ ક્ષમતાના માત્ર 26 ટકા (આશરે 48 અબજ ક્યુબિક મીટર) જ લાઈવ સ્ટોરેજ બચ્યું છે. પાણીની સપાટી



ઘટીને ઈન્દિરા સાગરમાં 14 ટકા, નાગાર્જુન સાગરમાં 5 ટકા અને તેહરી ડેમમાં માત્ર 2 ટકા સુધી પહોંચી ગઈ છે, જે આગામી સમયમાં જળસંકટ ઊભું થવાના સ્પષ્ટ સંકેતો આપે છે.હવામાન ભૌતિકશાસ્ત્રી અને પૂર્વ કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન સચિવ માધવન રાજીવનના જણાવ્યા અનુસાર, ચાલુ ચોમાસાની આ સ્થિતિ વર્ષ 2009 ના ભયાનક દુષ્કાળ જેવા લક્ષણો દર્શાવી રહી છે. તે વર્ષે પણ જૂનમાં 47 ટકા ઓછો વરસાદ પડ્યો હતો અને આખું ચોમાસું 22 ટકા નીચું રહ્યું હતું. આ વર્ષે પણ જૂન મહિનામાં બંગાળની ખાડીમાં એક પણ લો-પ્રેશર સિસ્ટમ સક્રિય થઈ નથી, જે સામાન્ય રીતે મધ્ય અને ઉત્તર ભારતમાં વ્યાપક વરસાદ લાવવા માટે ટ્રિગરનું કામ કરે છે. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશ સહિત દેશના 27 રાજ્યો હાલમાં વરસાદની અછતનો સામનો કરી રહ્યા છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલય અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR) દ્વારા દેશના 315 જિલ્લાઓને અત્યંત સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં 111 એવા હાઈ-પ્રાયોરિટી જિલ્લાઓ છે. જ્યાં સિંચાઈ કવરેજ 25 ટકાથી પણ ઓછું છે. સરકારે રાજ્ય સરકારોને અપીલ કરી છે કે તેઓ ખેડૂતોને ઓછું પાણી માંગતા અને ટૂંકા ગાળાના વૈવિધ્યસભર પાક ઉગાડવા માટે પ્રોત્સાહિત કરે અને પીવાના પાણીના પુરવઠાને પ્રાથમિકતા આપે. જો કે, સરકારે આશ્વાસન આપ્યું છે કે દેશમાં ઘઉં અને ચોખાના બફર સ્ટોક પૂરતા પ્રમાણમાં હોવાથી ખાદ્ય સુરક્ષા પર કોઈ તાત્કાલિક ખતરો નથી.


SINCE 1991 AHMEDABAD
VACHHANI® FurniturE
અમદાવાદ નો વિશાળ ફર્નિચર મોલ
તહેવારોમાં કરો તૈયારી...
ફર્નિચર જોઇને જ કહેશો...
પૈસા વસુલ છે...
30% સુધી ડિસ્કાઉન્ટ
સર્વોતમ ગુણવતા, સર્વશ્રેષ્ઠ ડીઝાઈનો...
સરળ હપ્તેથી ફર્નિચર વસાવો
kotak
BAJAJ FINSERV
आज़ादी का अमृत महोत्सव
વાછાણી ફર્નિચર પ્રા. લી.
હોમ અને ઓફિસ ફર્નિચરનો વિશાળ શોરૂમ
ફર્નિચર ફેક્ટરી આઉટલેટ
નીલકંઠ એસ્ટેટ, પવીત્ર એન્કલેવ, કટારીયા સર્વિસ સેન્ટર અને એચ.પી. પેટ્રોલ પંપ સામે, ત્રાગડ, ન્યુ ચાંદખેડા, અમદાવાદ.
99135 00221
ફર્નિચર મોલ
૧૩, વિજય શોપીંગ સેન્ટર, વિજય પાર્ક બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે, કૃષ્ણનગર, અમદાવાદ.
079 - 22820659, 99250 00221
ફર્નિચર શોરૂમ
૧૦૧ – સંગાથ શોપીંગ મોલ, એન્જિનીયરીંગ કોલેજની સામે, વીસત ગાંધીનગર હાઈવે, મોટેરા, સાબરમતી, અમદાવાદ.
99098 00221
www.vachhanifurniture.in